ॐ

॥ श्रीमहामंत्रमालिका ॥

(મુમુક્ષુ મનુષ્યોને પરમોપયોગી મહામંત્રોની માળા.)

પ્રણેતા

પૂજ્યપાદ બ્રહ્મનિષ્ઠ મહાત્મા શ્રીમન્મથુરામશર્મા.

બીલખા. કાઠિયાવાડ.

લોકહિતાર્થે પ્રકટ કરનાર

ગોવિંદજી ડાહ્યાભાઈ લાખાણી

પોરબંદર. કાઠિયાવાડ.

અમદાવાદ- પીરમશાહરોડ ઉપર નિર્મળ પ્રિન્ટીંગ પ્રેસમાં

મનુભાઈ ઈશ્વરભાઈ ત્રિવેદીએ છાપ્યું

પ્રત ૧૦૦૦. આવૃત્તિ ૧ લી.

શાકે ૧૮૩૭. સંવત્ ૧૯૭૧. ઈ. સ. ૧૯૧૫.

મૂલ્ય રૂ. ૦-૩-૦

ॐ

No. 463

॥ श्रीम[illegible]मंत्रमालिका ॥

(સુખેચ્છુ મનુષ્યોને પરમોપયોગી મહામંત્રોની માળા.)

પ્રણેતા

પૂજ્યપાદ બ્રહ્મનિષ્ઠ મહાત્મા શ્રીમન્નથુરામશર્મા,

બીલખા. કાઠિયાવાડ.

લોકહિતાર્થે પ્રકટ કરનાર

ગોવિંદજી ડાહ્યાભાઇ લાખાણી.

પોરબંદર. કાઠિયાવાડ.

અમદાવાદ-પીરમશારોડ ઉપર નિર્મળ પ્રિન્ટીંગ પ્રેસમાં
લલ્લુભાઇ ઇશ્વરભાઇ ત્રિવેદીએ છાપ્યું.

પ્રતિ ૧૦૦૦. આવૃત્તિ ૧ લી.

શાકે ૧૮૩૭. સંવત્ ૧૯૭૧. ઇ. સ. ૧૯૧૫.

મૂલ્ય રૂ. ૦-૩-૦

પ્રસ્તાવના.

અંતઃકરણના જે જે આકારો થાય છે તે તે આકારો અજ્ઞાનકાલે જીવાત્મા પોતાના માને છે. સત્ત્વાદિ ત્રણ ગુણોમાંના કોઇ એક ગુણના વધારાથી અથવા બહારના અનુકૂલ વા પ્રતિકૂલ માનેલા પ્રસંગોની પ્રાપ્તિ થવાથી અંતઃકરણ પોતાના આકારો બદલ્યા કરે છે. અંતઃકરણ જ્યારે સત્ત્વગુણના વધારાવાળું હોય ત્યારે તે વૈરાગ્ય, ઔદાર્ય, ક્ષમા, દયા, શાંતિ, પ્રસન્નતા ને સુખાદિને આકારે થાય છે, ને અજ્ઞાનથી જીવાત્મા તે આકારોને પોતાના માને છે; અંતઃકરણ જ્યારે રજોગુણના વધારાવાળું થાય છે ત્યારે તે કામ, ક્રોધ, તૃષ્ણા, મદ, મત્સર, ચંચલતા, ક્રૂરતા ને દુઃખાદિને આકારે થાય છે, ને અજ્ઞાનથી જીવાત્મા તે આકારોને પોતાના માને છે; અને અંતઃકરણ જ્યારે તમોગુણના વધારાવાળું થાય છે ત્યારે તે મૂઢતા, જડતા, કૃપણતા, આલસ્ય, પ્રમાદ, દીર્ઘસૂત્રતા, અવ્યવસ્થા, ભય ને ખેદાદિને આકારે થાય છે, ને અજ્ઞાનથી જીવાત્મા તે આકારોને પોતાના માને છે. જ્યારે અનુકૂલ મનાતા પ્રાણિપદાર્થોની પ્રાપ્તિથી અંતઃકરણ સુખાકાર થાય છે ત્યારે જીવાત્મા પોતાને સુખી થયેલો માને છે, અને જ્યારે પ્રતિકૂલ મનાતા પ્રાણિપદાર્થોની પ્રાપ્તિથી અંતઃકરણ દુઃખાકાર થાય છે ત્યારે જીવાત્મા પોતાને દુઃખી થયેલો માને છે. આવી રીતે જીવાત્મા અંતઃકરણના સર્વ આકારોને અજ્ઞાનકાલે પોતાના માની લે છે.

જીવાત્મા અંતઃકરણરૂપ નથી, પણ અંતઃકરણથી ભિન્ન છે. જીવાત્માનું વાસ્તવિક સ્વરૂપ શુદ્ધાત્મા છે. તે સચ્ચિદાનંદસ્વરૂપ છે. તેમાં દુઃખનો ગંધ પણ નથી. જીવાત્માને દુઃખ ગમતું નથી, પણ તેને દુઃખરહિત નિત્યસુખ જોઇએ છીએ. જીવાત્મા જો પોતાના શુદ્ધસ્વરૂપને અનુભવે તો તે દુઃખરહિત નિત્ય-સુખને પ્રાપ્ત થાય. પોતાના અંતઃકરણની વિશુદ્ધિ ને એકાગ્રતાવિના જીવાત્મા પોતાના શુદ્ધસ્વરૂપને જાણી શકે નહિ. જે જીવાત્માઓ દુઃખરહિત નિત્યસુખને

અભેદભાવે પામવા ઇચ્છતા હોય તેમણે પોતાના શુદ્ધસ્વરૂપને સંશયવિપર્યયરહિત અનુભવવું જોઇએ. પોતાના આ શુદ્ધસ્વરૂપને સંશયવિપર્યયરહિત ઓળખાવવાના જે જે સાક્ષાત્ વા પરંપરાવડે ઉપાયોરૂપ મહામંત્રો છે તે મહામંત્રોને આ લઘુલેખમાં દર્શાવેલા હોવાથી આ લઘુલેખનું નામ **મહામંત્રમાલિકા** રાખવામાં આવ્યું છે. એના ભિન્ન ભિન્ન મણકામાં જીવોના અભ્યુદયના ઉપાયોનો ને નિઃશ્રેયસના ઉપાયોનો બોધ કરવામાં આવ્યો છે.

જે મનુષ્યને આ **મહામંત્રમાલિકામાંના** જે મણકામાંનો ઉપદેશ ઉપયોગી પ્રતીત થાય તે મણકામાંના ઉપદેશનુ તેણે સારી રીતે વાચનમનન કરવું. ને પોતાના પ્રાપ્તવ્યને પ્રાપ્ત કરવા સર્વદા પ્રયત્નશીલ રહેવું. ઇતિ શં.

॥ ॐ ॥

શ્રીમહામંત્રમાલિકા.

દોહરા.

પરમરમ્ય બ્રહ્મરૂપનુ, થાય જીવને જ્ઞાન;
પરમસુખરૂપ તે બને, ટળે દુઃખ—અજ્ઞાન. ૧
પરમસુખને પામવા, જે જે મુખ્ય ઉપાય;
તે સર્વે દેખાડવા, આ લઘુ લેખ લખાય. ૨
વાંચી વિચારી શુદ્ધ કરે, વર્તન તથા વિચાર;
આ જગમાં સુખીઓ રહી, પામે ભવનો પાર. ૩

૧. **પ્રજ્ઞાપ્રસાદ.** પ્રજ્ઞાપ્રસાદપર ચઢવાથી (પોતાની બુદ્ધિને અત્યંત નિર્મલ કરવાથી) બ્રહ્મજ્ઞાનદ્વારા જીવ કૃતાર્થ થાય છે,—તેના કર્તવ્યનો છેડો આવે છે, એટલે તેનું જન્મમરણ નિવૃત્ત થાય છે, તેનાં ત્રણ પ્રકારનાં દુઃખોની અત્યંતનિવૃત્તિ થાય છે, ને તે પરમાનંદરૂપ થાય છે. જીવને જે મેળવવાનુ છે, તે સર્વ એ સ્થિતિએ તેને પ્રાપ્ત થઇ જાય છે, ને તેને જે જાણવાનું છે તે સર્વ તેના જાણવામાં આવી જાય છે.

૨. **પ્રેય ને શ્રેય.** જીવની આગળ સુખને પામવાના બે માર્ગ પ્રતીત થાય છે, તેમાં એક માર્ગ મનને તથા ઇંદ્રિયોને પ્રિય લાગનારો પણ જીવને આ સંસારમાં ભ્રમણ કરાવી દુઃખોનો અનુભવ કરાવનારો છે, અને બીજો માર્ગ અંતઃકરણને તથા ઇંદ્રિયોને પ્રાયશઃ આરંભમાં નહિ રુચનારો પણ પરિણામે જીવના સંસારનું દુઃખમય ભ્રમણ ટાળનારો ને તેને પરમાનંદે પહોંચાડનારો છે. અવિવેકી જીવો સુખાભાસને સુખ માની બહુ ઉત્સાહથી પ્રથમને

માર્ગે પ્રયાણ કરે છે, અને વિવેકી જીવો બહુ ઉત્સાહથી સત્યસુખમાટે બીજે માર્ગે પ્રયાણ કરે છે.

૩. **કુસ્વભાવનું કારણ ને બલ.** જીવે પૂર્વજન્મોમાં કુવિચાર ને કુકર્મવડે જે બલવાન્ કુસંસ્કારો પાડયા હોય છે તે બલવાન્ કુસંસ્કારોવડે જીવનો વર્તમાનશરીરાદિમાં પ્રતીત થતો કુસ્વભાવ ઉપજે છે. આ કુસ્વભાવ જીવનું બહુ અહિત કરનારો છે. આ કુસ્વભાવને વશ થયેલો જીવ પ્રાપ્ત થતા અમૃતને ઢોળી દઇ વિષ પીવામાં પ્રવૃત્ત થાય છે, ગુરુની યોગ્ય આજ્ઞાનો અનાદર કરી પોતાની ઇચ્છામાં આવે તેમ વર્તે છે, સ્વર્ગ કે મોક્ષની પ્રાપ્તિનાં સાધનોનો પરિત્યાગ કરી નરકની વા અધમ શરીરની પ્રાપ્તિનાં સાધનોનું પ્રીતિપૂર્વક સેવન કરવા લાગે છે, આ લોકમાં સુખ થાય, આરોગ્ય સારું રહે, ને પ્રતિષ્ઠા વધે એવા ઉપાયોનો પરિત્યાગ કરી આ લોકમાં દુઃખ થાય, આરોગ્ય બગડે, ને પ્રતિષ્ઠાનો વિનાશ થાય એવી પ્રવૃત્તિ કરે છે, વિવેક, વિનય ને સંપનો પરિત્યાગ કરી અવિવેક, અવિનય ને કુસંપનું સેવન કરે છે, અને હિતની સામગ્રીનો પરિત્યાગ કરી અહિત કરનારી સામગ્રીનું આદરપૂર્વક સેવન કરવા લાગે છે.

૪. **કુસ્વભાવનું પ્રાબલ્ય.** હે કુસ્વભાવ ! તારું પ્રાબલ્ય બહુ છે. તારો પરાજય કર્યા વિના કોઇ પણ મનુષ્ય કદીપણ શાંત ને સુખી થઇ શકતો નથી. આ પૃથિવીપર જ્યાં ત્યાં તારી હાક વાગી રહી છે. મનુષ્યોનો મોટો ભાગ તારો ગર્ભદાસ થઇ રહ્યો છે. તારે વશ થયેલો મનુષ્ય પોતાની જાતિની અવગણના કરે છે, પોતાનાં માબાપની અવગણના કરે છે, ને પોતાના ગુરુની પણ અવગણના કરે છે. જેઓ તનેજ પરમપ્રિય ગણી તારેજ વશ વર્તે છે તેઓ પરમાત્માને ક્યાંથી પરમપ્રિય ગણી શકે ? ને તેમની આજ્ઞાને વશ પણ શી રીતે વર્તી શકે ? તથા એવા મનુષ્યો પોતાનું કલ્યાણ પણ શી રીતે પ્રાપ્ત કરી શકે ?

૫. **કુસ્વભાવના પરિત્યાગની અગત્ય.** કોઇ મનુષ્ય બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતો હોય, કોઈ મનુષ્ય યોગને સિદ્ધ કરવા પ્રયત્ન કરતો હોય,

કોઇ મનુષ્ય પરમાત્માની અનન્યભક્તિ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતો હોય, કોઇ મનુષ્ય નિષ્કામકર્મવડે પોતાના ચિત્તને શુદ્ધ કરવા પ્રયત્ન કરતો હોય, કોઇ મનુષ્ય કીર્તિ મેળવવા પ્રયત્ન કરતો હોય, ને કોઇ મનુષ્ય દ્રવ્ય મેળવવા પ્રયત્ન કરતો હોય, પણ તે મનુષ્ય જ્યાંસુધી પોતાના કુસ્વભાવનો પરિત્યાગ કરતો નથી ત્યાંસુધી તે પોતાના પ્રિય પદાર્થની પ્રાપ્તિ કરવા ભાગ્યશાલી થઇ શકતો નથી.

૬. આસુરીસંપત્તિઓ. મોક્ષમંદિરમાં પ્રવેશ કરવા ઇચ્છનાર મનુષ્યને મંદિરના બહારના દ્વારની સમીપ રહેલા વિવિધ આસુરીસંપત્તિઓ રોકે છે. કોઇને આળસ, કોઇને પ્રમાદ, કોઇને દીર્ઘસૂત્રતા, કોઇને અવ્યવસ્થા, કોઇને વિવેકહીનતા, કોઇને જડતા, કોઇને અતિનિદ્રા, કોઇને અત્યાહાર, કોઇને ભય, કોઇને શોક, કોઇને કામ, કોઇને ક્રોધ, કોઇને લોભ, કોઇને અભિમાન, કોઇને દંભ, કોઇને દર્પ, ને કોઇને ઈર્ષ્યા મોક્ષમંદિરમાં પ્રવેશ કરતાં અટકાવે છે.

૭. ઇંદ્રિયોના બાહ્યવેગો. ઇંદ્રિયોને પોતપોતાના અનુકૂલ વિષયોમાં રાગ ને પ્રતિકૂલ વિષયોમાં દ્વેષ રહેલો છે. આ રાગદ્વેષને વશ વર્તતી ઇંદ્રિયો જીવના અંતઃકરણને બહિર્મુખ એટલે બહારના વિષયોભણી વેગવાળું રાખે છે. બહારના વિષયોભણી વેગવાળું રહેલું જીવનું અંતઃકરણ પોતાની પછવાડે એટલે પોતાના વિવર્તોપાદાનકારણરૂપે રહેલા આત્માનો સાક્ષાત્કાર કરવા સમર્થ થઈ શકતું નથી કોઇ ભાગ્યશાલી મુમુક્ષુ વિવેકવડે ને પરમધૈર્યવડે પોતાની ઇંદ્રિયોના પોતપોતાના વિષયોભણીના રાગદ્વેષને પરમશાંત કરી પોતાના અંતઃકરણને અંતર્મુખ કરે છે, ને આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરી કૃતાર્થ થાય છે.

૮. બાહ્યવિષયો. દ્રવ્ય મનુષ્યના જીવની સાથે પરલોકમાં જવાનું નથી, ઉંચાં ને સગવડવાળાં ઘરો, વિવિધ વાહનો, નાનાપ્રકારનાં સુંદર વસ્ત્રો, નાનાપ્રકારનાં ઘરેણાં, વિવિધ અન્ન, શાક ને ફલો, પશુઓ ને સગાંવહાલાં પણ જીવની સાથે પરલોકમાં જવાનાં નથી, છતાં બહારના પ્રાણિપદાર્થોની વાસનાને વશ થયેલા જીવો તેની પ્રાપ્તિ ને રક્ષણમાંજ પોતાનો સમય વ્યતીત

કર્યા કરે છે, ને પોતાના આત્માનો ઉદ્ધાર કરવામાટે કાંઇ પણ પ્રયત્ન કરતા નથી એ બહુ ખેદની વાત છે. જે જીવ દુઃખરહિત પરમાનંદને પ્રાપ્ત કરવા ઇચ્છતો હોય તેણે માયાની આ મોહિનીને વશ ન થવું જોઇએ.

૯. તમોગુણીની ને રજોગુણીની સ્થિતિ. તમોગુણને વશ વર્તનારા મનુષ્યો અર્ધમૂર્છિત મનુષ્યના જેવા જણાય છે. તેઓ પોતાના સદ્‌ગુરુની આજ્ઞાનું યથાયોગ્ય તાત્પર્ય સમજતા નથી, તેઓશ્રીની આજ્ઞાનું વિવેક ને આદરથી પાલન કરતા નથી, પોતાના સામર્થ્યનો તથા લાભાલાભનો વિચાર કર્યા વિના વ્યવહારના તથા પરમાર્થના કામમાં પ્રવૃત્તિ કરે છે, આળસ, પ્રમાદ, દીર્ઘસૂત્રતા, અવ્યવસ્થા, મૂઢતા, અતિનિદ્રા, અત્યાહાર ને જડતા ત્યજતા નથી, ને નિરર્થક મનોરાજ્યો કરી અયોગ્ય પ્રવૃત્તિવડે દુઃખી થઇ સદા અસંતોષ સેવ્યા કરે છે. રજોગુણને વશ વર્તનારા મનુષ્યો અર્ધસંનિપાતને પામેલા મનુષ્યના જેવા જણાય છે. તેઓ સદ્‌ગુરુની આજ્ઞાને સાંભળતાં છતાં પણ જાણે ન સાંભળતા હોય એવા જણાય છે, તેઓ સદ્‌ગુરુની આજ્ઞાને માનવી જોઇએ એમ જાણતાં છતાં તેમની આજ્ઞાનું પરિપાલન કરતા હોય એમ જણાતું નથી, તેઓ સત્ય વાત સમજ્યા વિના જેના તેના ઉપર નકામી રીસ કર્યા કરે છે, તેઓ વ્યવહારપરમાર્થનું પ્રત્યેક કામ વ્યાકુલતાપૂર્વક કરે છે, અર્થાત્ તેની પ્રત્યેક પ્રવૃત્તિ ભૂત વળગેલા માણસના જેવી વા અર્ધા ગાંડા માણસના જેવી હોય છે.

૧૦. સ્નાન. પવિત્ર ભૂમિપર પવિત્ર પાટલા આદિપર બેસી, તથા શુદ્ધ ને મર્યાદા જળવાય એવું વસ્ત્ર પહેરી, પોતાના સ્થૂલશરીરને પવિત્ર જલથી પ્રસન્ન મને સ્નાન કરાવવું. સ્થૂલશરીરપરનો સર્વ મલ દૂર થઈ જાય એમ સ્નાન કરવું જોઇએ. આ સ્થૂલ જલમાં રહેલા ચેતનરૂપ સૂક્ષ્મ જલવડે હું મારા સૂક્ષ્મશરીરમાં એટલે અંતઃકરણ, પ્રાણ ને ઇંદ્રિયોમાં રહેલી સર્વ અશુદ્ધિને દૂર કરૂં છું એવી ભાવના સ્નાન કરનારે સ્નાનકાલે કરવી જોઇએ. મારા આ સ્નાનવડે મારા કારણશરીરમાં જે દુઃખોનાં બીજો રહેલાં હોય તે

સર્વ બીજો મારા આ સ્નાનવડે દૂર થઈ જાઓ એવી ભાવના પણ સ્નાન કરનારે સ્નાનકાલે કરવી જોઇએ. શીતલ જલના સ્નાનવડે સ્નાન કરનાર મનુષ્યનું સ્થૂલશરીર જેમ શીતલતાનો અનુભવ કરે છે, ને તે શીતલતાવડે જેમ તેનું સ્થૂલશરીરસાથે સંબંધ રાખનારુ અતઃકરણ પ્રસન્નતાનો અનુભવ કરે છે, તેમ સૂક્ષ્મશરીરે શીતલતાનો (શાંતિનો) તથા તજ્જન્ય પ્રસન્નતાનો અનુભવ કરવો જોઇએ. પરમાનંદરૂપ મહાસાગરમાં પોતાના મનોરૂપ મીનને સતત સ્નાન કરવાનો સ્વભાવ પાડવાથી તે મનોરૂપ મીનને જે નિરવધિ શાંતિ, નિરવધિ સુખ, ને નિરવધિ તૃપ્તિ થાય છે, તે વાણીવડે કહીને અન્યને સમજાવી શકાતી નથી, જેને તે અનુભવાય છે તેનેજ તે સમજાય છે. સર્વ મનુષ્યોએ આવી રીતનું સ્નાન કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. જો સર્વ મનુષ્યો આવી રીતે સ્નાન કરતાં શીખે તો તેઓ આ પૃથિવીપર રહ્યા છતા દેવથી પણ વધારે યોગ્યતાવાળા ને વધારે સુખી ગણાય

૧૧. સંધ્યા. મનુષ્યે સવારે, બપોરે ને સાંજે બ્રહ્મમાં પોતાના જીવાત્માને અભેદભાવે જોડવારૂપ સંધ્યા કરવી જોઇએ. વિષયોની તૃષ્ણા ત્યજી, નિદ્રાથી પોતાના મનને મોકળું રાખી, જગતમાંના પ્રાણિપદાર્થોના કરતાં પોતાના સ્વરૂપથી અભિન્ન બ્રહ્મમાં વધારે પ્રીતિ રાખી, પોતાના અંતઃકરણને વધારે સાવધાન, વધારે એકાગ્ર, જડતારહિત ને બ્રહ્મમાં ગળેલું રાખી સંધ્યા કરવાની છે. આવી સંધ્યાના અનુષ્ઠાનના પ્રતાપથી જીવનો જીવભાવ શમે છે, અને જીવભાવના શમવાથી જીવભાવને લઇને ઉત્પન્ન થતાં સર્વ દુઃખોનુ શમન થઇ જીવ શિવ થઈ કૃતાર્થ થાય છે. શ્રદ્ધા તથા આદરવિના કરેલુ લૌકિકકર્મ પણ જ્યારે યોગ્ય ફલ ઉપજાવવા સમર્થ થતું નથી, ત્યારે શ્રદ્ધા તથા આદરવિના કરેલી સંધ્યા પણ યોગ્ય ફલ કેવી રીતે ઉપજાવી શકે ? નજ ઉપજાવી શકે. સંધ્યાવડે પોતાના કલ્પિત રૂપને દૂર કરી પોતાના અકલ્પિત રૂપની જગતના અકલ્પિત રૂપની સાથે એકતા કરવાની છે.

૧૨. જપ. સંસારનાં દુઃખોથી ભય પામેલી ને પરમાત્મામાં પરમાનુ-

રાગવાળી થયેલી અંતઃકરણની વૃત્તિ સાંસારિક વિષયોનો જપ કરવાનું કામ મૂકી દઇ આચાર્યોપદિષ્ટ પરમાત્માના નામનો વા પરમાત્માની સાથે નમસ્કારવડે વા સ્વરૂપનિરૂપણવડે સંબંધ રાખનારા શબ્દોનો વૈખરી, મધ્યમા, પશ્યંતી ને પરાવડે સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ ઉચ્ચાર ઉંઘ તથા બીજા વિચારોના પરિત્યાગપૂર્વક વારંવાર આદરપૂર્વક કર્યા કરે તે જપ કહેવાય છે. પાંચ ઘડીસુધી સ્થૂલજપથી (વૈખરીવડે થતા જપથી) અંતઃકરણમાંના સંસ્કારોવડે ઊઠતાં અન્ય સ્ફુરણો બંધ થઇ વાણીમાં એક જપરૂપ શબ્દનો પ્રવાહજ તેટલો સમય ચાલ્યા કરે છે. અભ્યાસથી બીજી વેલા પણ જપ કરનારને એવો અનુભવ થાય છે. કયારેક ક્યારેક પ્રેમની વૃદ્ધિવડે તેના શરીર-પરનાં રૂંવાડાં ઊભાં થઈ જાય છે, તેનાં નેત્રોમાંથી અશ્રુનો પ્રવાહ નીકળવા માંડે છે, ને તેના કંઠમાં કફની વૃદ્ધિ થવાથી તેનું ગળું રુંધાઈ જાય છે. કોઈ વેલા તેનું શરીર ને મન સ્તબ્ધ થઈ જાય છે, ઘણી વાર તેનું મન ને શરીર સત્ત્વગુણની વૃદ્ધિવડે હલકાં થઈ ગયેલાં પ્રતીત થાય છે, કેટલીક વાર તેનું મન આનંદથી ભરાઇ ગયેલું પ્રતીત થાય છે, અને કેટલીક વાર તેના મનમાં ઉત્તમપ્રકારના વિચારોની ધારાનો પ્રવાહ વહેતો જણાય છે. મધ્યમાવાણીમાં લાગઠ પાંચ ઘડી ચલાવવામાં આવતા સૂક્ષ્મજપવડે જપ કરનારના ગળામાં એક જાતનો કોમલ ને આનંદ આપનારો સ્પર્શ અનુભવાય છે, તેનું અંતર્મુખ થયેલું મન આનંદ ને પ્રકાશનો અનુભવ કરવા લાગે છે, તેનું સ્થૂલશરીર હલકું થયેલું તથા તેની આસપાસના પ્રકાશ ને આનંદમાં જાણે ગળવા લાગતું હોય-જાણે તેમાં ભળી જતું હોય-એમ તેને જણાય છે, અને પોતાના મનુષ્યભાવનું તથા પોતાના મનની સંસારની તૃષ્ણાઓનું શમન થતું તેને અનુભવાય છે. હૃત્પદ્મમાં પશ્યંતીવાણીવડે સ્ફુરતા જપને સૂક્ષ્મતર જપ કહેવામાં આવે છે. આ સૂક્ષ્મતર જપનું અનુષ્ઠાન પાંચ ઘડી-સુધી ચાલવાથી તે જપ કરનારાના મનમાં આનંદ ને પ્રકાશનું વધારે ભાન થવા લાગે છે, તેને બહારના સ્થૂલવિષયોનું તુચ્છપણું સ્પષ્ટ જણાવા લાગે છે, ચાલતા જપમાંથી તેના મનને વિરામ પામવાની ઇચ્છા થતી નથી,

શરીરનું ને જગતનું કોઈ કોઈ વાર કેટલાક સમયસુધી તેને વિસ્મરણ થઈ ગયેલું જણાય છે, ઇંદ્રિયો, પ્રાણ ને મનના બાહ્યવેગો દૂર થઈ તે સર્વના પ્રવાહો હૃદયભણી પાછા વળેલા તેને જણાવા લાગે છે, અને બ્રહ્મરંધ્રમાંથી ટપકવા લાગેલા નિરુપમ અમૃતના પાનથી ક્ષુધાતૃષાની પીડા આગળની પેઠે અનુભવાતી નથી. મંત્રના લક્ષ્યાર્થવિષે પરાવાણી અંતઃકરણસાથે નાભિમાં કે બ્રહ્મરંધ્રમાં વિરામ પામવા પ્રયત્ન કરે તે સૂક્ષ્મતમ જપ કહેવાય છે. આ જપના અનુષ્ઠાનથી પ્રાણ ને અપાન એકઠા થઇ મનસાથે સુષુમ્ણામાં પ્રવેશ કરી, આધારાદિ ચક્રોનો ભેદ કરી, બ્રહ્મરંધ્રમાં જાય છે, ને ત્યાં જપના અભ્યાસના પ્રમાણમાં તે વિરામ પામે છે. વિવેકી સાધકે કોઇ પણ વાણીવડે જપ સ્વાભાવિકરીતે થયા કરે એવો અભ્યાસ પાડવો જોઇએ. સ્વાભાવિક પ્રભુસ્મરણરૂપ જપનું પરિણામ અંત.કરણની પવિત્રતા ને એકાગ્રતાદ્વારા તત્ત્વસાક્ષાત્કારસુધી થાય છે.

૧૩. હોમ. હૃદયમાં રહેલા પરમાત્માને અગ્નિ કલ્પી તેમાં અંતઃકરણમાંથી ઊઠતી રાગદ્વેષાદિયુક્ત વૃત્તિઓને હવિષ્‌ની આહુતિઓ સમજી હોમ્યા કરવી તે મુખ્ય હોમ ગણાય છે. દૃશ્યને વિષય કરનારી અંતઃકરણની વૃત્તિઓરૂપ હવિષ્‌નો આવી રીતે પરમાત્મરૂપ અગ્નિમાં હોમ કર્યા કરવાથી અંતઃકરણની એકાગ્રતાની ઉત્તરોત્તર વૃદ્ધિ થઇ તે નિરોધદશાને પામે છે. આવા પ્રયત્નથી મનુષ્ય બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિદ્વારા જીવન્મુક્તિનો વિલક્ષણ આનંદ અનુભવવા ભાગ્યશાલી થાય છે. બહારના લૌકિક, તાંત્રિક, સ્માર્ત ને શ્રૌત હોમના કરતાં આ હોમ વધારે શ્રેષ્ઠ છે એ વિવેકી પુરુષોને વિનાકહેજ સમજાય એવું છે.

૧૪. સ્વાધ્યાય. પ્રથમ સર્વ દૃશ્યથી વૈખરીવાણીને રહિત કરવી, પછી વૈખરીવાણીથી મધ્યમાવાણીને પૃથક્ કરવી, પશ્ચાત્ મધ્યમાવાણીથી પશ્યંતીવાણીને પૃથક્ કરવી, ત્યારપછી પશ્યંતીવાણીથી પરાવાણીને પૃથક્ કરવી, અને અંતે પરાવાણીને આત્મસ્વરૂપમાં શાંત કરવી, આ ઉત્તમ સ્વાધ્યાય છે.

અન્ય લોકપ્રસિદ્ધ સ્વાધ્યાય આ સ્વાધ્યાયને પ્રાપ્ત કરવામાટે છે. મુમુક્ષુએ મોક્ષલાભમાટે આ સ્વાધ્યાયમાં આદર રાખવો ઉચિત છે.

૧૫. દેવપૂજન. પૂજ્યનું શુદ્ધભાવથી વિધિપૂર્વક પૂજન કરનાર પૂજ્યભાવને (પૂજ્યના સ્વરૂપને) પ્રાપ્ત થાય છે. આત્મા વા બ્રહ્મજ પરમપૂજ્ય વા મુખ્યદેવ ગણાય છે. એ આત્માને વા બ્રહ્મને મુમુક્ષુએ પવિત્ર ને એકાગ્ર અંતઃકરણવડે જાણી તેનું અભેદભાવે પૂજન કરવું જોઇએ. એ આત્માનો વા બ્રહ્મના સ્વરૂપનો અનુભવ કરાવનારા સદ્‌ગુરુ પણ બ્રહ્મરૂપ હોવાથી તેઓ પણ પરમપૂજ્ય ગણાય છે. પાંચ દેવોની પ્રતિમાઓ પણ સગુણબ્રહ્મના પ્રતીકરૂપ હોવાથી પરમપૂજ્ય મનાય છે. પૂજન કરનાર પૂજ્યના માહાત્મ્યજ્ઞાનવડે પોતાના પૂજ્યમાં જેટલો જેટલો પ્રેમ વધારતો રહે છે તેટલો તેટલો તેના પૂજ્યનો સ્વભાવ તે પૂજન કરનારના અંતઃકરણાદિમાં પ્રવેશ કરવા માંડે છે. બ્રહ્મસ્વરૂપનું કે સદ્‌ગુરુના સ્વરૂપનું માહાત્મ્ય સમજાવાથી તેમાં વિશુદ્ધ પ્રેમ પ્રકટે છે. તે વિશુદ્ધ પ્રેમ મનુષ્યને તેમની સેવા, પૂજન, સ્મરણ ને ધ્યાનમાં જોડે છે. હૃદયના ઉમળકાથી થતી પૂજ્યની સેવા, હૃદયના ઉમળકાથી થતું તેમનું પૂજન, હૃદયના ઉમળકાથી થતું તેમનું સ્મરણ, ને હૃદયના ઉમળકાથી થતું તેમનું ધ્યાન મનુષ્યનું મનુષ્યપણું વા જીવનો જીવભાવ ટાળી તેના અંતઃકરણમાં બ્રહ્મભાવનો સ્પષ્ટ આવિર્ભાવ કરાવે છે, અને તેનું સર્વ દુઃખ દૂર કરાવી તેને પરમાનંદસ્વરૂપમાં અભેદભાવે સ્થાપે છે. આ લાભ બટકતે મને પરમાત્માની પ્રતિમાનું પૂજન કરવાથી મળતો નથી, પણ પૂજ્યના વાસ્તવિક સ્વરૂપનું અનુસંધાન રાખી, પરમપ્રેમથી, માહાત્મ્યજ્ઞાનપૂર્વક એકાગ્રચિત્તે પૂજ્યનું પૂજન કરવાથી તે લાભ પ્રાપ્ત થાય છે. હે વિવેકી મનુષ્યો! તમે આ મહાપૂજન સત્કારપૂર્વક નિરંતર કરો, ને તેનો શુભ લાભ મેળવો. પૂજ્યના પરમપ્રીતિયુક્ત પૂજનરૂપ રેશમી દોરી પકડી તમે પૂજ્યના પરમરમણીય પ્રાસાદઉપર ઉતાવળે ચઢી જાઓ, ને શીઘ્ર પરમસુખીઆ થાઓ.

૧૬. વૈશ્વદેવ. હે સુખેચ્છુ જનો ! તમે યથાધિકાર વૈશ્વદેવ કરો.

ગૃહસ્થાદિના ઘરમાં જે અન્ન રંધાય છે તે અન્નના ભાગને કીટથી માંડીને દેવસુધીનાં પ્રાણીઓ ઇચ્છે છે. અન્ન સિદ્ધ થયા (પાક્યા) પછી તે અન્નમાંથી દેવથી માંડીને કીટસુધીના ભાગો જેવી રીતે કાઢવામાટે ધર્મશાસ્ત્ર કહે છે તેવી રીતે તે કાઢો. વૈશ્વદેવ કર્યા પછી અવશેષ રહેલું અન્ન અમૃતરૂપ-દોષરહિત–ગણાય છે, ને તેથી તે પોતાનો ઉપભોગ કરનારના અંત:કરણના, ઇંદ્રિયોના ને સ્થૂલશરીરના સાત્ત્વિકબલને વધારે છે, અને તેની બાહ્યસ્થિતિને ઘણે અંશે અનુકૂલ રાખે છે. જેઓ વૈશ્વદેવ કર્યા વિનાનું માત્ર પોતાને માટે રાંધેલું અન્ન જમે છે તેઓ સદોષ અન્નનું ભક્ષણ કરે છે. દેવાદિએ આપેલું અન્ન દેવાદિને આપ્યા પછી જમવાનો નિયમ રાખવાથી મનુષ્ય કૃતજ્ઞ, ઉદાર ને હૃદયની શુદ્ધિવાળો થાય છે. સર્વ પ્રાણીઓપર દયા રાખી ભૂખની પીડા પામતા સર્વ પ્રાણીઓને પોતાને પ્રાપ્ત થયેલા અન્નમાંથી કાંઈ પણ અન્ન આપવું. હે વૈશ્વદેવ કરનારા મનુષ્યો ! તમે તમારા વૈશ્વદેવના અનુષ્ઠાનવડે સર્વત્ર વ્યાપી રહેલા દેવને એટલે સ્વયંપ્રકાશતત્ત્વને અવલોકવા શીખો. આજ વૈશ્વદેવ કરવાનો મુખ્ય લાભ છે.

૧૭. અતિથિસત્કાર. પ્રત્યેક દ્વિજે પોતાને ઘેર આવેલા અતિથિનો, તેને પરમાત્મરૂપ સમજી, પ્રિય વાણી, બેસવાની ભૂમિ, આસન, જલ ને અન્નવડે સત્કાર કરવો જોઇએ. જેની આવવાની તિથિ નક્કી કરાયેલી નથી, જે એક ટંકથી વધારે સમય ગૃહસ્થને ઘેર રહેવાનો નથી, જેને મધ્યાહ્નના સૂર્યે વા અસ્ત પામતા સૂર્યે ગૃહસ્થને ઘેર ભોજનમાટે મોકલેલો છે, અને જે પોતાનો મિત્ર, સંબંધી કે ઓળખીતો નથી, તે અતિથિ કહેવાય છે. અન્નની આશાએ આવેલો કોઈ પણ ક્ષુધાર્ત મનુષ્ય ગૃહસ્થને ઘેરથી કેવલ નિરાશ થઇને પાછો ન જવો જોઇએ. સર્વત્ર બ્રહ્મસ્વરૂપનું દર્શન કરવાની શુભેચ્છા રાખનાર મનુષ્યે સર્વ પ્રાણિપદાર્થપર વિશુદ્ધ પ્રેમ રાખવાનો સ્વભાવ પાડવો જોઇએ. સર્વ પ્રાણિપદાર્થને અનુકૂલ હોય ને તેમનું કે પોતાનું અહિત કરનાર ન હોય એવું વર્તન રાખવાનો સ્વભાવ જેણે પાડ્યો હોય એવો મનુષ્ય સર્વ

પ્રાણિપદાર્થપર વિશુદ્ધ પ્રેમ રાખનાર કહેવાય. આવા સ્વભાવવાળો મનુષ્ય સર્વ અતિથિઓનો પ્રીતિપૂર્વક સત્કાર કરે એમાં કાંઈ આશ્ચર્ય નથી.

૧૮. ઉત્સવ. ધાર્મિક ઉત્સવો સામાન્ય અધિકારવાળા મનુષ્યોના અંતઃકરણમાં ધર્મમાં શ્રદ્ધા ને ધર્મમાં ઉત્સાહ વધારનારા છે. મનુષ્યના ઘણા ભાગને સ્થિત્યંતર વહાલું લાગે છે. અમુક સમયસુધી લગભગ એક ને એક જાતનું ધર્મકર્મ કરવાથી કાંઇક કંટાળી ગયેલા મનુષ્યો વર્ષમાં વચ્ચે વચ્ચે ઉત્સવના દિવસો આવવાથી તે દિવસોમાં પ્રકારાંતરે ધર્મકર્મમાં ભાગ લે છે, મહાપુરુષનાં દર્શન કરે છે, તેમની સેવા કરે છે, તેમનાં ઉપદેશવાક્યોનું શ્રવણ કરે છે, સારા વાતાવરણમાં ફરે છે, સજ્જનોનો સમાગમ કરે છે, નવીનપ્રિય મનને નવીન શુભ કર્મ આપી સંતોષે છે, સજ્જનોના સારા વિચારોના પ્રવાહોવડે અંતઃકરણપર થતી શુભ અસર અનુભવે છે, અને સજ્જનોના સારા આચાર જોઇ તેવા આચારનું સેવન કરવા પોતાના અંતઃકરણને ઉત્સાહવાળું કરે છે. ઉત્સવના દિવસોનો સમય સમીપ આવતાં અધિકારી મનુષ્યના અંતઃકરણમાં આનંદ ને સ્ફૂર્તિનો વેગ પ્રતીત થવા લાગે છે, ઉત્સવના દિવસોમાં તે આનંદ ને સ્ફૂર્તિમાં તેમને વધારો થયેલો અનુભવાય છે, અને ઉત્સવની સમાપ્તિપછીના દિવસોમાં પોતાના અંતઃકરણની ગ્રહણધારણશક્તિના બલના પ્રમાણમાં અંતઃકરણમાં પાડેલા શુભ સંસ્કારો સ્મરણરૂપ પરિણામ પામી તે મનુષ્યને આનંદ ને સ્ફૂર્તિનો અનુભવ કરાવે છે.

૧૯. દેવદર્શન. નવી વિયાયેલી ગાય જેમ દિવસે સીમમાં ચરીને સાંજની વેલાએ પોતાના બચ્ચાને મળવામાટે આતુરતાથી પોતાના સ્વામીના ઘરભણી દોડે છે, લોભી જેમ દ્રવ્ય મળવાના સંભવવાળા સ્થલભણી દ્રવ્ય મેળવવામાટે ઊતાવળી ગતિએ ચાલે છે, રોગી જેમ રોગ મટાડવાના મોટા સામર્થ્યવાળા વૈદ્યના સ્થાનભણી પોતાના રોગનો નાશ કરાવવામાટે આતુરતાપૂર્વક ચાલે છે, જૂગારી જેમ જૂગાર રમવાના સ્થાનભણી જૂગાર રમવા વેગપૂર્વક ચાલે છે, બાલકો ને બાલકોના જેવી બુદ્ધિવાળા મોટા વયના મનુષ્યો

જેમ નટના ખેલ, બાજીગરના તમાસા, ભવાઈ, નાટક કે બીજી મનોરંજક રમતો જોવામાટે આતુરતાને વશ થઈ તે સ્થાનભણી ઊતાવળે ચાલે છે, અને કામી જેમ પોતાની પ્રિયતમાને મળવા તે પ્રિયતમાના સ્થાનભણી આતુરતાથી ઊતાવળે ચાલે છે, તેમ ભક્તે પોતાના હૃદયનાં દુઃખોનું શમન કરવામાટે અને પોતાના અંતઃકરણમાં અલૌકિક આનંદનો આવિર્ભાવ કરવામાટે પોતાના ઇષ્ટદેવનુ દર્શન કરવા પરમપ્રેમથી આતુરતાપૂર્વક ગતિ કરવી જોઇએ. પોતાના પ્રિયતમ પ્રભુનું માહાત્મ્ય સમજનાર પ્રભુપરાયણ અનન્યભક્તનાં નેત્ર ને મન પ્રભુના દર્શનમાટે કેવાં આતુર હોય છે તે અનન્યભક્તજ જાણે છે, અન્યને તે વાત જોઇએ તેવી જાણવામાં આવતી નથી. પ્રભુના ચરણકમલમાં મસ્તક નમાવી જેણે પોતાના મસ્તકઉપરનો સંસારનો ભાર દૂર કરી નાંખ્યો છે, પ્રભુનેજ જે પોતાનુ સર્વસ્વ માને છે, પ્રભુનેજ જે પોતાના વહાલામાં વહાલા માને છે, પ્રભુવિના અન્યત્ર જેને સુખનું ભાન થતું નથી, પ્રભુના મનોહારી સ્વરૂપવિના બીજાનું માયિક રૂપ જોવામાં જેનાં નેત્રો આદરવાળાં નથી, પ્રભુના કર્ણવિભૂષણ શબ્દોના શ્રવણથી ભિન્ન શબ્દોના શ્રવણમાં જેના કાન પ્રીતિયુક્ત પ્રવૃત્તિવાળા થતા નથી, પ્રભુના ભવભીતિવિનાશક ચરણકમલથી ભિન્ન પ્રાણિપદાર્થનો સ્પર્શ કરવામાં જેની ત્વચા આતુરતાવાળી થતી નથી, પ્રભુને નિવેદન કરેલા નૈવેદ્યના અવશેષરૂપ પાપપ્રણાશક પ્રસાદથી ભિન્ન પદાર્થોના ભક્ષણમાં જેની જીભ આદરપૂર્વક પ્રવૃત્ત થનારી નથી, પ્રભુને ધરેલા સુગંધથી ભિન્ન સુગંધ સુંઘવામાં જેની નાસિકા પ્રેમપૂર્વક પ્રવૃત્તિ કરનારી નથી, અને જેનું મન પ્રભુના અજ્ઞાનનિવારક સ્મરણવિના બીજા કોઈ પ્રાણિપદાર્થનું પ્રીતિપૂર્વક સ્મરણ કરનારું નથી. જેનું અંતઃકરણ પ્રભુના પાકા રંગથી સંપૂર્ણ રંગાયું છે, જેનું અંતઃકરણ પ્રભુપ્રતિના પોતાના સર્વ કર્તવ્યમાં વિવેકયુક્ત ઉત્સાહવાળું હોય છે, જેનું હૃદય ઉત્તરોત્તર પ્રભુમાં ગળતું જાય છે, જેની ઇંદ્રિયો પ્રભુના સ્વરૂપભણીજ વેગવાળી છે, અને જેનું શરીર પ્રભુની સેવા કરવામાંજ પરમાદરવાળું છે, તેવા અનન્યભક્તના અંતઃકરણમાં પ્રભુનાં દર્શનની

પરમલાલસા હોય એ સ્વાભાવિકજ છે. પરમકૃપાલુ, પરમાનંદરૂપ ને પ્રેમ-પયોનિધિ પ્રભુની આવી અનન્યભક્તિ તેઓશ્રીની કૃપાવિના મનુષ્યને પ્રાપ્ત થતી નથી. ભવભ્રમણથી થાકી ગયેલા અને નિરાધાર મનુષ્યોએ તો આવી અનન્યભક્તિ પ્રાપ્ત કરવામાટે અવશ્ય આદરપૂર્વક પ્રયત્ન કરવો જોઇએ.

૨૦. તીર્થ. સ્થાવરતીર્થોના કરતાં બ્રહ્મવેત્તાઓરૂપ અને પ્રભુના અનન્ય-ભક્તોરૂપ જંગમતીર્થો તેમનું માહાત્મ્ય જાણીને તેમનું સેવન કરનારા મનુષ્યોના અંતઃકરણને ઊતાવળે પવિત્ર કરે છે જેઓ ગંગાદિ તીર્થોમાં સ્નાન કરવાને માટે આતુર રહે છે, પણ જંગમતીર્થોના ચરણકમળની રજમા પોતાના અંતઃકરણને જોડવારૂપ સ્નાન કરાવવા આતુર રહેતા નથી, જેઓ દેવપ્રતિમાનું દર્શન કરવામાં પોતાના અંતઃકરણને વેગવાળુ રાખે છે, પણ જંગમતીર્થનું દર્શન કરવામાટે પોતાના અંતઃકરણને વેગવાળુ રાખતા નથી, જેઓ સ્ત્રી, પુત્ર ને ધનાદિના સેવનમાં આદરવાળા રહે છે, પણ જંગમતીર્થના સેવનમાં આદરવાળા રહેતા નથી, જેઓ કાશીવાસ કરવામાટે પ્રેમપૂર્વક પ્રયત્ન કરનારા છે, પણ જંગમતીર્થના સમીપમાં વાસ કરવામાટે પ્રેમપૂર્વક પ્રયત્ન કરનારા નથી, જેમને પોતાના શરીરમાં તેને આત્મા માની પરમપ્રેમ રહે છે, પણ જગતના આત્મરૂપ જંગમતીર્થમાં જેમને પરમપ્રેમ રહેતો નથી, અને જેમને દેવની પ્રતિમાઓ પૂજવામાં પરમાદર છે, પણ જંગમતીર્થનું પૂજન કરવામાં જેમને પરમાદર નથી, તેઓ વર્તમાનજન્મમાં કૃતાર્થ થઇ શકતા નથી.

૨૧. સદ્‌ગુરુસેવા. આ વિશ્વમાં પરમસત્ય વસ્તુ બ્રહ્મ છે. તે બ્રહ્મનો ઉપદેશ કરીને પોતાના શિષ્યના હૃદયમાં અનાદિ કાલથી રહેલા ને સર્વ દુઃખોના મૂલકારણરૂપ અજ્ઞાનનો જે મહાપુરુષ નાશ કરે તે મહાપુરુષ સદ્‌ગુરુ કહેવાય છે. એવા સમર્થ સદ્‌ગુરુની જે શિષ્ય માહાત્મ્યજ્ઞાનપૂર્વક પરમપ્રેમથી ને વિવેકથી નિરંતર સેવા કરે છે તે શિષ્યના હૃદયની અશુદ્ધિ ઉત્તરોત્તર દૂર થઇ તેનું હૃદય પવિત્ર થાય છે, તેના હૃદયમાં પોતાના સદ્‌ગુરુપર પ્રેમ વધવા લાગે છે, વિવેક, વૈરાગ્ય, શમાદિ છ સંપત્તિ, ને મુમુક્ષુતા આ ચાર સાધનો

તેના હૃદયમાં આવિર્ભાવ પામવા લાગે છે, અને તે શ્રવણ, મનન ને નિદિધ્યાસનમાં રુચિવાળો થઈ, તે ત્રણે સાધનો યથાયોગ્ય સિદ્ધ કરી કૃતાર્થ થાય છે. જ્યાં સાધ્યરૂપ ઉત્તરઉત્તરની પ્રાપ્તિ થતી નથી ત્યાં સાધનરૂપ પૂર્વપૂર્વની કચાશ છે એમ જાણવું. સદ્‌ગુરુનું વાસ્તવિક સ્વરૂપ નિરાવરણ બ્રહ્મ છે. તે બ્રહ્મસ્વરૂપનાં સર્વ દુઃખની નિવૃત્તિમાટે ને પરમાનંદની પ્રાપ્તિમાટે શિષ્યને અભેદભાવે પ્રાપ્તિ કરવી છે બ્રહ્મ મનવાણીનો અવિષય હોવાથી તેની સેવા શિષ્યથી થવા સંભવ નથી, માટેજ વેદાંતશાસ્ત્રો સદ્‌ગુરુને બ્રહ્મરૂપ માની તેમની એકનિષ્ઠાવડે, સર્વ પ્રકારના સંશયો ને અવળા નિશ્ચયો તથા આલસ્યાદિ ત્યજી, સેવા કરવાનુ ને તે સેવાદ્વારા ઉપરનાં સાધનો પ્રાપ્ત કરી કૃતાર્થ થવાનું કહે છે. સદ્‌ગુરુની માત્ર શરીર, અન્ન, વસ્ત્ર, પુસ્તક, દ્રવ્ય, પશુ કે ભૂમિવડેજ સેવા થાય છે એમ ન સમજવું, પણ તેમના અભિપ્રાયને જાણી તેજ પ્રમાણે વર્તન રાખવાથી પણ તેમની સેવા કરી ગણાય છે, ને તેજ તેમની મુખ્ય સેવા છે એમ પણ મનાય છે.

૨૨. **તપ.** શાસ્ત્રમાં કહેલી જે જે ક્રિયાવડે મનુષ્યનું અંતઃકરણ પવિત્ર થાય છે તે તે ક્રિયા તપ કહેવાય છે. આહારવડે ઇંદ્રિયોના ને અંતઃકરણના બલની વૃદ્ધિ થાય છે, ને આહારના અભાવવડે ઇંદ્રિયોના ને અંતઃકરણના બલની ક્ષીણતા થાય છે, એ નિયમને અનુસરીને અંતઃકરણના ને ઇંદ્રિયોના ઉન્મત્તપણાને ક્ષીણ કરવા ને તે દ્વારા અંતઃકરણની પવિત્રતા વધારવા અમુક દિવસસુધી આહાર ન કરવો, કિંવા નિત્ય વા અમુક દિવસે અલ્પ આહાર કરવો, એ તપ ગણાય છે. આવું તપ શરીર, ઇંદ્રિયો ને અંતઃકરણને નઠારાં કામોમાંથી રોકીને તથા તેમને સારાં કામોમાં જોડીને કરવામાં આવે તોજ તે અંતઃકરણની પવિત્રતા વધારવામાં હેતુરૂપ થાય છે, અન્યથા તે તપ જોઇએ તેવું ફલ ઉપજાવવા અર્થાત્ અંતઃકરણને પવિત્ર કરવા સમર્થ થતું નથી. પોતાના વર્ણના તથા આશ્રમના જે જે ધર્મો શાસ્ત્રોમાં કહ્યા છે તે તે ધર્મોનું શ્રદ્ધા, આદર ને સાવધાનતા રાખી નિર્દોષ રીતે પરિપાલન કરવામાં આવે તો તે તપદ્વારા

અંતઃકરણ પવિત્ર થાય છે. મન, ઇંદ્રિયો ને શરીરવડે થતો પોતાનો સર્વ પ્રકારનો વ્યવહાર મલિનતારહિત પવિત્રપણે ચલાવવારૂપ તપ પણ અંતઃકરણની પવિત્રતા વધારવામાં હેતુભુત થાય છે. ઇંદ્રિયો ને અંતઃકરણના બહારના વેગો રોકી તેમને આત્મામાં સ્થિર રાખવાં તે પરમતપ કહેવાય છે. એ પરમતપવડે અંતઃકરણની પવિત્રતા તથા એકાગ્રતા વધે એ સ્વાભાવિકજ છે. અમુક વર્ષોસુધી ઊભા રહેવું, અમુક સમયસુધી પોતાના જમણા હાથને ઉંચો રાખવો, ઊનાળાના દિવસોમાં મધ્યાહ્નને પોતાના શરીરની આસપાસ પાંચ કે ચોરાશી ધૂણીઓ સળગાવીને બેસવું, અમુક સમયસુધી નીચે ધુણી કરી તે ઉપર ઉંધે માથે લટકવું, અમુક સમયસુધી ઊનાળાના દિવસોમાં સૂર્યના પ્રખર તાપથી તપેલી રેતીમાં વા કાંકરીમાં જઇને સૂઈ રહેવું, વા બેસવું, અમુક સમયસુધી લોઢાના સળીઆની બનાવેલી બાણુશય્યાપર સૂવું, અમુક સમયસુધી લોઢાનો ઘણો ભાર પોતાના શરીરપર ઊપાડવો, અમુક સમયસુધી નગ્ન રહેવું, ઊનાળામાં તડકો, શીઆળામાં ટાઢ, ને ચોમાસામાં વરસાદને સહન કરવાં, અમુક સમયસુધી દૂધ પીને વા ફલ, મૂલ ને કદાદિનો કે ગોમૂત્ર ને જવનો આહાર કરીને રહેવુ, અને અન્ય કોઈ પણ પ્રકારે પોતાના શરીરને કષ્ટ આપવું તે સર્વ તપ કહેવાય છે, પરતુ એ સર્વ તપના કરતાં પરમાત્માનું પ્રીતિપૂર્વક સ્મરણ કરવું, ઇંદ્રિયો ને અંતઃકરણને ધૈર્ય ને સાવધાનતાવડે નિષિદ્ધ માર્ગેથી અટકાવી તેમને સુમાર્ગે ચલાવવાં, અને આદરપૂર્વક પરમાત્માનુ ધ્યાન કરવું એ શ્રેષ્ઠ તપ ગણાય છે. કોઈ પણ પ્રકારના તપવડે પોતાના અંતઃકરણમાં તપ કરનારે ગર્વદોષ ઉપજવા દેવો નહિ, પરંતુ એ તપવડે પોતાના અંતઃકરણમાં કેટલો સુધારો થયો છે તે જોયા કરવાનું છે.

૨૩. પરોપકાર. પરોપકારી પુરુષોનું ઐશ્વર્ય પરોપકારમાટેજ હોય છે. જેમ સમુદ્રમાં રહેલાં મોતીઓ, મીઠું ને અન્ય પદાર્થો અન્યને માટેજ છે, જેમ નદીઓ, સરોવરો, કૂવા ને વાવોમાંનું જલ અન્ય પ્રાણીઓને માટેજ છે, જેમ વૃક્ષોનાં, છોડવાનાં ને વેલાઓનાં પાન, ફૂલ, ફલ, ત્વચા ને કાષ્ઠ અન્યને માટેજ છે, ને જેમ પર્વતોમાં ને ખાણોમાં રહેલાં રત્નાદિ પણ અન્યને માટેજ

છે, તેમ ઉદાર હૃદયના નિઃસ્પૃહ પુરુષોનું ધન, વિદ્યા ને જીવન અન્ય સુપાત્રને માટેજ હોય છે. ચેતન જાણે પરોપકારબુદ્ધિથી અન્યને સત્તાસ્ફૂર્તિ આપે છે, ઇશ્વર પરોપકારબુદ્ધિથી લીલાવિગ્રહ ધારણ કરી ભક્તોનાં દુઃખો દૂર કરી તેમને પરમાનદ આપે છે, ઇશ્વરસ્વરૂપથી અભેદભાવ પામેલા મહાપુરુષો પરોપકાર-બુદ્ધિથી જીવોનાં દુઃખોનો વિનાશ કરી તેમને પરમાનંદપદે સ્થાપવા તનમનથી પ્રયત્ન કરે છે, માયા પરોપકારબુદ્ધિથીજ આકાશાદિરૂપે પરિણામ પામે છે. આકાશ પરોપકારબુદ્ધિથીજ પ્રાણી આદિને અવકાશ આપે છે, પવન પરોપકારબુદ્ધિથીજ વાય છે, તેજ પરોપકારબુદ્ધિથી પ્રકાશ ને ગરમી આપે છે, જલ પરોપકારબુદ્ધિથીજ પ્રાણીઓની તૃષાને શાંત કરી તેમનાં શરીર આદિને પવિત્ર કરે છે, અને પૃથિવી પરોપરકારબુદ્ધિથીજ પોતાના ઉપર સર્વ પ્રાણીઓને ધારણ કરે છે. આમ વિશ્વમાં જ્યાં ત્યાં પરો-પકાર કરવાનોજ ઉપદેશ થઈ રહ્યો છે. ગર્વરહિત ને તૃષ્ણાવિનાના પરોપકારથી મનુષ્યના હૃદયને શાંતિ ને સુખ મળે છે. હે મનુષ્યો ! આ સર્વનો વિચાર કરીને તમે તમારા સામર્થ્યપ્રમાણે પરોપકારમાં પ્રીતિ રાખી પરોપકાર કરો.

૨૪. દુઃખની નિવૃત્તિના ઉપાયો. મનુષ્ય ! શું તું કોઈ પ્રકારના દુઃખથી પીડાય છે ? શું તને વારે વારે ભય લાગી તારા મનમાં દુઃખ થાય છે ? જો એમ હોય તો આવ. સાંભળ. આ ઉપાય તું આચરણમાં મૂક. તેથી તને કોઈ પ્રકારના દુઃખનો અનુભવ નહિ થાય, ભય તને પીડા નહિ ઉપજાવી શકે, ને કોઈ વ્યાવહારિક દુઃખ તને ભવિષ્યમાં આવવાનું હશે તો તે દૂર થઈ જશે, વા ઘણા અલ્પપ્રમાણમાં આવશે. જ્યારે જ્યારે તારું ચિત્ત તને અસ્વસ્થ જણાય ત્યારે ત્યારે તું બંને નાસાપુટદ્વારા તારાથી બની શકે તેટલા પૂરક ઉપરાઉપર કર્યા કર. પૂરક કરતી વેલા તું એમ ભાવના કરતો રહેજે કે હું પરમાત્માના પરમાનંદસ્વરૂપને મારા હૃદયમાં આદરપૂર્વક પધારાવ્યા કરું છું. ઉપરાઉપર પૂરક કરતાં શ્રમ જણાય ત્યારે તું મુખને સારી રીતે બંધ રાખી, તથા નાભિને બરડાની કરોડભણી યથાશક્તિ ખેંચી રાખી, નેત્ર,

વાણી, મન ને પ્રાણ આદિના બાહ્યવેગોને પાછા વાળી તે પરમાનંદસ્વરૂપ પરમાત્મામાં સર્વથા અભેદ પામી ગયાં છે એમ ધારજે. આવી શુભક્રિયાથી તારું શરીર ને મન નીરોગ રહેવાઉપરાંત તારી ઇંદ્રિયો પ્રસન્ન રહેશે, ને વ્યાવહારિક દુઃખો તને પીડા આપી શકશે નહિ. અગ્નિને જેમ ઉધઈ લાગી શકતી નથી, સૂર્યને જેમ અંધકાર પીડી શકતો નથી, ચિંતામણિવાળાને જેમ દારિદ્ર પીડા કરી શકતું નથી, અગ્નિને જેમ ટાઢ દુઃખ દઈ શકતી નથી, જલને જેમ આગ બાળી શકતી નથી, તેમ તને દુઃખો દુઃખાનુભવ કરાવવા સમર્થ થઈ શકશે નહિ. તમે રોગથી પીડાતા હશો તો આ ક્રિયાવડે તમે ક્રમથી રોગની પીડાથી મુક્ત થશો. તમારું મન નબળું હશે તો આ ક્રિયાવડે તમારા મનની શક્તિમાં વધારો થશે. તમને કુટુંબી જનોભણીની પીડા હશે તો તે આ ક્રિયાવડે દૂર થવા લાગશે. તમને દ્રવ્યની ખેંચ રહેતી હશે તો આ ક્રિયાવડે તે દૂર થવા માંડશે, ને તમને અન્ય કોઈ વાતની પ્રતિકૂલતા હશે તો તે પણ આ ક્રિયાવડે તમારા પ્રયત્નના પ્રમાણમાં વહેલી કે મોડી દૂર થશે. વળી જો તમે તમારા મનની, શરીરની ને વ્યવહારની સ્થિતિ સારી રાખવા ઇચ્છતા હો, ને પરમસુખરૂપ સમષ્ટિસાથે જોડાવા ઇચ્છતા હો, તો તમારે શુકલપક્ષની બધી તિથિઓમાં સવારે બીછાનામાંથી ઊઠતી વેલા તમારો ડાબો પગ પૃથિવીપર પ્રથમ મૂકવો, ને કૃષ્ણપક્ષની બધી તિથિઓમાં સવારે બીછાનામાંથી ઊઠતી વેલા તમારે તમારો જમણો પગ પૃથિવીપર પ્રથમ મૂકવો. આ બધું ધૈર્ય, સાવધાનતા ને શ્રદ્ધાથી કરવું જોઇએ. આમાં તમારે દ્રવ્યનુ ખર્ચ કરવાનું નથી, તમારા શરીરને તથા મનને ઘણો શ્રમ આપવાનો નથી, અને તમારા તનમનને કોઈ પ્રકારની હાનિ થવાનો લેશ પણ સંભવ નથી. સમયપત્રક બાંધી નિત્ય નિયમિત રીતે પ્રસન્ન મને દઢતા ને સાવધાનતાથી પોતાનું કર્તવ્ય કર્યા કરવાનો સ્વભાવ રાખવાથી પણ મનુષ્યનું શરીર, ઇંદ્રિયો ને મન સ્વસ્થ રહે છે, ને તેનો બાહ્યવ્યવહાર પણ લગભગ અનુકૂલ રહે છે.

૨૫. **વ્યવહારશુદ્ધિ.** આજીવિકામાટે ખેતી, વ્યાપાર, નોકરી કે અન્ય

જે ધંધો પોતાને કરવો પડતો હોય તે ધંધો પોતાનું કર્તવ્ય સમજીને પ્રામાણિકપણે સાવધાનતા રાખીને નિયમપૂર્વક કરવો જોઇએ. વિવેકીએ પોતાના ધંધાને ઇશ્વિરસેવાનું સ્વરૂપ આપવું. હું આ ધંધો પ્રભુની સેવામાટે, સદ્‌ગુરુની ને સંતોની સેવામાટે, દુઃખી જનોને સાહાય્ય કરવામાટે, ને મારા પોષ્યવર્ગનું પોષણ કરવામાટે કરું છું, એમ મનમાં નક્કી કરીને તે ધંધો કરવો, ને મનના પૂર્વોક્ત નિશ્ચયપ્રમાણેજ સર્વદા વર્તવું. આમ કરવાથી તે મનુષ્યનું અંતઃકરણ પૂર્વના કુસંસ્કારોની નિવૃત્તિવડે નિર્મલ થાય છે, ને નવાં કુકર્મો થતાં અટકી ચિત્તમાં કુસંસ્કારો પડતા નથી. સત્ય વાત સમજવી કઠિન નથી, પણ ઘણા મનુષ્યોને તે આચરણમાં મૂકવી કઠિન પ્રતીત થાય છે. તે નિયમપ્રમાણે આ સત્ય વાત સમજવામાં ને તેને આચારમાં મૂકવાના સંબંધમાં પણ સમજવું.

૨૬. સકામકર્મ ને નિષ્કામકર્મ. કોઈ પણ સાંસારિક ફલની ઇચ્છા રાખીને કોઈ પણ લૌકિક કે શાસ્ત્રીય કર્મ કરવાથી તે કર્મ કરનારના અંતઃકરણની શુદ્ધિ થતી નથી. સાંસારિક ફલનો ઉદ્દેશ હૃદયમાં ધારણ કરીને કોઈ પણ કર્મ કરનારા મનુષ્યો કંગાલ હૃદયના ગણાય છે. આ લોકનું કે સ્વર્ગાદિનું વિષયસુખ અસત્, તુચ્છ ને બંધન કરનારું છે. તે વિષયસુખની લાલસા રાખીને લૌકિક કે શાસ્ત્રીય કર્મ કરનારા મનુષ્યો આ દુઃખમય ભવસાગરનો પાર પામી શકતા નથી, માટે વિવેકી સ્ત્રીપુરુષે સર્વ લૌકિક ને શાસ્ત્રીય કર્મ બ્રહ્મજ્ઞાનપ્રાપ્તિની, ભક્તિપ્રાપ્તિની કે પોતાના અંતઃકરણની શુદ્ધિની ઇચ્છા રાખીને કરવાં. આમાં ફલની ઇચ્છા છે, છતાં તે સાંસારિક ફલની ઇચ્છા ન હોવાથી તે કર્મો, તે કર્મો કરનારને સંસારનાં હેતુરૂપ થતાં નથી, પણ સંસારની નિવૃત્તિનાં હેતુભૂત થાય છે. આવાં કર્મોને નિષ્કામકર્મો કહેવામાં આવે છે. હું કર્તા છું, ને મને અમુક સાંસારિક ફલો આ કર્મોવડે મળો એવી બુદ્ધિ રાખીને કરેલાં કર્મો સકામકર્મો કહેવાય છે. આવી બુદ્ધિ રાખીને મુમુક્ષુએ લૌકિક કે શાસ્ત્રીય કર્મો ન કરવાં, પણ કર્તાપણાના અભિમાનનો ને સાંસારિક ફલોની તૃષ્ણાનો ત્યાગ કરીને લૌકિક તથા શાસ્ત્રીય શુભકર્મો આદરપૂર્વક કરવાં. જે જે

શાસ્ત્રીય તથા લૌકિક શુભકર્મો પોતાનાથી થાય તે કર્મફલપ્રદાતા પ્રભુની પ્રેરણાથી થાય છે, હું તો નિમિત્તમાત્ર છુ, એમ સમજીને તે કર્મો કરવાં, તથા જે કર્મો કરવામાં આવે તેનુ ફલ પરમાત્માને અર્પણ કરવું, તે પણ નિષ્કામકર્મો કહેવાય છે. વિષયતૃષ્ણા અથવા વ્યાવહારિક અયોગ્ય સ્વાર્થજ જીવના વાસ્તવિક હિતનો વિરોધી છે. આવાં નિષ્કામકર્મો વિષયતૃષ્ણા અથવા વ્યાવહારિક અયોગ્ય સ્વાર્થનાં વિરોધી છે,—તે દોષને નિવૃત્ત કરનારાં છે, તેથી સર્વ મુમુક્ષુઓએ જે જે લૌકિક કે શાસ્ત્રીય કર્મો કરવાં તે સર્વ નિષ્કામબુદ્ધિથી કરવાં.

૨૭. પ્રતીકધ્યાન. ૐમાં સગુણબ્રહ્મનુ વા નિર્ગુણબ્રહ્મનુ, નર્મદાના બ્ાણમાં મહેશ્વરનું, ને ગંડકીની શાલિગ્રામશિલામાં વિષ્ણુનુ ધ્યાન કરવુ તેને પ્રતીકધ્યાન કહેવામાં આવે છે. આમાં પ્રત્યક્ષપ્રમાણથી પ્રતીત થતા પદાર્થનુ ઉપાસકો ધ્યાન કરતા નથી, પણ પ્રત્યક્ષપ્રમાણવડે જણાતો એ પદાર્થ જેના પ્રતીકરૂપ છે તેનું ઉપાસકો ધ્યાન કરે છે. આવું પ્રતીકધ્યાન પરિપાક પામે ત્યારે તે ધ્યાન કરનારને સાક્ષાત્ વા પરંપરાવડે ઇચ્છિત ફલ આપનારું થાય છે. સગુણબ્રહ્મનું, નિર્ગુણબ્રહ્મનુ, શ્રીમહેશ્વરનુ ને શ્રીવિષ્ણુનું પ્રતીકધ્યાન કરનારે પ્રથમ તેમના શાસ્ત્રીય આકારોનું ને ગુણોનુ કોઈ યોગ્ય આપ્તપુરુષદ્વારા જ્ઞાન મેળવી પછી આ ધ્યાન કરવામાં પ્રવૃત્તિ કરવી. શ્રદ્ધા તથા આગ્રહ રાખીને જો આવું ધ્યાન કરવામાં આવે તોજ તે ફલદાતા થાય છે, માટે આવું ધ્યાન કરનારે વધારેમાં વધારે શ્રદ્ધા તથા આગ્રહ રાખીને આવું ધ્યાન કરવું જોઇએ. ધ્યેયના ગુણોનો ધ્યાન કરનારના અંતઃકરણમાં આવિર્ભાવ થવા લાગે ત્યારે તેણે જાણવું જે પોતાની ધ્યાનક્રિયા યથાર્થ થાય છે. ધ્યાન કરનારે માત્ર સવારસાંજ અમુક સમય આવું ધ્યાન કરીને સંતોષ માનવાનો નથી, પણ જાગ્રતના સર્વ કાલમાં ન્યૂનાધિક વેગથી તે ધ્યાન ચાલુ રાખવું જોઇએ. આવા ધ્યાનાભ્યાસથી ધ્યાતા ઘણી વાર સ્વપ્નમાં પોતે ધ્યાન કરતો હોય એમ પોતાને અનુભવે છે.

૨૮. ધ્યેયાનુસાર ધ્યાન. પોતાના ઇષ્ટદેવનું તેમના લોકમાં જેવું

સ્વરૂપ શાસ્ત્ર કહે છે તેવું સ્વરૂપ પોતાની બુદ્ધિમાં ગુરુના ઉપદેશદ્વારા સ્થિર કરી પછી તેમના મુખ્ય ગુણોનાં નામો તથા સ્વરૂપો સમજી તે ગુણોસહિત તે દેવનું ધ્યાન કરવું તે ધ્યેયાનુસાર ધ્યાન કહેવાય છે. આ ધ્યાન બે પ્રકારે થાય છે, એક પોતાના ઇષ્ટદેવથી પોતાનો ભેદ ધારીને થાય છે, અને બીજું પોતાના ઇષ્ટદેવથી પોતાનો અભેદ ધારીને થાય છે. ભેદ ધારીને કરેલું ધ્યાન પરિપાકવડે સ્વર્ગનો હેતુ થાય છે, ને અભેદબુદ્ધિથી કરેલું ધ્યાન પરિપાકવડે ક્રમમોક્ષનો હેતુ થાય છે. પ્રતીકધ્યાન કરનારે જે જે સાવધાનતા સેવવાની છે તે તે સાવધાનતા આ ધ્યાન કરનારે પણ સેવવાની છે. આ ધ્યાન કરનારે પામરજનોનો ને વિષયિજનોનો સગ ન સેવવો, તથા પ્રબલ રાગદ્વેષ પ્રકટાવવાના સ્વભાવવાળા પ્રાણિપદાર્થોથી બની શકે તેટલું દૂર રહેવું. ચિત્તમાં નઠારા વિચારો પ્રકટે એવું વાંચવું કે જોવું પણ નહિ. આ કર્તવ્યજ મારા જીવનનુ પ્રધાન કર્તવ્ય છે એમ નક્કી કરી ફલસિદ્ધિપર્યંત પોતાના કર્તવ્યમાં ઉત્સાહપૂર્વક સતત મંડયા રહેવું જોઇએ.

૨૯. અહંગ્રહધ્યાન. પોતાના અલ્પપરિમાણવાળા હૃદયાકાશમાં રહેલા સગુણબ્રહ્મને સત્યસંકલ્પવાળા, શુદ્ધસત્ત્વગુણવાળા, અંતઃકરણરૂપ શરીરવાળા, પ્રકાશમય, સર્વજ્ઞ ને સર્વશક્તિવાળા ધારી, તે મારું સ્વરૂપ છે, એમ સર્વાંશે સંશયના ત્યાગપૂર્વક નક્કી કરી, પછી જીવનપર્યંત એ ધ્યાનપરાયણ રહેવું તે એક પ્રકારની અહંગ્રહોપાસના કહેવાય છે. દશે દિશામાં વ્યાપી રહેલું, પ્રકાશમય, સર્વજ્ઞ ને સર્વશક્તિમાન્ સગુણબ્રહ્મ હું છું આમ વિચારી સંશય-રહિત તેવું ધ્યાંન ચાલુ રાખવું તે પણ એક જાતની અહંગ્રહોપાસના છે. આવી બીજી પણ અનેક પ્રકારની અહંગ્રહોપાસનાઓ ઉપનિષદોમાં વર્ણવી છે. તે અહંગ્રહોપાસના જો જીવનપર્યંત યથાવિધિ કરવામાં આવે તો તે ઉપાસકને સગુણબ્રહ્મના લોકની પ્રાપ્તિ થાય છે, ને ત્યાં તે આત્માથી અભિન્ન બ્રહ્મનો સાક્ષાત્કાર કરી પ્રારબ્ધની સમાપ્તિએ વિદેહકૈવલ્યને પામે છે.

૩૦. દેવભક્તિ. અગ્નિ ને ઇંદ્રાદિ દેવની ભક્તિ પ્રાયશઃ સાંસારિક એટલે

આ લોકનાં કે સ્વર્ગનાં સુખોની પ્રાપ્તિની ઇચ્છા રાખીને થાય છે. તેમના અનેક ઉપકારરૂપ ઋણમાંથી છૂટવામાટે તેમનું યજ્ઞાદિવડે આરાધન કરવામાં આવે ત્યાંસુધી તે મુમુક્ષુને ઉપયોગી છે. અગ્નિ તથા ઇંદ્રાદિ નામો ઇશ્વરનાં વાચક છે એમ ગણી તે નામવડે ઇશ્વરનું આરાધન કરવામાં આવે તો તે સગુણબ્રહ્મનું આરાધન થાય છે. વર્તમાનકાલમાં આવું આરાધન ભાગ્યેજ કોઈ કરતું હશે. " **एकं सत् विप्रा बहुधा वदन्ति** " (એક સત્ વસ્તુને બ્રાહ્મણો બહુ પ્રકારે કહે છે,) આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે પૂર્વે તે નામોવડે પણ પરમાત્માનું યજન થતું હશે.

૩૧. અનન્યભક્તિ. માયાના નિયામક પરમાત્માની અનન્યભક્તિ ભક્તોને પરમસુખદાયિની છે. માહાત્મ્યજ્ઞાનપૂર્વક કોઈ પણ પ્રાણી, પદાર્થ કે પ્રસંગથી ન અટકાવી શકાય એવો પરમાત્મામાં અડગ પરમપ્રેમ સતત રાખવો તે **અનન્યભક્તિ** કહેવાય છે. પરમાત્માની અગાધ કૃપાની પ્રાપ્તિ કરાવી આપનારી આવી અનન્યભક્તિમાં તેની પ્રાપ્તિ કરવા ઇચ્છનારને આરંભમાં વિરાગાદિ કઠિન સાધનો પ્રાપ્ત કરવાં પડતાં નથી. પરમાત્મામાં પરમપ્રેમ પ્રકટતાં એ સાધનો અનન્યભક્તના હૃદયમાં અનાયાસે ઉદય પામે છે. જ્યારે મનુષ્યના હૃદયવિષે પરમાત્મામાં પરમપ્રેમ પ્રકટે ત્યારે તેના હૃદયવિષે અન્ય પ્રાણિપદાર્થના ઉપર પરમપ્રેમ શી રીતે રહી શકે ? નજ રહી શકે. આવી રીતે અન્ય પ્રાણિપદાર્થપરથી પરમ પ્રેમનું ઊતરી જવું તે પણ વૈરાગ્યજ છે. આવી અનન્યભક્તિને પ્રાપ્ત થયેલા ભક્તો પ્રભુના કીર્તનમાં, સ્મરણમાં, તેમના શુભગુણોના વિચારમાં, અને તેમના ધ્યાનમાં નિરંતર ઉન્મત્ત રહે છે. પોતાના શરીરનું ને સંમુખ પ્રતીત થતા જગતનું ભાન તેઓ ઘણી વાર ભૂલી જાય છે. આવી વેલા તેમને પ્રભુમાં પ્રેમસમાધિ લાગેલ હોય છે. ચંદ્ર જેમ પોતાનાં શીતલ કિરણોવડે ચકોરને પોતાના ભણી આકર્ષે છે, ચુંબક જેમ પોતાની લોહાકર્ષકશક્તિથી લોહને પોતાના ભણી આકર્ષે છે, સૂર્ય જેમ પોતાની પોષણ કરનારી શક્તિવડે કમલને જાણે આકર્ષતો હોય એમ પ્રતીત થાય છે, ને મેઘ જેમ

પોતાની પ્રસન્નતા ઉપજાવનારી શક્તિવડે મોરને જાણે પોતાના ભણી આકર્ષતો હોય એમ પ્રતીત થાય છે, તેમ પ્રેમોદધિ પ્રભુ પોતાના સ્નેહાકર્ષણવડે પોતાના અનન્ય-ભક્તોનાં અંતઃકરણાદિને જાણે પોતાના ભણી ખેંચતા હોય એમ જણાય છે. ભય ઉપજાવનારા એકાંત વનમાં ગયા વિના, શરીરને અત્યંતક્લેશ થાય એવું કઠણ તપ કર્યા વિના, શાસ્ત્રાધ્યયનનો માનસશ્રમ કર્યા વિના, સામાન્ય મનુષ્યોને બહુશ્રમસાધ્ય જણાતો યોગભ્યાસ કર્યા વિના, દ્રવ્ય ને શ્રમવડે થનારા શ્રૌતસ્માર્ત યજ્ઞો કર્યા વિના, ને મંત્રોનાં કઠિન અનુષ્ઠાનો કર્યા વિના, ઘેર બેઠાં, કાંઇ પણ પ્રયત્ન કર્યા વિના, જો પરમાત્માનું માહાત્મ્ય જાણી, ચિત્તના સર્વે દોષો ત્યજી, મનના છલકપટનો ત્યાગ કરી, પરમાત્મામાં સતત અડગ પરમપ્રેમ રાખવામાં આવે તો આ સહસ્ત્રો વિઘ્નોથી ભરેલો ભવસાગર શ્રમવિના તરી જવાય છે, ને પોતાના પ્રિયતમ પ્રભુની અમોઘ કૃપા પ્રાપ્ત કરી સર્વદા પરમાનંદમાં વિહાર કરી શકાય છે.

૩૨. ચિત્તની એકાગ્રતા. જેમ જલના નાના નાના ઘણા પ્રવાહો-માંના એક એક પ્રવાહમાં બહુજ થોડું બલ પ્રતીત થાય છે, તથા જેમ સૂર્યના એક એક કિરણમાં બહુજ થોડું બલ પ્રતીત થાય છે, પણ તે નાના નાના ઘણા જલપ્રવાહોને એકત્ર કરવાથી તથા સૂર્યનાં ઘણાં કિરણોને એકત્ર કરવાથી તેમાં ઘણું બલ પ્રતીત થાય છે, તેમ અંતઃકરણની ભિન્ન ભિન્ન વિષયોને વિષય કરતી એક એક વૃત્તિમાં બહુજ થોડું બલ પ્રતીત થાય છે, પણ તે વૃત્તિઓને એકત્ર કરી જો કોઇ એક વિષયમાં જોડવામાં આવે તો તેમાં ઘણું બલ પ્રતીત થાય છે. વિવેકીએ પ્રથમ પોતાના અંતઃકરણને ઓળખવું. તે પછી તેમાંથી ઉઠતી વૃત્તિઓને ઓળખવી. પોતાના અંતઃકરણમાંથી જે વૃત્તિઓ ઉઠતી હોય તેમાંથી કઇ કઇ વૃત્તિઓ તમોગુણના વધારાથી ઉઠે છે, કઇ કઇ વૃત્તિઓ રજોગુણના વધારાથી ઉઠે છે, અને કઇ કઇ વૃત્તિઓ સત્ત્વ-ગુણના વધારાથી ઉઠે છે, તે નક્કી કરી પ્રથમ ક્રમપૂર્વક તામસી વૃત્તિઓને દૂર કરવા ધૈર્ય, સાવધાનતા ને દક્ષતાથી પ્રયત્ન કરવો. તે વૃત્તિઓનાથી વિ-

પરીત વૃત્તિઓને આદરપૂર્વક વેગવાળી કર્યા કરવાથી તામસી વૃત્તિઓ બલહીન થઈ જાય છે, ને તે જીવને અપકાર કરી શકતી નથી. પછી રાજસી વૃત્તિઓને ક્રમપૂર્વક દૂર કરવાનો પ્રયત્ન કરવો. અતઃકરણમાં સત્ત્વગુણનો વધારો થાય તેવા વિચારો ને તેની ક્રિયાઓનુ સતત આદરપૂર્વક અનુષ્ઠાન કર્યા કરવાથી અતઃકરણમાંથી ઊંડની રાજસી વૃત્તિઓ પણ શાંત થાય છે. પછી પોતાના અંતઃકરણમાં પોતાના વ્યાવહારિક સુખનુ ને વ્યાવહારિક જ્ઞાનનુ અભિમાન રહેતું હોય તો તેને આત્માના અસગસ્વભાવના વિચારવડે દૂર કરવુ. અંતઃકરણની વૃત્તિઓને ઓળખી શકાય, તેમને વશ વર્તાવી શકાય, તથા તેમને બ્રહ્મથી અભિન્ન આત્મામાં એકાગ્ર કરી શકાય, તો પરિણામે આત્માથી અભિન્ન બ્રહ્મનો સાક્ષાત્કાર કરી મનુષ્ય કૃતાર્થ થાય છે.

૩૩. ચિત્તની એકાગ્રતાનાં સાધનો. વિષયાનુરાગી ને શાસ્ત્રાદિમાં શ્રદ્ધા નહિ રાખનારા જનોના સંગથી દૂર રહી, વિષયોની અસત્યતા, તુચ્છતા ને બંધકપણાનો નિશ્ચય પોતાના ચિત્તમાં જાગ્રત્ રાખી, ઉદ્યોગવડે આળસને દૂર કરી, સ્વકર્તવ્યનું વારંવાર આદરપૂર્વક સ્મરણ રાખી, આહાર પવિત્ર, પથ્ય, પ્રિમિત ને લઘુ રાખી, રોગની ઉત્પત્તિ ન થાય એવું વર્તન રાખી, સત્સંગ ને સુતર્કવડે મનમાં સશયને અવકાશ નહિ આપી, અંતઃકરણને નિર્ભય રાખી, વિવેકવડે સર્વપ્રકારના મિથ્યા નિશ્ચયોરૂપ ભ્રાંતિઓને ત્યજી, ચિત્તની સ્થૂલતા તથા ચંચલતાને દૂર કરી, તથા અંતઃકરણમાં રહેલા રાગદ્વેષના સંસ્કારોને તીવ્રવૈરાગ્યવડે બલહીન કરી નાંખી, વિવેકી સાધકે પોતાના ચિત્તને બ્રહ્મથી અભિન્ન આત્મામાં એકાગ્ર કરવાનો પ્રયત્ન કરવાનો છે. પરમાત્માની ને પોતાના સદ્ગુરુની ભક્તિ, અડગ શ્રદ્ધા, ને સદાગ્રહવાળો પ્રયત્ન હોય તોજ ચિત્તની એકાગ્રતા કરવા મનુષ્ય ભાગ્યશાલી થાય છે, અન્યથા તે મનુષ્ય પોતાના ચિત્તની એકાગ્રતા કરવા કદીપણ ભાગ્યશાલી થતો નથી.

૩૪. આસન. શરીર સુસ્થિર રહે, અને શરીરના અવયવોમાં વ્યથા નહિ થવાથી મન પ્રસન્ન રહે, એવી રીતે બેસવું તે આસન કહેવાય છે.

સિદ્ધાસન, પદ્માસન ને સ્વસ્તિકાસન એ યોગાભ્યાસમાં ઉપયોગી મુખ્ય આસનો કહેવાય છે. સૂતાં સૂતાં બ્રહ્મધ્યાન કે જપ થઈ શકે નહિ, કેમકે શરીરની તેવી સ્થિતિમાં અંતઃકરણ એકાગ્ર ન થતાં નિદ્રાવડે શીઘ્ર પરાભવ પામી જાય છે. ઊભાં ઊભાં પણ બ્રહ્મધ્યાન કે જપ ન થઇ શકે, કેમકે તે વેલા શરીરને તોળી રાખવામાં મન લાગ્યું હોય તેથી તે એકાગ્ર થઈ શકે નહિ, અને ચાલતાં ચાલતા પણ બ્રહ્મધ્યાન કે જપ થઇ શકે નહિ, કેમકે તે વેલા મન શરીરને તોળી રાખવામાં તથા નેત્રદ્વારા માર્ગ જોવામા રોકાયુ હોય તેથી તે એકાગ્ર થઇ શકે નહિ; તેથીજ ઉપર દર્શાવેલાં આસનોમાંથી કોઇ એક આસને બેસીને બ્રહ્મધ્યાન કે જપ કરવાનું શાસ્ત્રો તથા મહાપુરુષો કહે છે. આસનાભ્યાસથી શરીરની ને ચિત્તની મૂઢતા તથા ચચલતા દૂર થવા લાગે છે. આસનાભ્યાસ પવિત્ર, એકાંત ને ભીની કે ગરમ ભૂમિ ન હોય ત્યાં નીચે પવિત્ર, કોમલ ને જાડુ આસન રાખીને કરવો. તે વેલા પુર્વાભિમૂખ કે ઉત્તરાભિમુખ બેસવું.

૩૫. પ્રાણાયામ. મુખદ્વારા ને નાસિકાદ્વારા જતાઆવતા પ્રાણવાયુને નાસિકાથી બહાર બાર, ચોવીશ કે છત્રીશ આંગળપર અથવા શરીરની અતર હૃદય, નાભિ કે મૂલાધારમાં સ્થિર રાખવો તે **પ્રાણાયામ** કહેવાય છે. સ્વાભાવિક વા ઉજ્જાયી, અનુલોમવિલોમ ને ભસ્ત્રિકા આ ત્રણ પ્રકારના પ્રાણાયામ પ્રાણનો જય કરવામાં બહુ ઉપયોગી ગણાય છે. નાસિકાથી બહાર બાર, ચોવીશ કે છત્રીશ આંગળસુધી જનારા પ્રાણવાયુને નાસિકાથી બહાર બાર, ચોવીશ કે છત્રીશ આંગળની આગળ બની શકે તેટલા સમયસુધી સ્થિર સ્થાપવો, અથવા નાસિકાથી બહાર બાર, ચોવીશ કે છત્રીશ આંગળની આગળથી શરીરમાં પ્રવેશ કરવા આવતા અપાનવાયુને શરીરની અતર હૃદય, નાભિ કે મૂલાધારમાં બની શકે તેટલા સમયસુધી રોકવો તે **સ્વાભાવિક વા ઉજ્જાયી** પ્રાણાયામ કહેવાય છે. પોતાના સામર્થ્યનો પૂરતો વિચાર કરી નાસિકાથી બહાર બાર આંગળપર કે શરીરની અંતર હૃત્પદ્મમાં, અથવા નાસિકાથી બહાર ચોવીશ

આંગળપર કે શરીરની અંતર નાભિમાં, કિંવા નાસિકાથી બહાર છત્રીશ આંગળપર કે શરીરની અંતર મૂલાધારમાં, પ્રાણવાયુને રોકવાનો શક્તિપ્રમાણે નિત્ય પ્રયત્ન કરવો. શરીરમાંથી બહાર નીકળતા ને શરીરની અંતર આવતા વાયુને બહાર તથા અંતર રોકવાનો પ્રયત્ન બહુધા સતત કર્યા કરવો જોઇએ, તથા જ્યાં જ્યાં તે વાયુને રોકવામાં આવે ત્યાં ત્યાં તે વાયુ અંતઃકરણસહિત બ્રહ્મસ્વરૂપમાં વિલીન થાય છે એમ ધારવું જોઇએ. બ્રહ્મસ્વરૂપને બહુ સૂક્ષ્મ ને શાંતપ્રકાશરૂપ ધારવું. બંને કુંભકમાં બની શકે તેટલા સમયનો વધારો કર્યા કરવો જોઇએ. આ વેલા મન પણ પ્રાણવાયુની સાથે પ્રશાંત રહેવું જોઇએ. અનુલોમવિલોમપ્રાણાયામમાં પ્રથમ થોડો રેચક કરી, પછી ડાબા વા જમણા નાસાપુટથી યથાશક્તિ પૂરક કરી, હૃદયમાં પ્રાણવાયુને સ્થિર કરવો. આ વેલા પૂરેલા પ્રાણવાયુને, ઇંદ્રિયોને અને મનને હૃદયદેશમાં રહેલા બ્રહ્મમાં અભેદભાવે વિલીન પામેલાં ધારવાં. પછી તે પૂરેલા વાયુને જમણા કે ડાબા નાસાપુટથી ધીરે ધીરે બહાર કાઢવો. આ વેલા અંતઃકરણસહિત ઇંદ્રિયોની વૃત્તિ ત્રિકુટીમાં રહેલા બ્રહ્મમાં એકાગ્ર રાખવી. રેચક થઇ રહ્યા પછી જે નાસાપુટથી રેચક કર્યો હોય તેજ નાસાપુટથી પાછો પૂર્વની પેઠે પૂરક કરી કુંભક કરવો. કુંભકની સમાપ્તિએ પાછો પૂર્વની પેઠે રેચક કરવો. આ એક અનુલોમવિલોમપ્રાણાયામ થયો. આવા અનુલોમવિલોમપ્રાણાયામ સવારસાંજ પોતાની શક્તિપ્રમાણે ને સગવડપ્રમાણે કરવા. ભસ્ત્રિકાપ્રાણાયામનું યોગપ્રભાકર તથા યોગકૌસ્તુભમાં નિરૂપણ કરેલું છે, તેથી તેના સંબંધમાં ત્યાં જોવું. પ્રાણાયામ ઇંદ્રિયોના દુષ્ટ વેગોને દૂર કરે છે, શરીરની જડતા, મૂઢતા, રોગો ને મેદાદિને દૂર કરે છે, તથા અંતઃકરણની મૂઢતા, સ્થૂલતા ને ચંચલતાને દૂર કરે છે, અને તેને શાંતિ તથા સુખનું ભાન કરાવી બ્રહ્મધારણાદિમાં તેને અધિકારી કરે છે.

૩૬. **પ્રત્યાહાર.** શ્રોત્ર, ત્વચા, નેત્ર, જિહ્વા ને નાસિકા એ પાંચ જ્ઞાનેંદ્રિયોનો પોતપોતાના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પાંચ વિષયો-

ભણી સ્વાભાવિક વેગ હોય છે. તેઓ પોતપોતાના વિષયોભણી વેગથી ખેંચાઇને મનને પણ પોતાની સાથે તે તે વિષયોભણી ખેંચે છે. ઇંદ્રિયોનો આવો અપકારક સ્વભાવ દૂર કરી તેમને મનને અનુસરનારી કરવી, અર્થાત્ મન જ્યાં સ્થિર કરવામાં આવ્યુ હોય ત્યાં તે ઇંદ્રિયો પણ અંતર્મુખ થઇને મનની સાથે જોડાયેલાજેવી થાય, પણ પોતપોતાના વિષયોનું ગ્રહણ કરવા તે તે વિષયોભણી વેગવાળી ન થાય, આવી ઇંદ્રિયોની સ્થિતિ તે પ્રત્યાહાર કહેવાય છે. પ્રત્યાહારથી શરીરના રોગો દૂર થાય છે, ઇંદ્રિયોમાં રહેલી મૂઢતા ને ચંચલતા દૂર થાય છે, ઇંદ્રિયોદ્વારા આગળ જે પાપસંસ્કારો અંતઃકરણમાં પડ્યા હોય તે બલહીન થવા લાગે છે, અંતઃકરણની મૂઢતા, સ્થૂલતા ને ચંચલતા વિશેષ દૂર થવા લાગે છે, તેને ધારણાદિમાટે યોગ્ય કરે છે, અને જીવાત્મા શાંતિ ને સુખનો વધારે અનુભવ કરવા ભાગ્યશાલી થાય છે.

૩૭. પ્રત્યાહારની અગત્ય ને તેને સિદ્ધ કરવાના ઉપાયો. પ્રત્યાહાર સિદ્ધ કર્યા વિના અંતઃકરણ બ્રહ્મમાં એકાગ્ર થઈ શકતું નથી. પોતપોતાના વિષયોમાં લંપટ થઈ રહેલી ઇંદ્રિયો અંતઃકરણની સ્થૂલતા ને ચંચલતા વધાર્યા કરે છે. અનુકૂલ વિષયોના ઉપભોગથી તે ઇંદ્રિયોને તથા અંતઃકરણને ક્ષણિક શાંતિ ને સુખ ભલે મળે, પણ શાશ્વતી શાંતિ ને શાશ્વત સુખ તો તે ઇંદ્રિયોને તથા અંતઃકરણને પ્રાપ્ત થતાં નથી, તે વિવેકી મનુષ્યોને અજ્ઞાત નથી. વિષયો અસત્, તુચ્છ, બંધક ને પરાધીન છે એવા વિવેકવડે ઇંદ્રિયોના વિષયોભણીનાં વેગોને ધીરે ધીરે શાંત કરવા માંડવાથી પ્રત્યાહાર સિદ્ધ થાય છે. ઇંદ્રિયોને જીવાત્માનાં કિરણો ધારી તેમને જીવાત્માભણી પાછી વાળવાનો અભ્યાસ કરવાથી પણ પ્રત્યાહાર સિદ્ધ થાય છે. ઇંદ્રિયોને તેમના ગોલકમાં શાંતિ આપવાનો પ્રયત્ન ચાલુ રાખવાથી પણ પ્રત્યાહાર સિદ્ધ થાય છે. પ્રત્યાહાર સિદ્ધ કરવાની અન્ય યુક્તિઓ યોગકૌસ્તુભમાંથી જોવી.

૩૮. લૌકિક વિવેક. લૌકિક વિવેકને શ્રીકુબેરની પાસે રહેલા શ્રીમહેશ્વરના નવ નિધિઓથી ભિન્ન દશમો પ્રત્યક્ષ નિધિ ગણવામાં આવે છે.

લૌકિક વિવેકવિનાનો વા સભ્યતાવિનાનો મનુષ્ય તે મનુષ્ય નહિ, પણ મનુષ્યની આકૃતિમાં પશુ છે. વિવેકી માતપિતાએ પોતાનાં પુત્ર-પુત્રીને નાનપણમાંથીજ અગત્યના લૌકિક વિવેકો શીખવવા જોઇએ. બાલકોએ, જુવાનોએ ને વૃદ્ધોએ સર્વદા વિવેકથી વર્તવું જોઇએ. સ્ત્રીઓએ તથા પુરુષોએ અને નિર્ધનોએ તથા ધનવાનોએ પણ સર્વદા વિવેકને અનુસરીને વર્તવું જોઇએ. પ્રત્યેક મનુષ્યે અન્યની સાથે બોલવામાં, અન્યનો સત્કાર કરવામાં, ખાવામાં, પીવામાં, ચાલવામાં, વસ્ત્રો પહેરવામાં, ને વસ્ત્રો ઓઢવામાં વિવેક રાખવો જોઇએ. તેણે કોઇના વિવાહમાં, કોઇના મરણપ્રસંગમાં, ને અન્ય વ્યાવહારિક મેળાવડાઓમાં વિવેકહીન ન થતાં વિવેકથી વર્તનારા થવું જોઇએ. મનુષ્યને જે જે કામ પ્રાપ્ત થાય તથા જે જે મનુષ્યોની સાથે તેને પ્રારબ્ધવશાત્ અનુકૂલપ્રતિકૂલ પ્રસંગ પ્રાપ્ત થાય તે સર્વ કામમાં ને તે સર્વ પ્રસંગમાં તેણે દઢતા, સાવધાનતા ને ધૈર્ય રાખી વિવેકથી વર્તવાનો સ્વભાવ પાડવો જોઇએ.

૩૯. શાસ્ત્રીય વિવેક. વિવેકી પુરુષે પરદારાનો વાણી આદિવડે બહુ સત્કાર ન કરવો. પોતાના શત્રુને પણ મનુષ્યે વાણી આદિવડે બહુ માન ન આપવું. વિવેકી મનુષ્યે નિર્ધન, અવયવહીન, વિચિત્ર અવયવવાળા, રોગી, ઊતરતી સ્થિતિવાળા, મૂર્ખ ને ઊતરતા વર્ણવાળા મનુષ્યોભણી ને અન્ય પ્રાણીઓભણી દયાલુસ્વભાવ રાખવો. તેમની સાથે દયાભરેલી વાણીથી બોલવું, ને દયાલુપણે વર્તવું. સમાનસ્થિતિવાળા મનુષ્યોભણી પ્રેમાળ મિત્રના જેવું બોલવા આદિનું વર્તન રાખવું. ચઢતી સ્થિતિવાળા મનુષ્યોભણી, શુભ કર્મ કરનારાઓભણી, ભક્તોભણી, યોગીઓભણી, જ્ઞાનીઓભણી ને દેવો-ભણી પૂજ્યભાવ રાખી બોલવું ને વર્તવું. પાપી મનુષ્યોથી દૂર રહેવું, તેમની નિંદા કે સ્તુતિ ન કરવી. નજ ચાલતાં પોતાના મંદ પ્રારબ્ધથી તેમની-સાથે કોઇ પણ પ્રકારનો પ્રસંગ આવી પડે તો ઉદાસીનતા રાખી ધૈર્ય ને વિવેકથી તે પ્રસંગને સમાપ્ત કરવો.

૪૦. તત્ત્વવિવેક. માયા, આકાશાદિ પાંચ ભૂતો, અંતઃકરણ, પ્રાણ, ઇંદ્રિયો, શરીર અને અન્ય પ્રતીત થતા સર્વ પદાર્થો જડ છે, અને તે સર્વ જેને આધારે રહ્યાં છે તે ચેતન વા બ્રહ્મ છે. પ્રાણીઓનાં સ્થૂલશરીરો, સ્થૂલપદાર્થો ને પંચીકૃત પાંચ ભૂતો એ સ્થૂલ દ્રવ્ય છે; ઇંદ્રિયો, અંતઃકરણ, પ્રાણ ને અપંચીકૃત પાંચ ભૂતો એ સૂક્ષ્મદ્રવ્ય છે; અને એ સર્વના કારણરૂપ માયા એ સૂક્ષ્મતર દ્રવ્યરૂપ છે. બ્રહ્મ એ ત્રણે પ્રકારના દ્રવ્યના આધારરૂપ હોવાથી તે બ્રહ્મ એ ત્રણે દ્રવ્યનુ વાસ્તવિક સ્વરૂપ છે. સ્થૂલશરીરાદિમાં હુંપણાનું અભિમાન કરનાર જીવ પણ વસ્તુતાએ બ્રહ્મજ છે. અહિં બ્રહ્મવિના કોઇ પણ પ્રાણિપદાર્થ વાસ્તવિક સત્ય નથી. મુમુક્ષો ! તું પણ બ્રહ્મજ છે. તારા સ્વરૂપમાં ને બ્રહ્મમાં કોઈ પણ પ્રકારનો લેશ પણ વાસ્તવિક ભેદ નથી. તું વસ્તુતાએ સત્, ચિત્, આનંદ, એક, અદ્વિતીય, અસંગ, અક્રિય, વ્યાપક, દુઃખરહિત, ભયશૂન્ય ને સ્પૃહાશૂન્ય છે. તું સદ્રૂપ હોવાથી કાલ પણ તારો વિનાશ કરવાને સમર્થ નથી, તો પછી શત્રુ, ચોર, લુટારા, દુર્જન, શસ્ત્રો, પાષાણ, જલ, અગ્નિ, વીજળી, વાયુ, રોગો, કામાદિ વિકારો, સિંહસર્પાદિ હિંસક પ્રાણીઓ, ને તામસરાજસ દેવો તારો વિનાશ કરવાને વા તને અડચણ કરવાને સમર્થ નજ હોય એ સ્પષ્ટજ છે. તું જ્ઞાનસ્વરૂપ વા પ્રકાશસ્વરૂપ હોવાથી તારે જે તે પુસ્તકમાંથી જ્ઞાન મેળવવાની તથા સૂર્યાદિના પ્રકાશની તૃષ્ણા રાખવાની અનિવાર્ય અગત્ય નથી. તું સર્વદા પરમાનંદરૂપ હોવાથી તારે સ્ત્રીશરીરમાં કે પુરુષશરીરમાં, પુત્રપુત્રીમાં, ધનમાં, વાહનમાં, ગૃહમાં, ખેતરોમાં, સંબંધિજનોમાં, મિત્રોમાં, દાસદાસીઓમાં, શબ્દાદિ વિષયોમાં ને પ્રતિષ્ઠામાં સત્ય સુખ શોધવાનો અસાધારણ પ્રયત્ન કરવાની લેશ પણ અગત્ય નથી. જેની પાસે વ્યવહારોપયોગી સર્વ વસ્તુઓ શીઘ્ર આપનાર ચિંતામણિ હોય તે શું રાંકાની પેઠે ઘેર ઘેર ભીખ માગવા નીકળે છે ? તું પોતેજ પરમાનંદરૂપ છે તો પછી તારે બીજા પ્રાણિપદાર્થમાં સુખની ભ્રાંતિ કરી તેને પ્રાપ્ત કરવા શામાટે ભટકવું જોઇએ ? ને હાથે કરીને નકામા શામાટે દુઃખી થવું જોઇએ ? તારા પરમા-

નંદસ્વભાવથીજ આ જગતમાં તને આનંદનું ભાન થાય છે તે ભૂલીશ નહિ. કસ્તૂરીમૃગ જેમ કસ્તૂરી મેળવવા ઘાસ ને માટીમાં તેનો શોધ કરે, તેમ તું આનંદ મેળવવા અન્ય સ્થલે શોધ કરે છે. અહિં તું એક ને અદ્વિતીય હોવાથી તારે રાગ કરવાનો કે દ્વેષ કરવાનો કોઇ પણ વિષય આ જગતમાં વિદ્યમાન નથી. તારે ક્રોધ પણ કોના ઉપર કરવો ? સર્વ દશ્ય તારા સ્વરૂપમાંજ કલ્પિત હોવાથી તારે રાગ, દ્વેષ કે ક્રોધ કરવાયોગ્ય કોઇ પણ સત્ય પ્રાણિપદાર્થ અહિં નથી. હવે તારે ભય પણ કોનાથી પામવું ? અહિં જો બીજું કોઇ દુઃખ દેનારું સત્ય પ્રાણી હોય તો તને તેનું ભય થવાનો સંભવ, પણ અહિં કોઈ પણ અન્ય સત્ય પ્રાણી ન હોવાથી તને ભયની પ્રાપ્તિ કોણ કરી શકે એમ છે ? તું અસંગ હોવાથી કોઇ પણ પ્રાણિપદાર્થ તારો સ્પર્શ કરી તારામાં સુખ, દુઃખ કે ભય ઉપજાવી શકે એમ નથી. કલ્પિત શરીર, ઇંદ્રિયો, પ્રાણ ને અંતઃકરણ કલ્પિત પ્રારબ્ધથી પ્રેરણા પામેલાં ભલે કલ્પિત ક્રિયાઓ કરે, પણ તું તો સર્વદા અક્રિયજ છે તેમાં કર્તાપણું શી રીતે ઉપજી શકે ? તું સર્વદાજ અકર્તા ને અભોક્તા છે. સંસારના કોઈ પણ પ્રકારના ધર્મોનો તારામાં લેશ પણ વાસ્તવિક સદ્ભાવ નથી. બીજા ભૂલથી તારામાં સંસારના કોઇ પણ ધર્મો આરોપે તો તેથી તને કાંઇ હાનિ થવાની નથી. તું વ્યાપક હોવાથી તારાથી ભિન્ન અહિં કોઈ નજ હોવાથી પણ રાગાદિના વિષયોને અભાવે તારામાં રાગાદિ દોષો સંભવતા નથી. વ્યાપકમાં ક્રિયા સંભવે નહિ, તેથી તારામાં સર્વદા અક્રિયપણું છે. તારા પૂર્વોક્ત સ્વભાવોને લીધેજ તું સર્વદા સર્વથા સર્વત્ર સર્વ પ્રકારનાં દુઃખોથી, ભયોથી ને સ્પૃહાઓથી રહિત છે. દુઃખાદિનો તારામાં ગંધ પણ નથી. તારો મહિમા અપાર છે. જરામરણ સ્થૂલશરીરના ધર્મ છે, ટાઢતાપ ત્વચાના ધર્મ છે, હર્ષશોક ને માનાપમાનાદિ અંતઃકરણના ધર્મ છે, ને ક્ષુધાતૃષા પ્રાણના ધર્મ છે, તું તો સદા સર્વ ધર્મોથી રહિત છે.

૪૧. મંદવૈરાગ્ય. ધનનો નાશ થવાથી, સ્ત્રીનો નાશ થવાથી, પુત્રાદિનો નાશ થવાથી, શરીર બહુધા રોગયુક્ત રહેવાથી, કે શરીરને કોઈ અસાધ્ય રોગ

થવાથી આ પૃથિવીપરના શબ્દાદિ વિષયોમાં તથા તેનાં સાધનોમાં જે વૈરાગ્ય ઉપજે તે **મંદવૈરાગ્ય** કહેવાય છે. આ વૈરાગ્ય વિવેકવડે દશ્યમાત્રનું ક્ષણભંગુરપણું ને વિકારીપણું જાણી ઉપજેલો નથી, પણ સંસારમાં પોતાને પ્રાપ્ત થયેલી પ્રતિકૂલતાવડે ઉત્પન્ન થયેલો છે. દીવો જેમ પ્રબલ વાયુનો વેગ લાગવાથી ઓલાઈ જાય છે, તેમ આવો વૈરાગ્ય જો પ્રાપ્ત થયેલા પ્રતિકૂલ પ્રસંગની કોઇ કારણથી નિવૃત્તિ થઇ જાય તો નિવૃત્ત થઇ જાય છે. જેના મનને આવો વૈરાગ્ય પ્રાપ્ત થયો હોય તેણે સંન્યસ્ત ગ્રહણ કરવું નહિ.

૪૨. મધ્યમવૈરાગ્ય. આ જન્મમાં મારે સ્ત્રીની, પુત્રની કે ધનાદિની કાઇજ અગત્ય નથી, જે મારા પ્રારબ્ધમાં **હશે** તે **અન્નવસ્ત્રાદિ** મને અનાયાસે આવી મળશે, ને તેવડે મારુ જીવન જ્યાંસુધી નભવાનું હશે ત્યાંસુધી નભશે. અંતઃકરણની આવી સ્થિતિ તે **મધ્યમવૈરાગ્ય** ગણાય છે. આ વૈરાગ્ય પણ અંતઃકરણમાં વિવેકનો પ્રાદુર્ભાવ થયા વિના ઉત્પન્ન થયો છે. જેમ હુતાશણીનો અગ્નિ વાયુથી ઓલાઇ જતો નથી, પણ તેના ઉપર વૃષ્ટિ પડવાથી તે ઓલાઇ જાય છે, તેમ આવા વૈરાગ્યવાળા પુરુષને પોતાના જેવી સ્થિતિવાળાને જે વિષયો પ્રાપ્ત હોય તેમાં મોહ ઉપજતો નથી, પણ પોતાનાથી બહુ ચઢિયાતી સ્થિતિવાળાને અથવા દેવોને પ્રાપ્ત જે વિષયો છે તે વિષયો તેને પ્રાપ્ત થાય તો તેમાં તેની બુદ્ધિ મોહ પામે છે, ને તેનો વૈરાગ્ય દૂર થઇ જાય છે. આવા વૈરાગ્યવાળાને પણ સંન્યાસ લેવાનો અધિકાર નથી.

૪૩. ઉત્તમવૈરાગ્ય. આ લોકના, **અંતરિક્ષલોકના**, **સ્વર્ગલોકના**, **મહર્લોકના**, **જનલોકના** ને **તપોલોકના** ભોગોમાંથી જેણે પોતાના મનને તૃષ્ણારહિત કર્યું છે, પણ **સત્યલોકના** ભોગોમાં જેને તૃષ્ણા રહી છે તેનો વૈરાગ્ય ઉત્તમપ્રકારનો છે. આ વૈરાગ્યમાં પણ તેની દુઃખમય ભોગતૃષ્ણા દૂર થઇ નથી, અને તેને દશ્યનું મિથ્યાપણું ને અપકારકપણું સમજાયું નથી, તેથી તેનો પણ સંન્યાસમાં અધિકાર નથી. આ વૈરાગ્ય પણ વિવેકથી ઉપજેલો નથી. **સત્યલોકના ભોગો** ઉત્તમપ્રકારના તથા બહુ સમય રહેનારા છતાં પણ

તે નિજાનંદની અપેક્ષાએ તુચ્છ ને બહુસમયપછી પણ વિનાશ પામનારા છે, તેથી મુમુક્ષુઓ તે લોકોના ભોગોને ઇચ્છતા નથી.

૪૪. સર્વોત્તમવૈરાગ્ય. સર્વ દશ્ય વિકારી ને વિનાશી છે. હિરણ્યગર્ભનું ઐશ્વર્ય પણ વિકારી ને વિનાશી છે. અહિં બ્રહ્મવિના કાંઇ પણ અવિકારી ને અવિનાશી નથી. આવા વિવેકના ઉદયવડે હિરણ્યગર્ભના પદમાં પણ અંતઃકરણવિષે ઉદાસીનતા પ્રકટે આવી અંતઃકરણની સ્થિતિ ઉત્તમોત્તમ વૈરાગ્યવાળી (સર્વોત્તમ વિરાગવાળી) ગણાય છે. જ્યારે વેદાંતના શ્રવણ, મનન ને નિદિધ્યાસનમાટેજ મનમાં વેગ રહે, ને હિરણ્યગર્ભનુ પદ પણ બ્રહ્મસ્વરૂપની આગળ બહુ તુચ્છ સમજાય ત્યારેજ તે મનુષ્ય મુમુક્ષુ ગણાય છે, ને તેનોજ સંન્યાસ ગ્રહણ કરવામાં મુખ્ય અધિકાર છે. અંતઃકરણની એવી યોગ્યતા પ્રાપ્ત કર્યા વિના જેઓ સંન્યાસ ધારણ કરી ભગવાં વસ્ત્રો પહેરે છે, ને વેદાંતશ્રવણાદિ નહિ કરતાં આળસુ થઇ પડયા રહે છે, તેઓ સંન્યાસી નહિ, પણ માત્ર સંન્યાસીનો વેશ કાઢનારાઓ છે. આવો વેશ કાઢનારાએ પણ પોતાના જીવાત્માના ભલામાટે આળસ ત્યજી પ્રયત્નપૂર્વક બની શકે તેટલું વેદાંતનું શ્રવણ, મનન ને નિદિધ્યાસન તો કરવાંજ જોઇએ. જેઓ એ પ્રમાણે ન વર્તતાં નકામી લૌકિક કે શાસ્ત્રીય ખટપટોમાં પોતાનો કાલ વ્યતીત કરે છે તેઓ તો પોતાના બંને લોક બગાડે છે. જે મનુષ્યનુ અંતઃકરણ ઉત્તમોત્તમ વૈરાગ્યને પ્રાપ્ત થયું હોય છે તે મનુષ્ય વેદાંતનું પરમાદરપૂર્વક શ્રવણ કરે છે, એકાંતમાં પોતાના સદ્‌ગુરુના ઉપદેશપ્રમાણે આદરપૂર્વક વેદાંતનું મનન કરે છે, અને પોતાના સદ્‌ગુરુએ જેવી રીતે બ્રહ્મધ્યાન કરવાનું કહ્યું હોય તેવી રીતે એકાંતમાં બેસીને પ્રીતિપૂર્વક બ્રહ્મધ્યાન કરે છે. લોભી જેમ દ્રવ્ય મેળવવામાટે ઉત્સુક હોય, કામી જેમ સુંદર કામિની મેળવવામાટે ઉત્સુક હોય, પતિપરાયણા રમણી જેમ પોતાના રસિક રમણને મળવામાટે ઉત્કંઠિત હોય, ચક્રવાક જેમ સૂર્યના દર્શનમાટે ઉત્સુક હોય, ચકોર જેમ ચંદ્રના દર્શનમાટે ઉત્સુક હોય, ઘરભણી આવવા નીકળેલો પ્રવાસી જેમ પોતાને ઘેર પહોંચી જવામાટે ઉત્સુક

હોય, કર્તવ્યનિષ્ઠ વિદ્યાર્થી જેમ પોતાની પરીક્ષામાં ઉત્તીર્ણ થવા ઉત્સુક હોય, સીમમાં ચરવા ગયેલી નવી વિયાયેલી ગાય જેમ પોતાના ધણીને ઘેર આવી પોતાના વાછડાને જોવામાટે ઉત્સુક હોય, ને જુગારી જેમ પૈસા મેળવવાની લાલસાએ જુગાર રમવા જવામાટે ઉત્સુક હોય, તેમ આ મુમુક્ષુ બ્રહ્મના સાક્ષાત્કારમાટે ઉત્સુક હોય છે. તેના મનમાં માત્ર બ્રહ્મસાક્ષાત્કારનીજ વેગવાળી તૃષ્ણા હોય છે, અન્ય કોઇ પણ વિષયની વેગવાળી તૃષ્ણા તેના મનમા હોતી નથી. આવો મુમુક્ષુ બ્રહ્મચારી, ગૃહસ્થ કે વાનપ્રસ્થ હોય તોપણ તે પોતાના કર્તવ્યનો પરિપાક થવાથી બ્રહ્મનો સાક્ષાત્કાર કરવા ભાગ્યશાલી થાય છે. જો ને સ્ત્રી હોય તોપણ તે બ્રહ્મનો સાક્ષાત્કાર કરી કૃતાર્થ થઇ શકે છે.

૪૫. કનિષ્ઠશમ. અંતઃકરણને નિષિદ્ધવિષયોભણી નહિ જવા દેવાનુ બલ તે **શમ** કહેવાય છે. પૂર્વના અસંખ્ય જન્મોમાં અંતઃકરણને અનુકૂલ મનાતા વિષયોમાં જીવે દૃઢ રાગ ને પ્રતિકૂલ મનાતા વિષયોમાં દૃઢ દ્વેષ આરોપ્યો છે. આ દૃઢ રાગદ્વેષથી જીવભાવવાળું અંતઃકરણ જાગ્રત્સ્વપ્નમાં સર્વદા ન્યૂનાધિક ચચલ રહ્યા કરે છે, વાસ્તવિક શાંતિનો અનુભવ કરવા તે ભાગ્યશાલી થતું નથી. શબ્દાદિ વિષયોના વિહિત ને નિષિદ્ધ એવા બે ભેદ છે. તેમાંથી નિષિદ્ધ વિષયોનુ સ્મરણ ઇંદ્રિયોમાં તથા શરીરમાં ક્ષોભ ઉપજાવે છે, અને અંતઃકરણમાં પાપસંસ્કારોની વૃદ્ધિ કરી તેની મલિનતા, સ્થૂલતા ને ચચલતામાં વધારો કરે છે. સત્શાસ્ત્રો ને મહાપુરુષો જે જે વિષયોને નિષિદ્ધ કહે છે તે સર્વ નિષિદ્ધ વિષયોનું સ્મરણધ્યાન અંતઃકરણને ન કરવા દેવું, ને તે જો તેવા વિષયોનું સ્મરણધ્યાન કરવા લાગે તો તેને તુરત તેવી અયોગ્ય પ્રવૃત્તિનું પરિણામ સમજાવી તે વિષયોના સ્મરણચિંતનથી તેને મોકળું કરવું. આવી રીતે નિષિદ્ધ વિષયોના સ્મરણધ્યાનથી અંતઃકરણને રોકવાનું બલ તે કનિષ્ઠ પ્રકારનો **શમ** કહેવાય છે. પોતાનું હિત ઇચ્છનાર પ્રત્યેક સ્ત્રીપુરુષો પ્રથમ ધીરજથી પોતાના અંતઃકરણના સ્વરૂપને ઓળખવું, પછી તેનો જે જે નિષિદ્ધ વિષયોભણી વેગ હોય તેને જાણવો, અને ત્યારપછી ક્રમથી તે નિષિદ્ધ વિષયોના સ્મરણધ્યાનથી તેને મોકળું કરવું.

૪૬. મધ્યમશમ. જે વર્ણવાળાં ને જે આશ્રમવાળાં સ્ત્રીપુરુષને તેમના અધિકારનો વિચાર કરી જે જે વિષયોનો ઉપભોગ કરવાની શાસ્ત્રે અનુમતિ આપી છે તે તે વિષયો તેમને માટે વિહિત ગણાય છે. આ વિહિતવિષયોનુ જે અંતઃકરણ આદરપૂર્વક વારવાર ચિંતન કર્યા કરે છે તે અંતઃકરણ પણ પોતાની મલિનતા, સ્થૂલતા ને ચંચલતામાં વધારો કર્યા કરે છે, પણ પોતાની નિર્મલતા, સૂક્ષ્મતા ને એકાગ્રતામાં વધારો કરવા સમર્થ થતુ નથી. નિર્દોષ પ્રાપ્તવ્યવહારની વેલાએ, શાસ્ત્રોક્ત નિત્યકર્મ કરતી વેલાએ, અને વેદાંતશ્રવણાદિની વેલાએ પોતાના અંતઃકરણને વિહિત વિષયોના સ્મરણથી રોકવાનુ બલ તે **મધ્યમપ્રકારનો શમ** કહેવાય છે. આવા શમને પ્રાપ્ત થયેલુ અંતઃકરણ ઉપર કહેલે સમયે વિષયસ્મરણ ને વિષયધ્યાન કરતું નથી, ને કદાચ તેમાં અલ્પાંશે વિષયસ્ફુરણ થાય તો તે વીજળીના ઝબકારાની પેઠે તુરતજ શાન્ત થઈ જાય છે. જે સ્ત્રીપુરુષો વ્યવહારમાં સુખી થવા ઇચ્છતાં હોય ને પોતાનાં પારમાર્થિક સાધનોનો પરિપાક કરી બ્રહ્મસાક્ષાત્કારવડે કૃતાર્થ થવા ઇચ્છતાં હોય તેમણે અવશ્ય આવો શમ પ્રાપ્ત કરવોજ જોઇએ.

૪૭. ઉત્તમશમ. ઉપર જણાવેલા વિહિત વિષયોનું સ્મરણધ્યાન ઉપર જણાવેલા સમયમાં જે અંતઃકરણ ન કરે, અને તેથી ભિન્ન બીજા સમયમાં પણ તેનું પ્રયોજનજેટલુંજ સ્મરણ સામાન્યવેગથી કરે તે અંતઃકરણ ઉત્તમ પ્રકારના **શમને** પ્રાપ્ત થયેલું ગણાય છે. વિહિત વિષયો પણ અસત્, તુચ્છ ને જીવને બંધન કરનારા છે. તે વિષયોનુ સ્મરણ અંતઃકરણની પવિત્રતા, સૂક્ષ્મતા ને એકાગ્રતાનું પોષક નથી, પણ તેનું વિઘાતકજ છે. પરમાત્માના સ્મરણધ્યાનનો ત્યાગ કર્યા વિના અંતઃકરણથી વિષયનું સ્મરણધ્યાન થઇ શકે નહિ. જે અંતઃકરણ પરમાત્માનું સ્મરણધ્યાન ત્યજી અસાધારણ પ્રયોજનવિના વિહિત વિષયોના સ્મરણધ્યાનમાં જોડાય તે પણ તેની ભૂલજ ગણાય. પરિણામે સર્વ દૃશ્યનુ વિસ્મરણ કરવાનો જે અંતઃકરણે સુદૃઢ નિશ્ચય કર્યો છે તેણે નિરર્થક આવા ચિંતનને શામાટે અવકાશ આપવો જોઇએ ? મુમુક્ષુએ આવો શમ

પ્રાપ્ત કરવો જોઇએ. જે મનુષ્ય આવો ઉત્તમ પ્રકારનો શમ પ્રાપ્ત કરે છે તે વેદાંતના શ્રવણનો મુખ્ય અધિકારી ગણાય છે. આ વીર મનુષ્યજ અંતઃકરણપર આરૂઢ થયેલો ગણાય છે.

૪૮. કનિષ્ઠદમ. શાસ્ત્રોએ અને મહાપુરુષોએ જે જે વિષયોને મનુષ્યના અને જગતના હિતમાટે નિષિદ્ધ જણાવ્યા છે તે તે વિષયોભણી પોતાની કર્મેંદ્રિયોને તથા જ્ઞાનેંદ્રિયોને ન જવા દેવાનું બલ તે કનિષ્ઠ પ્રકારનો દમ ગણાય છે. ઘણા કાલના વિષયસેવનના અનુષ્ઠાનથી ઇંદ્રિયોને અનુકૂલ મનાતા વિષયોભણી દોડવાનો સ્વભાવ પડયો છે, ને પ્રતિકૂલ મનાતા વિષયોથી પરિતાપયુક્ત થવાનો સ્વભાવ પડયો છે. નિષિદ્ધ વિષયોના સેવનથી જીવાત્માને તેના ફલરૂપે આ લોકમાં ને પરલોકમાં દુઃખાનુભવ કરવો પડે છે, માટે વિવેકી મનુષ્યે ધૈર્ય, સાવધાનતા ને દઢતા રાખી નિષિદ્ધ વિષયોભણીના પોતાની ઇંદ્રિયોના વેગો અવશ્ય રોકવા જોઇએ.

૪૯. મધ્યમદમ. જે વર્ણવાળા તથા જે આશ્રમવાળા મનુષ્યને જે વિષયો શાસ્ત્રે નિષિદ્ધ કહ્યા નથી, પણ તેના જીવનની ને તેના વ્યવહારની સિદ્ધિમાટે તેને તે વિષયોનો ઉપભોગ કરવાની શાસ્ત્રે અનુમતિ આપી છે, આવા અનિષિદ્ધ વિષયોના સેવનમાં પણ મર્યાદાવાળા રહેવાનુ બલ અર્થાત્ પોતાની ઇંદ્રિયોને તે વિષયોના સેવનમાં અગત્યજેટલીજ જવા દેવાનું સામર્થ્ય તે મધ્યમ પ્રકારનો દમ કહેવાય છે. ઇંદ્રિયો પ્રયોજનજેટલુંજ વિહિત વિષયનું સેવન ન કરતાં વધારે પ્રમાણમાં વિષયનુ સેવન કરવા લાગે તો તેના ઉપયોગી બલની ક્ષીણતા થાય છે, અંતઃકરણના સાત્ત્વિકબલની ક્ષીણતા થાય છે, અને પરિણામે જીવાત્માના લાભને હાનિ પહોંચે છે, તેથી વિવેકવાળા મનુષ્યે પોતાની ઇંદ્રિયોને તેમના વિષયમાં પ્રયોજનજેટલીજ જવા દેવી જોઇએ, અર્થાત્ તેમના ઉપર યોગ્ય દાબ રાખતાં શીખવું જોઇએ.

૫૦. ઉત્તમદમ. પોતાની પાંચ કર્મેંદ્રિયોને તથા પાંચ જ્ઞાનેંદ્રિયોને તેમના વિહિત વિષયો પોતાના ભણી ખેંચી શકે નહિ એવી રીતે તેમને વશ રાખવાનું સામર્થ્ય પ્રાપ્ત કરવું તે ઉત્તમપ્રકારનો દમ કહેવાય છે. ઇંદ્રિયો જો

પોતપોતાના વિષયોભણી ખેંચાયેલી રહે, અથવા કોઈ પણ વિષય કોઈ પણ ઇંદ્રિયને પોતાના ભણી પોતાનુ સમીપપણું થયે ખેંચી શકે તો તે ઇંદ્રિયો પોતે ચચલ રહે, ને પોતાના વિષયભણી ખેંચાય, એ તો ઉઘાડુજ છે, પણ તે ઇંદ્રિય અંતઃકરણને પણ પોતાની સાથે તે વિષયભણી ખેંચે છે, ને તેને ચચલ રાખી જીવાત્માને પણ ચંચલ રાખે છે. આવી સ્થિતિવાળો જીવાત્મા શાંતિ ને તેનાથી અનુભવાતું વિલક્ષણ સ્થાયી સુખ અનુભવવા ભાગ્યશાલી થતો નથી. જેમ ધનુષ્પરથી છૂટેલું બાણ, વા બંદુકમાંથી નીકળેલી ગોળી, લક્ષ્યભણી વેગથી દોડે છે, અથવા નીચા પ્રદેશભણી બે કાંઠામા વહેતી નદી કાંઠાને ઘસતી છતી ઉતાવળે નીચેના પ્રદેશભણી દોડે છે, તેમ ઇંદ્રિયો પોતપોતાના વિષયોભણી વેગથી દોડે છે, તેથી તેને વશ કરવામાં મોટા ધૈર્ય ને સાવધાનતાની પૂરેપૂરી અપેક્ષા રહે છે. જેમ દશ કાણાવાળા પાત્રમાં ભરેલુ જલ તેમાંથી તુરત બહાર વહી જાય છે, પણ તેમાં રહી શકતું નથી, તેમ અંતઃકરણનુ સ્વાભાવિક સામર્થ્ય પણ ઇંદ્રિયોના બહિર્મુખપણાથી શીઘ્ર બહાર વહી જાય છે, તેમાં રહી શકતું નથી. નેત્રાદિ ઇંદ્રિયોને રૂપાદિ વિષયોના સેવનથી તૃપ્તિ થતી નથી, પણ સર્વદા અતૃપ્તિજ રહ્યા કરે છે. જેમ ભસ્મકરોગવાળો મનુષ્ય ગમે તેટલું અન્ન ખાય, તથા ગમે તેટલુ પાણી પીએ, પણ તેને તૃપ્તિ થાય નહિ, તેમ વિષયાસક્ત ઇંદ્રિયોને ગમે તેટલા વિષયો આપવામાં આવે, તોપણ તેના સેવનથી તેઓ તૃપ્ત થતીજ નથી. જેમ ભસ્મકરોગ દૂર થવાથી મનુષ્યને પરિમિત અન્નજલથી તૃપ્તિ થાય છે, તેમ દમવડે ઇંદ્રિયોને વશ રાખવાથી તેમને પરિમિત વિષયસેવનથી તૃપ્તિ થાય છે. સાધકે વિષયોના અસત્પણાનો, અપકારકપણાનો ને તુચ્છપણાનો વિચાર વારંવાર પોતાના મનમાં જાગ્રત્ રાખવો, અને પોતાની ઇંદ્રિયોને પ્રાયશઃ પોતાના હૃદયાકાશભણી પાછી વાળેલી રાખવી, તેમને વિષયોભણી છૂટી મૂકી દેવી નહિ. આમ કરવાથી તે દમને સિદ્ધ કરી શકશે. જેમ ચુંબકપાષાણ સમીપ આવ્યાથી લોહ તેના ભણી ખેંચાય છે, તેમ અનુકૂલ વિષય સમીપ આવ્યાથી ઇંદ્રિયો તે અનુકૂલ વિષય-

ભણી ખેંચાય છે. જો એ લોહને બાળીને ભસ્મ કરી નાંખવામાં આવે તો પછી ગમે તેવો મોટો ચુંબકપાષાણ તેની સમીપ આવે તોપણ તે લોહભસ્મ તેના ભણી ખેંચાતી નથી, તેમ વિષયોના અત્યંત તુચ્છપણાના નિશ્ચયથી ને પોતાના હૃદયાકાશમાં રહેલા પરમપવિત્ર પરમાનંદના વિચારથી જ્યારે તે ઇંદ્રિયો અંતર્મુખ રહેવાના સ્વભાવવાળી થાય છે, ત્યારે તેની સમીપ ગમે તેવો રમણીય વિષય આવે તોપણ તે ઇંદ્રિયો તેના ભણી રાગપૂર્વક ખેંચાતી નથી, પણ ઊલટી વધારે અંતર્મુખ થતી હોય એમ જણાય છે. જ્યારે પ્રત્યેક ઇંદ્રિય વધારેમાં વધારે અંતર્મુખ થઇ પોતાના અનુકૂલ તથા પ્રતિકૂલ મનાતા વિષયમાંથી રાગદ્વેષ ત્યજી પોતાના ઉપર ઉપકાર કરનાર દેવના ભાવને પામે છે, ત્યારે તે મનુષ્યના અંતઃકરણમાં ઇંદ્રિયોના અંતઃર્મુખપણાના પ્રમાણમાં ન્યૂનાધિક ઇશિભાવ ઉદય પામે છે. વિવેકી પુરુષે ને વિવેકી સ્ત્રીએ બહારના શબ્દાદિ વિષયોભણી ને તેનાં સાધનોભણી દોડતી પોતાની ઇંદ્રિયોને આત્માના શત્રુરૂપ જાણી તેમને વશ રાખવામાટે ઘણામાં ઘણું ધૈર્ય ને સાવધાનતા રાખી સતત સદાગ્રહવાળો પ્રયત્ન ચાલુ રાખવો જોઇએ.

૫૧. શ્રોત્રજય. શ્રોત્રને અનુકૂલ જણાતા શબ્દમાં રાગ ને પ્રતિકૂલ જણાતા શબ્દમાં દ્વેષ રહેલો હોય છે. પુરુષના શ્રોત્રને સ્ત્રીના રાગ ઉપજાવનારા શબ્દો ને સ્ત્રીના શ્રોત્રને પુરુષના રાગ ઉપજાવનારા શબ્દો પ્રિય લાગે છે. બાલકના કાલાકાલા શબ્દો વા પ્રીતિના શબ્દો, કોઇ મનુષ્યે કરેલાં વખાણ, અને ગાયન ને વાદ્યના અનુકૂલ શબ્દો પ્રાયશઃ સ્ત્રીપુરુષ બંનેના શ્રોત્રને પ્રિય લાગે છે. પ્રથમ નિષિદ્ધ શબ્દોના શ્રવણનો પરિત્યાગ કરવો, અને પછી વિહિત શબ્દોના શ્રવણને પરિમિત કરી તેના ઉપરની આસક્તિ પણ ક્રમથી ત્યજી દેવી. આ નિયમ યથાયોગ્ય રીતે બધી ઇંદ્રિયોના જયમાં યોજવો. વિવેકી સ્ત્રીપુરુષે શ્રોત્રને આ પ્રમાણે સમજાવવા નિરંતર પ્રયત્ન કરવો જોઇએઃ—"હે શ્રોત્ર! શબ્દ એ આકાશનો ધર્મ છે, તેમાં તને સુખ આપવાનું કે દુઃખ આપવાનું લેશ પણ સ્વાભાવિક સામર્થ્ય નથી. લોકોના પરંપરાવડે માનવાને

સાચુ માની મન અમુક જાતના શબ્દોને અનુકૂલ માને છે, ને અમુક જાતના શબ્દોને તે પ્રતિકૂલ માને છે, અને મનના તે માનવાને તું સાચુ માની તું અનુકૂલ ગણાતા શબ્દોના શ્રવણથી શીતલ થાય છે, ને પ્રતિકૂલ ગણાતા શબ્દોના શ્રવણથી તું તપે છે. આકાશના ધર્મરૂપ શબ્દથી તારે શીતલ થવાની વા તપવાની લેશ પણ અગત્ય નથી, પણ તે બંનેના સંબંધનુ લોકોનુ માનવુ ભ્રાંતિરૂપ ગણી તારે તો સર્વદા સમભાવરૂપ શાંતિમાંજ રહેવું જોઇએ. વળી શરીરમાં ઊઠતો અનાહતધ્વનિ સાંભળવાને બદલે શરીરની બહારના ધ્વનિઓ સાંભળવાનું તારે શું પ્રયોજન છે?" જે સાધક પોતાના શ્રોત્રને આવી રીતે સમજાવી તેનો જય કરી તેને સમભાવમાં રાખવા ભાગ્યશાલી થાય છે તે સાધક પોતાના હૃદયને શાંત કરવાના કામમાં આગળ વધી સુખી થાય છે.

પર. ત્વગ્જય. જીવભાવને વશ વર્તનારાં માણસોની ત્વચાનો લોકોમાં અનુકૂલ મનાતા સ્પર્શવાળા પ્રાણિપદાર્થોનો સ્પર્શ કરવાભણી વિકાસપૂર્વક વેગ રહે છે, અને લોકોમાં પ્રતિકૂલ મનાતા સ્પર્શવાળા પ્રાણિપદાર્થોનો સ્પર્શ નહિ કરતાં સંકોચપૂર્વક તેનો પાછો વળવાનો વેગ રહે છે. પ્રાણીઓની ત્વચા આદિમાં રહેલી પ્રબલ વીજળી અન્ય શરીરધારી પ્રાણીઓની ત્વચા આદિમાં વા પદાર્થમાં રહેલી નિર્બલ વીજળીભણી ખેચાય છે. ત્વચાને હૃદયાકાશભણી વા મૂર્ધાકાશભણી આકર્ષણ કરવાનો અભ્યાસ કરવાથી ને તેની આસપાસ વ્યાપી રહેલી ચિતિશક્તિનો સ્પર્શ કરાવ્યા કરવાથી, તથા અન્ય મોહક પ્રાણિપદાર્થોનું મલિનપણું તથા અપકારકપણું સતત વિચાર્યા કરવાથી ત્વચાનો વિકાસપૂર્વક થતો બાહ્યવેગ શાંત થાય છે, ને તે અંતઃકરણનું બહારના પ્રાણિપદાર્થભણી આકર્ષણ નહિ કરતાં તેને (અંતઃકરણને) વશ વર્તવા લાગે છે, તથા શાંત રહે છે.

પ૩. નેત્રજય. નેત્રનો રૂપનામના વિષયભણી પ્રબલ વેગ હોય છે. જેમ સૂર્યાદિના પ્રકાશનો વેગ ઘણો છે, તેમ નેત્રના પ્રકાશનો વેગ પણ ઘણો છે. બંદુકમાંથી નીકળેલી ગોળી જેમ શીઘ્ર લક્ષ્યમાં લાગે છે, તેમ નેત્રની

વૃત્તિ પણ શીઘ્ર ઇચ્છિત રૂપવાળા પદાર્થ કે પ્રાણીપર જઇને ચોંટે છે. સર્વે રૂપોનુ ક્ષણપરિણામીપણું ને વિનાશીપણું વિચારતા રહેવાથી અને નેત્રના બહિર્મુખપણાથી આત્માનો પરમોપકારક સાક્ષાત્કાર થવાનો અસંભવ છે આ વિચાર પણ સાથે સાથે નિત્ય કરતા રહેવાથી, ત્રાટકના અભ્યાસવડે તેની ચંચલતા દૂર કરી તેને હૃદયાકાશભણી કે મૂર્ધાકાશભણી પાછુ વાળવાનો પ્રયત્ન ચાલુ રાખવાથી, બહારના પ્રાણિપદાર્થમાં રહેલા પરમરમણીય બ્રહ્મ-સ્વરૂપમાં તેને વારવાર જોડવાથી, અને ચાલતાં, ઊભા રહેતાં, ને બેસતાં તેને પરિમિત પ્રદેશથી દૂર નહિ જવાનો સ્વભાવ પાડવાથી તેનો સારી રીતે જય કરી શકાય છે.

૫૪. રસનાનો જય. રસનાનો મધુરાદિ રસોભણી વેગ હોય છે. વિવેકીએ પ્રથમ અંતઃકરણમાં રજોગુણની તથા તમોગુણની વૃદ્ધિ કરનારા ભક્ષ્યાદિ પદાર્થોનો ધૈર્ય, સાવધાનતા ને દૃઢતાથી ત્યાગ સેવવો. પછી ખાવાના તથા પીવાના સત્ત્વગુણી પદાર્થોમાં જે અમર્યાદિત રાગ રહ્યો હોય તેને દૂર કરવો. રસપરના રાગથી અત્યાહાર થાય છે, તે અત્યાહારથી અજીર્ણ થઇ ઘણા રોગોની ઉત્પત્તિ થવાનો સભવ રહે છે, ને એ રોગો જીવને દુઃખનો અનુભવ કરાવે છે. અત્યાહારથી શરીરાદિ વ્યાકુલ હોય તેથી આસન, જપ, પ્રાણાયામ, પ્રત્યાહાર કે ધારણાનો અભ્યાસ થઇ શકે નહિ, તેથી પરમાર્થના સાધનમાં આગળ ન વધી શકાય. અત્યાહારી લોકોમાં પ્રેતજેવો ગણાઇ અપમાનને પાત્ર થાય છે. આમ સર્વ પ્રકારે રસમાં આસક્તિ રાખનાર મનુષ્યને હાનિ થાય છે, માટે પોતાની રસનાને રસમાં લોલુપ રાખવી યોગ્ય નથી એવા વિચારથી, જીભના અગ્રમાં રહેલા પરમાત્માજ પરમરસરૂપ છે આવો વિચાર જાગ્રત્ રાખવાથી, રસનાને હૃદયાકાશભણી કે મૂર્ધાકાશભણી પાછી વાળ-વાનો અભ્યાસ ચાલુ રાખવાથી, તથા પરિમિત ને પથ્ય આહાર લેવાનો સંકલ્પ કરી તેજ પ્રમાણે વર્તવાનો સ્વભાવ રાખવાથી રસનાનો જય કરી શકાય છે.

દોહરો.

આધાર જીવ ને જગતનો, સત્ ચિત્ આનંદ સાર;
અભેદભાવે અનુભવી, પામે જીવ દુઃખપાર. ૧

૫૫. ઘ્રાણજય. દુર્જનોએ, આચારનું યથાયોગ્ય પરિપાલન નહિ કરનારાએ, હીનવર્ણવાળાએ અને ધર્મપાલનાદિમાં પોતાનાથી ઊતરતાએ વાપરેલાં પુષ્પ, ચંદન કે અત્તરાદિનો સુગંધ નહિ લેવાનો નિયમ રાખવાથી, પ્રયોજનવિના પુષ્પ, ચંદન કે અત્તરાદિનો સુગંધ લેવાનો ત્યાગ સેવવાથી, અને ગુરુ કે દેવને ચઢેલાં પુષ્પ, ચંદન કે અત્તરનો, માત્ર પ્રસાદી સમજીને પોતાના અંતઃકરણાદિની પવિત્રતામાટેજ પરિમિત ઉપયોગ કરવાનો સ્વભાવ રાખવાથી ઘ્રાણનો જય કરી શકાય છે. વળી પરમાત્માજ પરમસુગંધમય છે, અને બહારના સર્વ સુગંધોમાં અવશ્ય ન્યૂનાધિક અંશે મલિનતા રહેલી હોય છે એવો વિચાર રાખી તેના બાહ્યવેગો હૃદયાકાશભણી વા મૂર્ધાકાશભણી પાછા વાળવાનો પ્રયત્ન ચાલુ રાખવાથી પણ તેનો સારી રીતે જય કરી શકાય છે.

૫૬. વાગ્જય. વાણીના દેવ અગ્નિ બહુ તીક્ષ્ણસ્વભાવવાળા છે, તેથી વાણી બહુ બાહ્યવેગવાળી રહે છે, અર્થાત્ તેનો નિરર્થક વેગ બહુ રહે છે એવો તેનો સ્વભાવ બોલનારને, સાંભળનારને વા અન્યને પણ ઘણી વેલા હાનિકર થાય છે. બોલતાપહેલાં બોલનારનુ વાણીપર સ્વામિત્વ હોય છે, પણ બોલ્યા પછી બોલનાર બોલેલા શબ્દોનો દાસ બની જાય છે. વાણીને વશ નહિ રાખવાથી આ પૃથિવીપર ઘણા અનર્થો થયેલા ગ્રંથોમાં વાંચ્યા છે, ને વૃદ્ધોદ્વારા સાંભળ્યા છે, અને કેટલાક અનર્થો ઘણા મનુષ્યોએ સ્વાનુભવથી પણ જાણ્યા છે. વાણીનો પ્રયોજનવિના વ્યાપાર નહિ કરવાનો નિયમ રાખવાથી, નિષિદ્ધ ભાષણનો દૃઢતાપૂર્વક ત્યાગ સેવવાથી, તેને જપમાં જોડી રાખવાનો સ્વભાવ પાડવાથી, અને તેના અવયવોના બાહ્યવેગને હૃદયાકાશભણી વા

મૂર્ધાકાશભણી પાછો વાળવાનો પ્રયત્ન ધૈર્ય ને સાવધાનતાથી ચાલુ રાખવાથી વાણીનો જય કરવા સાધક ભાગ્યશાલી થાય છે.

૫૭. હસ્તજય. હાથના નિરર્થક અને અપકાર કરનાર બાહ્યવેગોને ઓળખવા, તથા તેમને ધૈર્ય ને સાવધાનતા રાખીને તથા વિહિતવ્યાપારમાં જોડીને ક્રમપૂર્વક ત્યજવા. પછી વિહિત બાહ્યવેગોને પણ પરિમિત કરવા, અને કોઈ કોઈ વેલા તેમને બાહ્યવેગરહિત રાખવાનુ બલ પણ મેળવવું. હાથમાંના જ્ઞાનતંતુઓના તથા ગતિતંતુઓના બાહ્યવેગને પાછો વાળી બ્રહ્મરંધ્ર-ભણી લઈ જવાનો તથા ત્યાં તેને કેટલોક સમય સ્થિર કરવાનો પ્રયત્ન પણ હાથનો જય કરવામાં સાહાય્ય કરનાર થાય છે.

૫૮. પાદજય. પગના જે જે વ્યાપારથી વ્યવહારમાં હાનિ પહોંચે, આરોગ્યની વા પ્રતિષ્ઠાની હાનિ થાય, અને જીવાત્માને નવા જન્મમાં તેનાં કડવાં ફલો અનુભવવાં પડે તે સર્વ વ્યાપારથી પગને રોકવા ધૈર્ય ને સાવધાનતાથી પ્રયત્ન કરવો જોઇએ. તેની પ્રત્યેક પ્રવૃત્તિ પરિણામ વિચારીને કરવાનો સ્વભાવ પાડવો. જીવાત્મા જો સ્થિર ચિત્તે વિચાર કરે તો તેને ન્યૂનાધિક અંશે સમજવામાં આવે કે તેની કઇ પ્રવૃત્તિ પરિણામે હાનિકર છે, અને તેની કઇ પ્રવૃત્તિ પરિણામે લાભકર છે. પગમાં રહેલા મજ્જાદ્રવ્યને પ્રથમ મૂલાધારભણી ખેંચી પછી હૃદયાકાશભણી કે મૂર્ધાકાશભણી તેને પાછુ વાળવાનો પ્રયત્ન ચાલુ રાખવાથી પગને વશ કરી શકવાનુ બલ પ્રાપ્ત થાય છે.

૫૯. ઉપસ્થજય. ઉદર (જીભ) તથા ઉપસ્થને વશ નહિ રાખવાથી જીવને આ લોકમાં તથા પરલોકમાં ઘણા કડવા અનુભવો કરવા પડે છે. તેના સર્વ નિષિદ્ધ વ્યાપારો શ્રદ્ધા, ધૈર્ય ને સાવધાનતાથી રોકવા પ્રયત્ન કરવો જોઇએ. જેમ મન તથા પ્રાણનો જય કરવામાં સદાગ્રહવાળો વિહિત પ્રયત્ન લાંબો સમય કરવો પડે છે, તેમ આ ઉપસ્થના જયમાં પણ સદાગ્રહવાળો વિહિત પ્રયત્ન લાંબો સમય કરવો પડે છે. થોડી ક્ષણોના તુચ્છ સુખની લાલસાને વા ઉપભોગને વશ થઇને અંતઃકરણને પવિત્ર, સૂક્ષ્મ ને શાંત કરવાના

પોતાના ઉદ્દેશને હણી નાંખવો નહિ. તેના વિહિત વ્યાપારમાં પણ પરિમિત થઇ અંતે તે વ્યાપારનો પણ નિરોધ કરવાથી તનમનને તથા જીવાત્માને બહુ લાભ થાય છે. વિષયસુખના અસત્પણાનો, તુચ્છપણાનો ને અપકારકપણાનો વિચાર અંતઃકરણમાં જાગતો રાખવાથી, મન તથા ઇંદ્રિયોને વિકારી કરનારા પ્રસંગોથી દૂર રહેવાથી, તથા ઉપસ્થમાં રહેનારા અપાનવાયુને અને સપ્તમ ધાતુને સુષુમ્ણાદ્વારા હૃદયાકાશભણી વા મૂર્ધાકાશભણી લઇ જવાનો પ્રયત્ન ચાલુ રાખવાથી ઉપસ્થનો જય કરી શકાય છે.

૬૦. પાયુજય. વિવેકને બલવાન્ કરવાથી અને પાયુમાં રહેનારા અપાનવાયુને હૃદયાકાશભણી વા મૂર્ધાકાશભણી લઇ જવાનો પ્રયત્ન ચાલુ રાખવાથી પાયુનો જય કરી શકાય છે

૬૧. મંદશ્રદ્ધા. પોતાના સદ્ગુરુનાં અને સતશાસ્ત્રનાં વચનોમાં કનિષ્ઠ પ્રકારનો જડતાવાળો વિશ્વાસ તે મંદશ્રદ્ધા વા તામસી શ્રદ્ધા કહેવાય છે. મંદશ્રદ્ધાવાળો મનુષ્ય પોતાના સદ્ગુરુનાં તથા સતશાસ્ત્રોનાં વચનોને સાંભળીને આરંભમા કાંઇક ઝાંખી શ્રદ્ધા પોતાના અંતઃકરણમાં પ્રાપ્ત કરે છે, પણ પછી વિપરીત વિચારવાળા પામરોનાં ને નાસ્તિકોનાં વચનો સાંભળવાથી વા તેવા મનુષ્યોએ લખેલા લેખો વાંચવાથી તે ઝાંખી શ્રદ્ધાને પણ તે બલહીન કરી નાખે છે, પણ સતસંગનુ વધારે સેવન કરીને, પોતાના સદ્ગુરુનાં ને સતશાસ્ત્રોનાં વચનોનુ યોગ્ય પુરુષોદ્વારા રહસ્ય સમજવાનો પ્રયત્ન કરીને, અને પોતાના અંતઃકરણમાં રહેલા પાપસંસ્કારોને શુભકર્મોના અનુષ્ઠાનવડે તથા પરમાત્માની ભક્તિવડે દૂર કરીને, પોતાના અંતઃકરણમાં રહેલી મંદશ્રદ્ધાને ક્રમપૂર્વક મધ્યમશ્રદ્ધા તથા ઉત્તમ-શ્રદ્ધા કરવા તે પ્રયત્ન સેવતો નથી. મંદશ્રદ્ધાવાળાથી વિહિત શુભકર્મ, ભક્તિ, યોગ કે જ્ઞાન એમાંનું કાંઇ યથાયોગ્ય પ્રાપ્ત કરી શકાતું નથી, ને મનની ભ્રમણાવાળી અનિશ્ચિત સ્થિતિમાં તેનું મનુષ્યજીવન પૂરું થઇ જાય છે. પોતાનું હિત ઇચ્છનાર મનુષ્યે જો પોતાના અંતઃકરણમાં મંદશ્રદ્ધા હોય તો તેને ક્રમથી ઉત્તમ પ્રકારની શ્રદ્ધા કરવામાટે ઉપર દર્શાવેલા ઉપાયોનું સદાગ્રહપૂર્વક સેવન કરવું જોઇએ.

૬૨. મધ્યમશ્રદ્ધા. પોતાના સદ્‌ગુરુનાં ને સત્‌શાસ્ત્રનાં જે વચનો પોતાની બુદ્ધિમાં ઊતરે તેમાં જેને ઉત્તમ પ્રકારનો વિશ્વાસ બેસે, પણ તેમનાં જે વચનો પોતાની બુદ્ધિમાં ન ઊતરે ત્યાં પોતાની બુદ્ધિની અપાત્રતાનો વિચાર નહિ કરતાં તે વચનોને જે ભ્રાન્તિવાળાં માને તે **મધ્યમપ્રકારની શ્રદ્ધાવાળો** વા રાજસી શ્રદ્ધાવાળો માણસ ગણાય છે. આવી શ્રદ્ધાવાળો માણસ અર્ધા કપટયુક્ત હૃદયવાળો હોવાથી પોતાના પારમાર્થિક અભ્યાસમાં આગળ વધી શકતો નથી, તેથી તે કૃતાર્થ પણ થઇ શકતો નથી. આવા પ્રકારની શ્રદ્ધાવાળા મનુષ્યે જે વિષયના સંબંધમાં પોતાને શંકા રહે તેનું સમાધાન પોતાના સદ્‌ગુરુને પૂછવું, અને તેઓશ્રી કૃપા કરીને પ્રમાણ, યુક્તિઓ ને દૃષ્ટાંતથી જે સમાધાન આપે તે લક્ષ્ય દઇ સાંભળવું. આવો પ્રયત્ન જ્યાંસુધી પૂરું સમાધાન થાય ત્યાંસુધી ચાલુ રાખવો જોઇએ.

૬૩. ઉત્તમશ્રદ્ધા. પોતાના શ્રીસદ્‌ગુરુનાં ને સત્‌શાસ્ત્રનાં પરમમધુર અને પરમહિતકર વચનોમાં કારણસહિત અડગ વિશ્વાસ તે ઉત્તમ પ્રકારની વા સાત્ત્વિકી **શ્રદ્ધા** કહેવાય છે. આવી શ્રદ્ધાવાળો સુભાગી પુરુષજ પરમાત્માની અનન્યભક્તિને પ્રાપ્ત કરી શકે છે, આવી શ્રદ્ધાવાળો ભાગ્યવાન્ પુરુષજ સંપ્રજ્ઞાત તથા અસંપ્રજ્ઞાત યોગને સિદ્ધ કરી શકે છે, અને આવી **શ્રદ્ધાવાળો નરશ્રેષ્ઠજ** બ્રહ્મના સ્વરૂપનો સાક્ષાત્કાર કરી શકે છે. ટુંકામાં કહીએ તો આવી શ્રદ્ધાવાળો પુરુષ ઇચ્છિતને પ્રાપ્ત કરી કૃતાર્થ થઇ શકે છે. ઘણા પુણ્યસંસ્કારોના પરિપાકવિના મનુષ્યના હૃદયમાં આવી શ્રદ્ધાનો ઉદય થતો નથી. પાપસંસ્કારોથી ભરેલા હૃદયવાળા મનુષ્યો કુતર્ક કરવામાં પ્રીતિવાળા ને દુરાચરણી હોય તેથી તેમને આવી ઉત્કૃષ્ટ શ્રદ્ધાનો લાભ શી રીતે થઇ શકે? જેમ **સિંહલદ્વીપમાં** રહેનારને કેદારનાથની પ્રાપ્તિ દુર્લભ છે, ભાગ્યહીનને ચિંતામણિની પ્રાપ્તિ દુર્લભ છે, ને પાપીઓને સુખની પ્રાપ્તિ દુર્લભ છે, તેમ કુસંસ્કારવાળાઓને ઉત્તમ પ્રકારની શ્રદ્ધાની પ્રાપ્તિ દુર્લભ છે. વિવેકીએ પાપી વિચારોથી ને પાપકર્મોથી દૂર રહી, શુભકર્મોમાં પ્રીતિ રાખી, મહાપુરુષોની ભાવપૂર્વક સેવા કરી, અને તેવા પુરુષોના

ઉપદેશ આદરપૂર્વક સાંભળી, પોતાના અંતઃકરણમાં ઉત્તરોત્તર શ્રદ્ધાનો વધારો કરવા પ્રયત્નશીલ રહેવું જોઇએ. શ્રદ્ધા એકથી નવસુધીના કોઇ પણ અંકરૂપ છે, ને બીજાં સાધનો શૂન્યરૂપ છે. જો શ્રદ્ધારૂપ કોઇ પણ અંક હોય તોજ તે શૂન્યરૂપ સાધનો દશદશગણાં મૂલ્યવાન્ થાય છે, નહિ તો તે બધાં સાધનો દંભરૂપ થઇ જાય છે, ને તે સાધકને તે ઉપકારને બદલે અપકાર કરનારા થાય છે. હે વિવેકવાળા મનુષ્યો ! તમે સદાગ્રહવાળો ને સાવધાનતાવાળો પ્રયત્ન કરીને આવી ઉત્કૃષ્ટ શ્રદ્ધા તમારા અંતઃકરણમાં આવિર્ભાવ પામે એમ કરો. આમ કરવાથી તમને લેશ પણ હાનિ થવાની નથી, કિંતુ તમને લાભજ થશે. શ્રદ્ધાયુક્ત અંતઃકરણથી કરવામાં આવતાં સાધનો એકડાઉપર મીંડાં વધારવાના જેવું કામ કરે છે, અને શ્રદ્ધાવિનાના અંતઃકરણથી કરવામાં આવતાં સાધનો એકડાની પછવાડે મીંડાં વધારવાના જેવુ કામ કરે છે, તે વિવેકી મનુષ્યે કદીપણ ભૂલવાનુ નથી. વારંવાર પ્રભુપાસે ભાવપૂર્વક આવી સર્વ-સુખદાયિની શ્રદ્ધા માગ્યા કરો, ને તેને પ્રાપ્ત કરવા તમે ભાવપૂર્વક સતત પ્રયત્ન પણ કરતા રહો.

૬૪. મંદસમાધાન. માનાપમાન, સ્તુતિનિંદા, હાનિલાભ, ભૂખતરસ, ટાઢતડકો, પોતાના માનેલા પ્રાણિપદાર્થોનું અનુકૂલપણુંપ્રતિકૂલપણું, પોતાના શરીરની અનુકૂલપ્રતિકૂલ સ્થિતિ, અને અંતઃકરણમાં સુખદુઃખ ઉપજાવનારા અન્ય પ્રસંગો પ્રાપ્ત થયે અંતઃકરણમાં એકાએક સુખદુઃખરૂપ ક્ષોભ થઇ આવે, તેથી અંતઃકરણની શાંતિ ચુંથાઇ જાય, હર્ષ વા ખેદની વૃત્તિઓના પ્રવાહ વહેવા લાગે, પણ પછી એક દિવસે, બે દિવસે, વા હદ ત્રણ દિવસે પોતાના અંતઃકરણને પ્રભુની ઇચ્છાના બલવાન્પણાના વિચારવડે, વા પ્રારબ્ધકર્મના બલવાન્પણાના વિચારવડે, અથવા પોતાના આત્માના અસંગપણાના વિચારવડે, અંતઃકરણના તે ક્ષોભને સારી રીતે શમાવી પોતાના અંતઃકરણને શાંત કરી શકાય, અર્થાત્ તે વૃત્તિઓના પ્રવાહોને દૂર કરી નાંખી તેને શાંતિમાં લાવી શકાય તે મંદસમાધાન કહેવાય છે. જેમને પોતાની મેળે આવા પ્રસંગમાં સમાધાન પ્રાપ્ત થઇ શકતુ નથી, ને બીજાના ઉપદેશથી પણ

જેઓ પોતાના મનને સમાધાન આપી શકતા નથી, પણ ઘણો સમય જવાથી મનના સ્થિતિસ્થાપકસ્વભાવને લઇને જેમના મનનું કાંઇક અંશે સમાધાન થાય છે તેના કરતા આ મંદસમાધાનવાળા ચઢિયાતા અંતઃકરણયુક્ત છે, તોપણ મધ્યમસમાધાનવાળાથી ને ઉત્તમસમાધાનવાળાથી આ સમાધાનવાળા ઊતરતા છે, ને વાસ્તવિક મુમુક્ષુએ તો ઉત્તમ પ્રકારનુ સમાધાન મેળવવું જોઇએ, માટે તેણે આવા સમાધાનની પ્રાપ્તિ કરીને અટકી નહિ રહેતા ઉત્તરોત્તર મધ્યમ-સમાધાન તથા ઉત્તમસમાધાનને પ્રાપ્ત કરવા સર્વદા પ્રયત્ન સેવવા જોઇએ.

૬૫. મધ્યમસમાધાન. આગળ જણાવેલો કોઇ પણ અનુકૂલ કે પ્રતિકૂલ પ્રસંગ જ્યારે પ્રાપ્ત થાય ત્યારે જે મનુષ્યના અંતઃકરણમાં મધ્યમ-વેગવાળો સુખની વા દુઃખની વૃત્તિઓને ઉપજાવનારો ને વહેવરાવનારો ક્ષોભ ઉપજે, પણ બે ઘડી, ચાર ઘડી, કે છ ઘડીમાં ઇશ્વિરની ઇચ્છાના પ્રબલપણાના વિચારવડે, વા પોતાના પ્રારબ્ધકર્મના ફલના ભોગના વિચારવડે, વા પોતાના આત્માના અત્યંતઅસંગસ્વભાવના વિચારવડે, અંતઃકરણના તે ક્ષોભનુ ઘણે અંશે સમાધાન કરી પોતાના અંતઃકરણને શાંતિમાં સ્થાપન કરી શકાય તે મધ્યમસમાધાન જાણવું. આવા સમાધાનવાળાએ સર્વદા યોગ્ય પ્રયત્ન કરી ઉત્તમસમાધાન પ્રાપ્ત કરવું જોઇએ.

૬૬. ઉત્તમસમાધાન. કોઈ પણ પ્રકારનો સાધારણ, મધ્યમ કે અસાધારણ પ્રતિકૂલ પ્રસંગ પ્રાપ્ત થાય, વા સાધારણ, મધ્યમ કે અસાધારણ અનુકૂલ પ્રસંગ પ્રાપ્ત થાય, તોપણ પોતાના મનને ખેદવાળું કે હર્ષવાળું ન થવા દેતાં તેને પૂર્વક્ષણની પેઠે સમભાવમાં રાખવાનું જે મનનું સામર્થ્ય તે ઉત્તમસમાધાન કહેવાય છે. પોતાના પ્રબલ પ્રારબ્ધકર્મનું ઉદય પામેલુ ફલ ચિત્તને સમભાવમાં રાખીને ભોગવવામાંજ શોભા છે એવા અડગ વિચારવડે, અથવા પરમાત્મા જે જે પ્રસંગો ઉત્પન્ન કરી ભક્તની આગળ રાખે તે તે પ્રસંગો પરમાત્માએજ આવિર્ભાવ કરેલા તથા પ્રતીત કરાવેલા હોવાથી તેમને સમભાવથીજ વિલોકવા એજ અનન્યભક્તનું કર્તવ્ય છે એવા અડગ વિચાર-

વડે, કિંવા મારી જ્ઞાનેંદ્રિયોવડે અને મારા અંતઃકરણવડે આ એવે રૂપે જે જે પ્રાણિપદાર્થો મને પ્રતીત થાય છે તે તે પ્રાણિપદાર્થો અત્યંતમિથ્યા હોવાથી મને આ એવે રૂપે પ્રતીત થતો અનુકૂલ વા પ્રતિકૂલ પ્રસંગ પણ અત્યતમિથ્યાજ ગણવાયોગ્ય છે, મારા આત્માની સાથે તેનો કોઇ પણ પ્રકારનો વાસ્તવિક સંબંધ નથી, હું તો સર્વદા સદ્ઘન, ચિદ્ઘન, આનંદઘન, અસંગ ને પૂર્ણકામ છું, આવા પોતાના શુદ્ધસ્વરૂપના અડગ વિચારવડે, મનુષ્ય પોતાના અંતઃકરણને ઉત્તમસમાધાનવાળુ રાખવા સમર્થ થાય છે.

૬૭. મંદોપરતિ. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ વિષયોમાં, અને તેની પ્રાપ્તિનાં સાધનોરૂપ કર્મ તથા દ્રવ્ય ને તે વિષયોના આશ્રયરૂપ પ્રાણીઓ તથા પદાર્થોમાં, ઝાંખું દોષદર્શન ચાલુ રહેવાથી તે વિષયાદિમાં પોતાના અંતઃકરણની સાધારણ વેગવાળી ઉદાસીનતા રહે તે મંદોપરતિ વા મંદોપશમ કહેવાય છે. જેમ મનુષ્યને જે ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય ને ચોષ્ય એવા આહારના પદાર્થોમાંથી જે પદાર્થો પોતાની શરીરપ્રકૃતિને અનુકૂલ ન આવતા હોય તેમાં તે મનુષ્યના અંતઃકરણની સાધારણ ઉદાસીનતા રહે છે, પણ ક્વચિત્ ક્વચિત્ તે પદાર્થભણી રાગનો વેગ વધવાથી તે પદાર્થનું ન્યૂનાધિક ભક્ષણ થઇ જાય છે, તેમ જે વિષયાદિમાં ઝાંખા દોષદર્શનવડે અંતઃકરણમાં ઝાંખી ઉદાસીનતા રહેતી હોય તે તે વિષયાદિમાં સંગાદિવડે રાગનો વેગ વધવાથી તે તે વિષયાદિના સેવનમાં ઇંદ્રિયો ને અંતઃકરણ ન્યૂનાધિક વેગવાળાં થઇ જાય છે. આ મંદોપરતિવાળા મનુષ્યનુ મન પ્રાયશઃ સાધારણ શાંતિ ને તજ્જન્ય સુખનો અનુભવ કરે છે. ક્વચિત્ ક્વચિત્ રાગાદિના આવિર્ભાવવડે તેના ચિત્તની શાંતિ ન્યૂનાધિક અંશે ચુંથાઇ પણ જાય છે.

૬૮. મધ્યમોપરતિ. શબ્દાદિ વિષયોમાં, તેમની પ્રાપ્તિનાં સાધનોમાં, અને તે વિષયોના આશ્રયોમાં, શાસ્ત્રવાચન, શાસ્ત્રશ્રવણ, વિવેકીઓનો સમાગમ, ને પોતાનો વિચાર એ સામગ્રીવડે મધ્યમપ્રકારનું દોષદર્શન રહેવાથી તે વિષયાદિમાં મનુષ્યના અંતઃકરણની મધ્યમવેગવાળી ઉદાસીનતા રહે તે મધ્યમો-

પરતિ વા મધ્યોપશમ કહેવાય છે. જેમ કોઇ મનુષ્યે કોઈ પદાર્થનું ભક્ષણ કરીને અથવા કોઇ પદાર્થનું પાન કરીને તુરત વમન કર્યું હોય તો તે વમન કરેલા પદાર્થમાં કેટલાક સમયસુધી તે મનુષ્યના અંતઃકરણમાં પ્રીતિ ઉપજતી નથી, અને તેથી તેનું ભક્ષણ કરવાની અથવા પાન કરવાની તેની પ્રવૃત્તિ પણ થતી નથી; પણ પછી મનના ગતપ્રસંગના વિસ્મરણ કરવાના સ્વભાવથી અને તે પદાર્થ ખાનારના અથવા પીનારના સંગથી પુનઃ તે પદાર્થના ભક્ષણમાં અથવા પાનમાં મનુષ્યની મધ્યમ-વેગવાળી પ્રવૃત્તિ થવાનો સંભવ રહે છે, તેમ જે વિષયાદિમાં મધ્યમપ્રકારનું દોષદર્શન તથા ઉદાસીનતા થયાં હોય તે વિષયાદિમાં વિપરીત સંસ્કારના ઉદયવડે અને વિષયી જનોના સંગવડે મનુષ્યને પુનઃ રાગ પ્રકટે છે, અને અંતઃકરણ તે વિષયના ચિંતનમાં ને ઇંદ્રિયો તે વિષયના સેવનમાં મધ્યમવેગપૂર્વક પ્રવૃત્ત થાય છે. આવી ઉપરતિવાળા મનુષ્યોનું મન કેટલીક વાર વિષયચિંતનમાં જોડાય છે, અને કેટલીક વાર તેમાં દોષદર્શન કરી ઉદાસીન રહે છે. આવા અંતઃકરણવાળા મનુષ્યનુ ચિત્ત મધ્યમપ્રકારની શાંતિનો અનુભવ કરે છે.

૬૯. **ઉત્તમોપરતિ.** શબ્દાદિ વિષયોમાં, તેનાં દૃષ્ટાદૃષ્ટ સાધનોમા, અને તે વિષયોના આશ્રયોમાં ઉત્તમોપરતિવાળાના સમાગમથી, ઉપરતિનુ માહાત્મ્ય જણાવનારાં શાસ્ત્રોના શ્રવણવાચનથી, અને પોતાના અંતઃકરણના વિવેકવૈરાગ્યાદિના સામર્થ્યથી તે વિષયાદિમાં તીવ્રદોષદર્શનવડે મનુષ્યનું અંતઃ-કરણ ઉત્તમ પ્રકારની ઉદાસીનતાવાળું રહે તે ઉત્તમ પ્રકારની ઉદાસીનતા ઉત્તમો-પરતિ વા ઉત્તમોપશમ કહેવાય છે. જેમ મરણના હેતુરૂપ વિષમાં મનુષ્યની સ્વાભાવિક ઉદાસીનતા છે, અર્થાત્ પોતાના જીવનને ઇચ્છનારો કોઈ પણ વિવેકી મનુષ્ય વિષનું ભક્ષણ કરવા પ્રવૃત્ત થતો નથી, તેમ વિષયાદિમાં રહેલો ઘાટો અનુરાગ બ્રહ્મમાં ચિત્તની એકાગ્રતા થવા દેતો નથી એમ સમજવામાં આવવાથી તે વિષયાદિને પોતાના આધ્યાત્મિક જીવનનાં વિઘાતક સમજી તેઓમાં સ્વાભાવિક ઉદાસીનતા રહે, અર્થાત્ પોતાના દેહનિર્વાહમાં ઉપયોગી હોય, તથા પોતાના પ્રાપ્તવ્યવહારમાં આવશ્યક હોય, તેથી ભિન્ન વિષયોમાં ચિત્તનો

કે ઇંદ્રિયોનો વેગ ન રહે, અને ઉપર જણાવેલા ન ચાલતાં સેવવા પડતા નિર્દોષ વિષયોમાં પણ અંતઃકરણ ને ઇંદ્રિયોનો સમભાવવાળો ઘણોજ મંદ વેગ રહે એવા મનુષ્યને ઉત્તમોપરતિની પ્રાપ્તિ થયેલી મનાય છે. જેમ સુષુપ્તિમાં મનુષ્યનું અંતઃકરણ પ્રશાંત રહે છે, અર્થાત્ તે શરીરની સમીપ આવેલા અનુકૂલપ્રતિકૂલ વિષયોમાં રાગદ્વેષરહિત રહે છે, તેમ ઉત્તમોપરતિને પ્રાપ્ત થયેલા ભાગ્યશાલી મનુષ્યનું અંતઃકરણ જાગ્રદવસ્થામાં અનુકૂલપ્રતિકૂલ પ્રાણિપદાર્થના સંયોગમાં રાગદ્વેષરહિત પ્રશાંત રહે છે.

૭૦. મંદતિતિક્ષા. શ્રવણાદિ મોક્ષસાધનોનું અનુષ્ઠાન કરતાં ટાઢ, તડકો, ભૂખ, તરસ, અપમાન, દ્રવ્યહાનિ, નિંદા ને રોગાદિવડે પ્રાપ્ત થયેલી પોતાના શરીરની વા અન્ય નિકટનાં સગાંવહાલાંઓના શરીરની પ્રતિકૂલ સ્થિતિને પ્રારબ્ધાદિના વિચારવડે કેટલેક અંશે થોડો સમય સહન કરવાનું બલ તે મંદતિતિક્ષા કહેવાય છે. આવી તિતિક્ષાને પ્રાપ્ત થયેલા મનુષ્યને સાધારણ પ્રતિકૂલતા પ્રાપ્ત થાય ત્યાંસુધી તો તેના ચિત્તમાં ચિંતા ઉત્પન્ન થતી નથી, અને તે પ્રતિકૂલતાના સંબંધમાં કોઈ મનુષ્યની સમીપ તે વિલાપ કરતો નથી, પણ જ્યારે તેને વધારે પ્રમાણમાં પ્રતિકૂલતાની પ્રાપ્તિ થાય છે ત્યારે તેનું ચિત્ત ચિંતાને વશ થાય છે, અને તે જે તે મનુષ્યની આગળ પોતાની પ્રતિકૂલતાનો વિલાપ કરવા લાગે છે.

૭૧. મધ્યમતિતિક્ષા. મોક્ષસાધનોનું અનુષ્ઠાન કરતા દુઃખ આપનારા પ્રારબ્ધનો ઉદય થવાથી કોઇ પણ પ્રકારની પ્રતિકૂલતા પ્રાપ્ત થાય તેને પ્રારબ્ધાદિના વિચારથી પ્રાપ્ત કરેલી સામાન્ય સહનશીલતાવડે કેટલોક સમય સહન કરી શકવાનું બલ તે મધ્યમતિતિક્ષા કહેવાય છે. આવી તિતિક્ષાવાળો મનુષ્ય લોકોમાં મધ્યમપ્રકારની ગણાતી પ્રતિકૂલતાઓમાંની એક કે વધારે પ્રતિકૂલતા પ્રાપ્ત થાય તે પ્રતિકૂલતાને કેટલાક સમયસુધી ચિંતા કર્યા વિના તથા અન્યની આગળ વિલાપ કર્યા વિના સહન કરે છે, પણ પછી તેનું અંતઃકરણ ખેદાનુભવ કરવા લાગે છે, અને તે જેની તેની આગળ પોતાના પ્રાપ્ત દુઃખની

વાતો કરવા લાગે છે. પ્રતિફલતા તીવ્ર પ્રકારની હોય તો આવો મનુષ્ય થોડાજ સમયમાં ચિંતાને ને વિલાપને વશ થાય છે.

૭૨. **ઉત્તમતિતિક્ષા.** મોક્ષનાં સાધનોનું અનુષ્ઠાન કરતાં દુઃખ આપનારા પ્રારબ્ધનો ઉદય થવાથી સાધકને કોઈ પણ પ્રકારની મંદવેગવાળી, મધ્યમવેગવાળી અથવા તીવ્રવેગવાળી પ્રતિકૂલતા પ્રાપ્ત થાય તેને પ્રતિફલ પ્રારબ્ધકર્મના, ઈશ્વિરેચ્છાના અથવા અસંગ ને પરમાનંદરૂપ આત્મસ્વરૂપના દૃઢ વિચારવડે તે પ્રાપ્ત પ્રતિકૂલતાની સ્વાભાવિક રીતે નિવૃત્તિ થતાસુધી ચિંતા કે વિલાપ કર્યા વિના પ્રસન્ન મને સહન કરવાનું સાધકના અંતઃકરણનુ જે ઉત્તમ સામર્થ્ય તે ઉત્તમતિતિક્ષા કહેવાય છે. આવી તિતિક્ષાના બલવાળો પુરુષ પરમધીર વા પરમવીર એવા નામને યોગ્ય ગણાય છે. આવી તિતિક્ષા પ્રાપ્ત કરવામાટે પ્રત્યેક મનુષ્યે યોગ્ય પ્રયત્ન કરવો જોઇએ, તેમાં પણ જેઓ પરમાત્માની અનન્યભક્તિની પ્રાપ્તિ કરવાની ઇચ્છા રાખતા હોય, વા જેઓ સંપ્રજ્ઞાતયોગ વા અસંપ્રજ્ઞાતયોગ સિદ્ધ કરવાને ઇચ્છતા હોય, અથવા જેઓ વિપરીતવાસનાની નિવૃત્તિવડે દૃઢ બ્રહ્મસાક્ષાત્કાર કરવા ઇચ્છતા હોય, તેમણે તો સદાગ્રહવાળા પ્રયત્નથી આવી તિતિક્ષા અવસ્ય પ્રાપ્ત કરવી જોઇએ.

૭૩. **મંદમુમુક્ષુતા.** ત્રિવિધ તાપની અત્યંતનિવૃત્તિરૂપ ને પરમાનંદની નિત્યપ્રાપ્તિરૂપ મોક્ષ મેળવવાની અંતઃકરણની મંદવેગવાળી ઇચ્છા તે **મંદમુમુક્ષુતા** કહેવાય છે. અનુભવમાં આવતા શબ્દાદિ વિષયોમાં તથા તેની પ્રાપ્તિનાં સાધનોમાં મનુષ્યના અંતઃકરણનો સ્વાભાવિક રાગ હોય છે, તેથી આવા પ્રકારની મુમુક્ષુતા મોક્ષનાં શ્રવણાદિ સાધનોના અનુષ્ઠાનમાં અંતઃકરણવિષે તીવ્રવેગ પ્રકટાવવા સમર્થ થઇ શકતી નથી. મુમુક્ષુએ વિવેક, વૈરાગ્ય ને શમાદિ છ સંપત્તિને પોતાના અંતઃકરણમાં ઉત્તરોત્તર વધારે બલવાન્ કરી આ મુમુક્ષુતાને મધ્યમમુમુક્ષુતા કરવી જોઇએ, અને પછી વિવેકાદિના બલને પોતાના અંતઃકરણમાં પુનઃ વધારે વધારી તે મુમુક્ષુતાને ઉત્તમમુમુક્ષુતા કરવી જોઇએ. આવો સદાગ્રહવાળો પ્રયત્ન સતત ચાલુ રાખવાથીજ મનુષ્ય મોક્ષનાં સાધનો ઉત્તમ પ્રકારે સાધી શકે છે, અન્યથા તે તેવી રીતે સાધી શકતો નથી.

૭૪. **મધ્યમમુમુક્ષુતા.** ઉપર દર્શાવેલા મોક્ષને પ્રાપ્ત કરવામાટે તેના માહાત્મ્યજ્ઞાનપૂર્વક અંતઃકરણમાં મધ્યમપ્રકારનો વેગ પ્રકટે, અને શબ્દાદિ વિષયોમાં ને તેનાં ઉપકરણોમાં મધ્યમપ્રકારના દોષદર્શનવડે મધ્યમપ્રકારની ઉદાસીનતા રહે, તે મધ્યમમુમુક્ષુતા કહેવાય છે. આવી મુમુક્ષુતા પણ ચિરપરિચિત વિષયોભણીના અંતઃકરણના તથા ઇંદ્રિયોના આકર્ષણને ત્રોડવા સમર્થ થતી નથી, તેથી મોક્ષનાં શ્રવણાદિ સાધનોને સિદ્ધ કરવા તે મનુષ્યનું અંતઃકરણ સમર્થ થઈ શકતું નથી. જો વર્તમાનજન્મમાંજ બ્રહ્મસાક્ષાત્કારવડે કૃતાર્થ થવાની ઇચ્છા હોય તો આવી મુમુક્ષુતાને પ્રાપ્ત થયેલા મનુષ્યે ઉત્તમમુમુક્ષુતા પ્રાપ્ત કરવા સતત સદાગ્રહપૂર્વક પ્રયત્ન કરવો જોઇએ.

૭૫. **ઉત્તમમુમુક્ષુતા.** આગળ જણાવેલા લક્ષણવાળો મોક્ષ–સદ્યો-મોક્ષ–તેના પૂરતા માહાત્મ્યજ્ઞાનપૂર્વક વર્તમાનજન્મમાંજ જેમ બને તેમ વેલાસર પ્રાપ્ત કરવાની અંતઃકરણમાં અતિવેગવાળી આતુરતા પ્રકટે, દૃષ્ટ ને અદૃષ્ટ શબ્દાદિ વિષયોમાં તીવ્રદોષદર્શનની સ્થિરતાવડે અંતઃકરણ તેમાં સ્વાભાવિક ઉદાસીનતાવાળું રહે, અંતઃકરણ તથા ઇંદ્રિયો સારી રીતે વશ વર્તવા લાગે, અને ગમે તેવા પ્રતિકૂલ પ્રસંગો આવે તોપણ અંતઃકરણ મુઝાય નહિ, તે ઉત્તમ-મુમુક્ષુતા કહેવાય છે. આવી મુમુક્ષુતાને પ્રાપ્ત થયેલો મુમુક્ષુ ઉત્તમમુમુક્ષુ કહેવાય છે, અને તે વર્તમાનજન્મમાંજ કૃતાર્થ થાય છે. અનેક જન્મોના અનેક પુણ્યસંસ્કારોનો ઉદય થયા વિના અને અનેક જન્મોમાં તથા આ જન્મમાં પરમાત્માના સ્મરણધ્યાનાદિવડે તેઓશ્રીની અમોઘ કૃપા પ્રાપ્ત કર્યા વિના આવી મુમુક્ષુતા મનુષ્યના અંતઃકરણમાં પ્રકટ થતી નથી. પોતાનું વાસ્તવિક હિત ઇચ્છનાર વિવેકી મનુષ્યે ઘણામાં ઘણો પ્રયત્ન કરીને આવી મુમુક્ષુતા પ્રાપ્ત કરવી જોઇએ.

૭૬. **અહિંસા.** મનવડે કોઇ પણ પ્રાણીનું અપ્રિય ચિંતવવું નહિ, વાણીવડે કોઇ પણ પ્રાણીને અપ્રિય વચન કહેવું નહિ, નેત્રવડે ક્રૂરદૃષ્ટિથી કોઇ પણ પ્રાણીભણી જોવું નહિ, હાથપગવડે કોઇ પણ પ્રાણીને માર મારવો નહિ,

અને કોઇ પણ પ્રાણીને મારી નાંખવું નહિ, તે **અહિંસા** કહેવાય છે. જેઓ પોતાના આત્મામાં સર્વ વિશ્વનો અને સર્વ વિશ્વમાં પોતાના આત્માનો સાક્ષાત્કાર કરવા ઇચ્છતા હોય તેમણે આવી અહિંસા પ્રાપ્ત કરવી જોઇએ. મારા સંબંધમાં જે કાંઈ પ્રતિકૂલ બને છે તે મારા પોતાના પ્રારબ્ધથીજ બને છે એવા વિચારવડે પોતાના મનને અપકાર કરનાર મનુષ્યભણી કે અન્ય પ્રાણીભણી ક્રોધવાળું ન થવા દેવું. જો કોઇ પણ પ્રાણીપર મનુષ્યના અંતઃકરણમાં ક્રોધ ન પ્રકટે તો તે કોઇની હિંસા કરવા પ્રવૃત્ત થતો નથી. પોતાના અવિકારી ને સચ્ચિદાનંદસ્વભાવવાળા આત્મસ્વરૂપને યથાર્થ અનુભવી પોતાની હિંસા ન કરવી, અને પ્રતીત થતા સર્વ પ્રાણિપદાર્થના અવિકારી ને સચ્ચિદાનંદસ્વભાવવાળા બ્રહ્મસ્વરૂપને અનુભવી તેમની હિંસા પણ ન કરવી. હે સજ્જનો ! તમે પોતાના ઉપર અને સર્વ પ્રાણિપદાર્થપર બની શકે તેટલી દયા રાખતા જાઓ, કોઇની પણ જાણી જોઇને હિંસા ન કરો, ને પ્રમાદથી પણ ન્યૂન હિંસા થાય એમ વર્તો. જે હિંસા પ્રમાદથી થઇ જાય તેનું પણ યોગ્ય પ્રાયશ્ચિત્ત કરતા રહી તમારા હૃદયને બહુ નિર્મલ રાખો.

૭૭. **સત્ય.** પ્રત્યક્ષાદિ પ્રમાણથી નક્કી કરેલું, કોઇનું અહિત નહિ કરનારું, વિવેકી સાંભળનારને પ્રિય લાગે એવું, સાંભળનારને પોતાનો (કહેનારનો) અભિપ્રાય સ્પષ્ટ સમજાય એવું, ને પ્રયોજનજેટલું, પ્રસંગ પ્રાપ્ત થતાં બોલવું તે **સત્ય** વા **સત્યભાષણ** કહેવાય છે. વાણીને ક્રિયારહિત કરી સત્યરૂપ બ્રહ્મમાં સુસ્થિર કરવી તે **પરમસત્ય** છે. પોતાની વાણીને એવી સ્થિતિએ પહોંચાડવા તેના સર્વ પ્રકારના સદોષ વ્યાપાર રોકવા, ને તેને પ્રયોજનજેટલો નિર્દોષ વ્યાપાર કરવા દેવો તે **સત્ય** છે. સત્યભાષણ સત્યબ્રહ્મની સમીપ લઇ જનારું છે, માટે વિવેકી મનુષ્યોએ સર્વદા ધૈર્ય ને સાવધાનતા રાખી સત્યભાષણ કરવા પ્રયત્નવાળા રહેવું જોઇએ. તમે વસ્તુતાએ બ્રહ્મ છો, ને તમે જે કાંઈ જુઓ છો તે પણ વસ્તુતાએ બ્રહ્મ છે. હું, તું, આ, તે ને પેલું આ સર્વ વિકલ્પો મિથ્યા છે, ને તે સર્વ વસ્તુતાએ બ્રહ્મ છે. આમ સત્ય વસ્તુને જાણી સુખી થાઓ.

૭૮. અસ્તેય. વ્યવહારપક્ષે જે વસ્તુનો જે સ્વામી ગણાતો હોય તેની પ્રસન્નતાવાળી અનુમતિવિના બલાત્કારથી, ઠગાઈથી કે ગુપ્તરીતે તેની કોઈ પણ વસ્તુ લેવી તે **સ્તેય** કહેવાય છે, અને એવી રીતે કોઇની કોઈ પણ વસ્તુ ન લેવી તે **અસ્તેય** કહેવાય છે. માર્ગમાં ચાલતાં કોઇની પડી ગયેલી વસ્તુ પણ તેના સ્વામીએ પ્રસન્નતાપૂર્વક આપેલી ન હોવાથી લેવાયોગ્ય નથી લોકોપયોગમાટે મનાતાં વૃક્ષોપરથી પત્ર, પુષ્પ, ફલ ને તેની નાની શાખા લેવાની અગત્ય પડે તો તે વૃક્ષની (તેના અભિમાની જીવની) મનોમય અનુમતિ માગીને લેવી. શુદ્ધ ભૂમિમાંથી શૌચાદિમાટે મૃત્તિકા લેવી તે પણ ભૂમિની (તેના અભિમાની દેવની) મનોમય અનુમતિ માગીને લેવી. પોતાના હૃદયની પવિત્રતા સંપાદન કર્યા વિના પરમપવિત્ર એવું પોતાનુ ને જગત્‌નું વાસ્તવિક સ્વરૂપ જાણવામાં આવતું નથી, માટે આ વિષયમા ઝીણામાં ઝીણો વિવેક રાખીને વર્તવાનો સ્વભાવ વિવેકી મનુષ્યે પાડવો જોઇએ. હે મુમુક્ષુઓ ! જો પાંચ ભૂતોના દેહમાં, ઇંદ્રિયોમાં, પ્રાણમાં ને અંતઃકરણમાં તમે હુંપણાની કે મારાપણાની બુદ્ધિ રાખો તો તેમાં પણ તમે ચોરી કરો છો, ને તેથી તમારા અસ્તેયવ્રતનો ભંગ થાય છે, અને પાંચ ભૂતોના કાર્યરૂપ જગતમાં જો તમે મારાપણાની બુદ્ધિ કરો છો તો તેમાં પણ તમારા અસ્તેયવ્રતનો ભગ થાય છે, માટે તમારે તેમ નજ કરવું જોઇએ.

૭૯. બ્રહ્મચર્ય. પુરુષોએ પોતાના વીર્યને અને સ્ત્રીઓએ પોતાના રજસ્‌ને બ્રહ્મરંધ્રમાં વિશેષ પ્રતીત થતા બ્રહ્મભણી વેગવાળું રાખી, પછી ત્યાં સ્થિર રાખી, તેનો બહાર નીકળવાનો વેગ રોકવો તે **બ્રહ્મચર્ય** કહેવાય છે. પ્રાયશઃ સર્વ ઇંદ્રિયોનો બાહ્યવેગ બહુ બલવાન્ હોય છે, તેમાં પણ વાણી ને ઉપસ્થનો બાહ્યવેગ બહુજ બલવાન્ ગણાય છે, માટે પોતાનુ હિત ઇચ્છનાર પુરુષે ને સ્ત્રીએ તેનો બાહ્યવેગ ધૈર્ય ને સાવધાનતા રાખી, ક્રમપૂર્વક રોકવાનો પ્રયત્ન કરી, અંતે તેને રોકવાનું સામર્થ્ય મેળવવું જોઇએ. આહાર પરિમિત, પથ્ય, લઘુ, શીતવીર્ય વા શીતોષ્ણવીર્ય ને પવિત્ર રાખી, નેત્ર, વાણી ને હાથને

વશ રાખી, સપ્તમ ધાતુમાં ક્ષોભ ઉપજાવનારા વિચાર, વાચન, દર્શન ને ભાષણથી મન, નેત્ર ને વાણીને દૂર રાખી, સારા સંગમાં રહી, અને શુભ વિચારના ને શુભ ક્રિયાના સેવનમાં પોતાના મન આદિને રોકી, સાધકે પોતાના બ્રહ્મચર્યને સુસ્થિર કરવુ જોઇએ. ગૃહસ્થે પણ પોતાને ઘટે તેવું બ્રહ્મચર્ય પાળવું જોઇએ. સદ્ગુરુનુ શુદ્ધભાવથી સેવન કરવું, બ્રહ્મસ્વરૂપનુ પ્રતિપાદન કરનાર વેદનુ અર્થાદિના જ્ઞાનસહિત અધ્યયન કરવું, અને બ્રહ્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરવામાટે વેદાંતશાસ્ત્રનુ શ્રવણ, મનન ને નિદિધ્યાસન કરવાં એ પણ બ્રહ્મચર્ય કહેવાય છે.

૮૦. **અપરિગ્રહ.** અંતઃકરણ, પ્રાણ, ઇંદ્રિયો, સ્થૂલશરીર ને અન્ય દ્રવ્ય પદાર્થોમાથી મમતાનો પરિત્યાગ કરવો તે **અપરિગ્રહ** કહેવાય છે. મનુષ્યને મમતાજ સર્વ દુઃખોની પ્રાપ્તિમાં કારણ થાય છે. પોતાના આત્મ-સ્વરૂપ થી ભિન્ન કોઇ પણ પ્રાણી કે કોઈ પણ પદાર્થ પોતાના આત્માની સાથે રહેનારાં નથી, તેમ તેઓ આત્માને વાસ્તવિક સુખ ઉપજાવનારાં પણ નથી, માટે તેમાં મમતા રાખવી નિરર્થક છે, એમ સમજી વિવેકી મનુષ્ય સર્વ સ્થૂલ ને સૂક્ષ્મ વસ્તુઓમાંથી મમતાનો પરિત્યાગ કરે છે. જે આપણું નથી તે કોઈ કાળે આપણું થવાનુજ નથી તો તેમાં મમતા શામાટે બાંધવી? આપણું શરીર પણ આપણું નથી તો પછી બહારનાં પ્રાણીઓને તથા પદાર્થોને આપણા માની આપણે શામાટે નકામા દુઃખી થવુ જોઇએ? આપણો આત્માજ આપણો છે એમ સમજી વિવેકીએ મમતા બાંધવી હોય તો પોતાના આત્મામાંજ બાંધવી, પરન્તુ કોઈ પણ અનાત્મવસ્તુમાં મમતા બાંધવીજ નહિ; અને ભક્તે મમતા બાંધવી હોય તો પરમાનંદરૂપ પ્રિયતમ પરમાત્મામાંજ મમતા બાંધવી, બીજે કોઇ પણ માયિક સ્થલે મમતા બાંધવી નહિ. શરીરમાં તથા તેના નિર્વાહનાં સાધનોમાં પણ વિવેકી મનુષ્યે મમતા ન રાખવી. પોતાના શરીરનું જીવવાનું પ્રારબ્ધ હશે ત્યાંસુધી મમતા રાખ્યા વિના પણ પોતાનું શરીર ટકશે, ને પ્રારબ્ધવડે ટકનારું પોતાનું શરીર જ્યાંસુધી ટકશે

ત્યાંસુધી તેના નિર્વાહના પદાર્થો મમતા રાખ્યા વિના પણ તેને આવી મળશે, આવા વિચારવડે વિવેકીએ પોતાના મનને મમતાના ત્યાગવાળું રાખવું ઉચિત છે. મમતાના ત્યાગનું ફલ ચિત્તશાંતિ છે.

૮૧. પવિત્રતા. સ્થૂલશરીરને, વાગાદિ કર્મેંદ્રિયોને, શ્રોત્રાદિ જ્ઞાનેંદ્રિયોને, અને અંતઃકરણને યથાયોગ્ય પવિત્ર કરનારાં સાધનોવડે પવિત્ર રાખવાં તે પવિત્રતા કહેવાય છે. સ્થૂલશરીરને શુદ્ધજલવડે ને શુદ્ધમૃત્તિકાવડે પવિત્ર રાખવું, પહેરવાનાં વસ્ત્રોને જલાદિવડે પવિત્ર રાખવાં, અને બીજા વાપરવાના પદાર્થોને તથા નિવાસસ્થાનને પણ ઘટે તેવી રીતે પવિત્ર રાખવાં. બહારની પવિત્રતાના પરિપાલનથી અંતરની પવિત્રતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન સેવવો. કર્મેંદ્રિયોને ને જ્ઞાનેંદ્રિયોને તેમના નિષિદ્ધ વ્યાપારથી રોકી વિહિત વ્યાપારમાં જોડી વા ક્રિયારહિત રાખી પવિત્ર રાખવી, અને અંતઃકરણને નિષિદ્ધ વિચારથી રોકી સારા વિચારમાં જોડી વા શાંત રાખી પવિત્ર રાખવું. અગત્ય જણાય તો ભસ્ત્રિકાદિ પ્રાણાયામવડે અને દાન આદિ બીજા શાસ્ત્રીય ઉપાયોવડે પણ તેની પવિત્રતા રાખવી. પવિત્રતા અંતઃકરણને પ્રસન્ન કરે છે એ વાત વિવેકીઓને અનુભવસિદ્ધ છે, માટે પ્રત્યેક સમજુ પુરુષે ને સમજુ સ્ત્રીએ પોતાના શરીરાદિને પવિત્ર રાખવા આદરપૂર્વક પ્રયત્ન કરવો જોઇએ.

૮૨. સંતોષ. પોતાના વર્ણ, આશ્રમ, શરીરબલ ને મનોબલને અનુસરી યથાયોગ્ય ઉદ્યોગ કરતાં જે અન્નવસ્ત્રઆદિ સામગ્રી પ્રાપ્ત થાય તેમાં પોતાના અંતઃકરણને તૃપ્ત રાખવું તે સંતોષ કહેવાય છે. લોભનો અવધિ નથી. તેનું લક્ષ્ય મૃગજલ ને ભૂતના ભડકાની પેઠે આગળજ વધતું જાય છે, તેને ગમે તેટલું પ્રાપ્ત થાય તોપણ તે શાન્ત થતોજ નથી, ને તેની પછવાડે દોડનારનું અંતઃકરણ નિરંતર તપ્યાજ કરે છે. લોભનો વિનાશ કરનાર સંતોષ લોભથી કેવલ ઊલટા સ્વભાવવાળો છે. તે જે મળે તેમાં ને જેટલું મળે તેટલામાં તૃપ્ત છે, તેથી સંતોષવાળાનું અંતઃકરણ પણ શાંત રહે છે. સંતોષને આ વિશ્વમાં મોટામાં મોટા ભંડારરૂપ ગણેલો છે. જે પુરુષના અંતઃકરણમાં

સર્વદા સંતોષ રહે છે તે મનુષ્ય મોટા ધનાઢ્ય ગૃહસ્થોથી, મોટા મહારાજાઓથી, ને દેવોથી પણ વધારે સુખી છે. તેની પાસે અલ્પ સામગ્રી હોય, વા કાંઈ સામગ્રી ન હોય, તોપણ તે પોતાના અંતઃકરણમાં રહેલા સુખમય સંતોષથી સુખી જણાય છે, અને જેની પાસે બાહ્ય સામગ્રી ઘણી પ્રતીત થતી હોય, પણ જો તે લોભને વશ વર્તતો હોય તો તેના અંતઃકરણમાં રહેલા દુઃખમય લોભથી તે દુઃખી જણાય છે. હે વિવેકી પુરુષો ! હે વિવેકી સ્ત્રીઓ ! તમે જો શાંતિને તથા તેનાથી ઉપજતા અદ્ભુત સુખને મેળવવાયોગ્ય માનતાં હો તો તમે સર્વદા સંતોષને પ્રાપ્ત કરવા પ્રયત્નવાળાં રહેજો.

૮૩. **ભ્રાન્તિ.** વ્યવહારપરમાર્થનાં હિતકર સાધનોને અહિતકર માનનારી, ને વ્યવહારપરમાર્થનાં અહિતકર સાધનોને હિતકર માનનારી; અંતઃકરણાદિના શુભ ગુણોને દોષોરૂપ માનનારી, ને તેમના દોષોને ગુણોરૂપ માનનારી; વ્યવહારપરમાર્થના હિતેચ્છુઓને શત્રુઓ માનનારી, ને વ્યવહારપરમાર્થનુ અનિષ્ટ ઇચ્છનારાઓને હિતેચ્છુઓ માનનારી; સદ્‌ગુરુના ઉપદેશમાં આદર ન રાખનારી, ને પોતાના રાજસતામસસ્વભાવવાળા મનના વિચારમાં આદર રાખનારી અંતઃકરણની જે દુષ્ટ વૃત્તિ તે ભ્રાંતિ કહેવાય છે. આ ભ્રાંતિ મનુષ્યના પ્રાપ્ત વ્યવહારમાં સુધારો કરવા દેતી નથી, તેનું શરીર સારુ રહેવા દેતી નથી, ઇંદ્રિયોને વશ વર્તાવવાનું બલ પ્રાપ્ત થવા દેતી નથી, અંતઃકરણની યોગ્યતામાં વધારો કરવા દેતી નથી, સદ્‌ગુરુની ને ઇશ્વરની કૃપાની પ્રાપ્તિ કરવા દેતી નથી, જીવને જ્ઞાન, યોગ કે ભક્તિનાં સાધનોનું નિર્ભયપણે અનુષ્ઠાન કરવા દેતી નથી, અને પરમપુરુષાર્થરૂપ મોક્ષનો લાભ પણ થવા દેતી નથી. હે સજ્જનો ! હે સુમતિવાળીઓ ! તમે તમારા આ લોકના ને પરલોકના ભલામાટે અવશ્ય એ વિકરાલ મહાડાકિનિરૂપ ભ્રાંતિથી ઘણામાં ઘણાં દૂર રહેજો.

૮૪. **પ્રમાદ.** સ્વકર્તવ્યનું વિસ્મરણ કરી તેનું યથાયોગ્ય પરિપાલન ન કરવું વા સ્વસ્વરૂપનું વિસ્મરણ કરવું તે પ્રમાદ કહેવાય છે. સાધકને પ્રમાદજ મોત છે. પોતાના વાસ્તવિકસ્વરૂપનું વિસ્મરણ કરવાથીજ જીવ વારંવાર

જન્મમરણ પામ્યા કરે છે, અને નાનાવિધ દુઃખોનો અનુભવ કર્યા કરે છે. જ્ઞાનનાં, ભક્તિનાં ને યોગનાં સાધનોમાં પ્રમાદ કરવાથી તે પ્રમાદી મનુષ્યને જ્ઞાનની, ભક્તિની ને યોગની પ્રાપ્તિ થતી નથી, તેના જીવનનો તેટલો સમય નિરર્થક જાય છે, અને પરિણામે તેના અંતઃકરણમાં અસંતોષ પ્રકટે છે. પોતપોતાનો જે પ્રાપ્તવ્યવહાર હોય તેમાં વા જે નવુ કર્તવ્ય સમયને માટે પ્રાપ્ત થયું હોય તેમાં પ્રમાદ કરવાથી તે મનુષ્યને વ્યવહારમાં હાનિ પહોંચે છે. પ્રમાદીનો કોઈ વિશ્વાસ કરતું નથી, ને તેનો કોઈ મનુષ્યના ઉપર ભાર પડતો નથી. વિવેકી સાધકે ને સાધિકાએ પોતાના વ્યવહારના કોઈ પણ નાનામોટા કામમાં પ્રમાદ સેવવો ઉચિત નથી, તેમજ પોતાનાં નાનામોટાં પારમાર્થિક સાધનોમાં પણ પ્રમાદ સેવવો ઉચિત નથી. પોતાનું હિત ઇચ્છનાર મનુષ્યે વ્યવહાર ને પરમાર્થના પ્રત્યેક નાના વા મોટા કામમાં મનને ઘણામાં ઘણું જાગતું રાખીને વર્તવાનો સ્વભાવ રાખવો જોઇએ. આમ વર્તવાથી વ્યવહારમાં સુખી થવાશે, ને પારમાર્થિક સાધનોનુ યથાયોગ્ય અનુષ્ઠાન કરી કૃતાર્થ થવાશે.

૮૫. **વંચનેચ્છા.** કોઇ પણ પ્રકારની તૃષ્ણાને વશ થઈ બીજાને ઠગવાની ઇચ્છા રાખવી તે **વંચનેચ્છા** કહેવાય છે. બીજાને ઠગવાની ઇચ્છા રાખનાર મનુષ્યને મિથ્યાભાષણ કરવું પડે છે, ને વેશ આદિમા દંભ કરવો પડે છે. જે મનુષ્ય બીજાને ઠગવા ઇચ્છે છે તે મનુષ્ય પોતાને પણ ઠગવા ઇચ્છે છે એમ સમજવું, કેમકે અન્ય મનુષ્યને ઠગવાની ઇચ્છાવડે પોતે અયોગ્ય પ્રવૃત્તિ કરે તેથી પોતે પોતાના પાપસંસ્કારોમાં તેટલી વૃદ્ધિ કરે છે. આમ બીજાને ઠગવા જતાં તે પોતે પણ પોતાની દુર્વાસનાથી ઠગાય છે. અંતે સત્યનો જય થાય છે એમ સમજી, દ્રવ્ય કે કીર્તિ મનુષ્યનુ વાસ્તવિક હિત કરનાર નથી એમ નક્કી કરી, તથા કર્મફલદાતા સત્તારૂપ ઇશ્વિર મારા વિચારને ને મારી પ્રવૃત્તિને જાણે છે તેથી તેઓ અવશ્ય મને મારા આ પાપની યોગ્ય શિક્ષા કર્યા વિના નહિજ રહે એમ દૃઢ નિશ્ચય કરી, વંચનેચ્છાવાળા મનુષ્યે તે પાપકર્મથી દૂર રહેવું જોઇએ. તમે બીજા મનુષ્યથી ન ઠગાઓ તો તે ઇચ્છવા-

યોગ્ય છે, છતાં કદાચ તમે બીજા મનુષ્યથી ઠગાઓ તો તેમાં તમને બહુ હાનિ નથી, પણ જો તમે બીજા મનુષ્યને ઠગવાનો પ્રયત્ન કરો વા બીજા મનુષ્યને તમે ઠગો તો તેમાં તમે તમારું બહુ અમંગલ કરો છો તે કદીપણ ભૂલશો નહિ. અવિદ્યા ને અવિદ્યાનાં કાર્યોથી તમે ન ઠગાઓ એ સર્વથા ઇચ્છવાયોગ્ય છે, અને તમે અવિદ્યા ને તેનાં કાર્યોને ઠગવાને ભાગ્યશાલી થાઓ તો તે પણ સર્વથા ઇચ્છવાયોગ્યજ છે.

૮૬. બુદ્ધિની દુર્બલતા. વ્યવહારના શુદ્ધાશુદ્ધ વિષયોને તથા પરમાર્થનાં યોગ્યાયોગ્ય સાધનોને સમજવામાં નિશ્ચયસ્વભાવવાળી બુદ્ધિની નબળાઈ તે બુદ્ધિની દુર્બલતા કહેવાય છે. બુદ્ધિની દુર્બલતા માણસને વ્યવહારમાં તથા પરમાર્થમાં આગળ વધવા દેતી નથી, ને તેને પરિતાપના પ્રસંગોમાં ન્યૂનાધિક અંશે લાવ્યા કરે છે, માટે પ્રત્યેક વિવેકી પુરુષે ને સ્ત્રીએ પોતાના સદ્‌ગુરુના સંગમાં રહી, તેમના ઉપદેશનું વારવાર આદરપૂર્વક શ્રવણ તથા અનુસરણ કરી, અને ઉપયોગી શાસ્ત્રનું વાચનમનન કરી, પોતાની બુદ્ધિના સાત્ત્વિકબલમાં વધારો કરવો જોઇએ. બુદ્ધિની દુર્બલતાવાળા મનુષ્યનો કોઇ મનુષ્ય વિશ્વાસ કરી શકે નહિ એ સ્પષ્ટજ છે, ને તેનાં ઘરનાં માણસો પણ તેને માન ન આપે એ પણ સ્પષ્ટજ છે. બુદ્ધિનો સાત્ત્વિક પ્રકાશ સૂર્યના પ્રકાશજેવો ભયની નિવૃત્તિ કરનારો, આહ્લાદ આપનારો, ને પૂજ્યભાવને ઉત્પન્ન કરનારો છે, માટે બુદ્ધિનો સાત્ત્વિક પ્રકાશ વધારવાની વિદ્વાનોએ અગત્ય માની છે.

૮૭. કામ. પુરુષના અંતઃકરણમાં રહેલી સ્ત્રીના સમાગમની ઇચ્છા અને સ્ત્રીના અંતઃકરણમાં રહેલી પુરુષના સમાગમની ઇચ્છા તે કામ કહેવાય છે. સ્ત્રી તથા પુરુષના શરીરમાં વિકારી સપ્તમ ધાતુની વૃદ્ધિ થવાથી તેમના અંતઃકરણમાં કામનો ઉદય થાય છે. પ્રલયપર્યંત સૃષ્ટિનો પ્રવાહ ચાલુ રાખવા પ્રાણીઓના અંતઃકરણમાં આ મનોવિકારનું અસ્તિત્વ છે. ઈશ્વરે જીવોના કર્મફલરૂપે પ્રવર્તાવેલા સૃષ્ટિચક્રને ચલાવવામાટે ગૃહસ્થાશ્રમને અનુસરનારા

સ્ત્રીપુરુષો પોતાની પ્રૌઢાવસ્થાસુધી વિહિતમાર્ગે નિયમાનુસાર ધર્મનું કામ સમજીને તે મનોવિકારને પોતાના અંતઃકરણમાં અવકાશ આપે ત્યાંસુધી તે પોતાના ધર્મના માર્ગમાં ચાલે છે એમ ગણાય છે; પણ જ્યારે તે નિષિદ્ધમાર્ગે નિયમનો પરિત્યાગ કરી સ્વચ્છંદીપણે માત્ર મનના તથા ઇંદ્રિયોના વેગને તૃપ્ત કરવામાટેજ પોતાના અંતઃકરણમાં તેને અકારણ અવકાશ આપે છે ત્યારે તે અધર્મને માર્ગે ચાલવા લાગ્યો એમ ગણાય છે. તેની આવી પ્રવૃત્તિ તેનું પોતાનું ને તેના પ્રસંગમાં આવનાર અન્યનું અકલ્યાણ કરનારી થાય છે. કામને વશ વર્તવાના કરતાં તેને વશ વર્તાવવાથીજ આ લોકમાં અને પરલોકમાં મનુષ્યને સુખની પ્રાપ્તિ થાય છે એ સિદ્ધાંત નિર્વિવાદ હોવાથી તેને પ્રમાણ ને યુક્તિવડે સિદ્ધ કરવાની આવશ્યકતા રહેતી નથી. પરમરમણીય બ્રહ્મથી અભિન્ન પોતાના આત્મામાં પરમપ્રીતિ રાખવી અથવા પરમરમણીય પરમાત્મામાં પરમપ્રીતિ રાખવી એ નિર્દોષ ને શ્રેષ્ઠ કામ છે, માટે તે કામને વશ મનુષ્યોનાં મનો ને ઇંદ્રિયો સર્વદા વર્તે તો તે મનુષ્યોને બહુલાભ કરનાર ગણાય છે. જે સ્વરૂપમાં યોગીઓનાં ચિત્ત વિરામ પામ્યાં છે તે રામમાં જો મનુષ્યનું મન સુસ્થિર થાય તો તે ચિત્તની નિકટ બળી જવાના ભયથી દુષ્ટ કામ કદીપણ જઇ શકતો નથી.

૮૮. ક્રોધ. આ પ્રાણીએ કે પદાર્થે મારો સાક્ષાત્ કે પરંપરાવડે અપકાર કર્યો એવું અંતઃકરણને ભાન થવાથી તેનું વૈર વાળવામાટે અંતઃકરણમાં ઉત્પન્ન થતી દાહ ઉપજાવનારી વૃત્તિ તે ક્રોધ કહેવાય છે. ક્રોધના આવિર્ભાવથી અંતઃકરણમાં દાહ થાય છે, અયોગ્ય આવેશ પ્રકટે છે, ઇંદ્રિયોમાં પણ દાહ ને વેગ પ્રકટે છે, જ્ઞાનતંતુઓ, ગતિતંતુઓ, મગજ ને લોહી ઉષ્ણ થઇ જાય છે, શરીરમાં કંપ પ્રકટે છે, મુખ ને નેત્રો લાલ થાય છે, તથા ભમર ને હોઠ ફરકવા લાગે છે. આવી સ્થિતિમાં ન બોલવાનું બોલી દેવાય, ન લખવાનું લખી નખાય, ને ન કરવાનું કરી નખાય એ સ્વાભાવિક છે. ક્રોધ એ રાક્ષસથી વા અંત્યજથી પણ નીચ છે, માટે વિવેકી મનુષ્યે તેનાથી

પણામાં ઘણું દૂર રહેવું ઉચિત છે. સર્વે પ્રાણિપદાર્થમાં પરમાત્મા રહ્યા છે, તેથી જો હું કોઈ પણ પ્રાણિપદાર્થપર ક્રોધ કરીશ તો તેઓ મારા ઉપર અપ્રસન્ન થશે એવા વિચારથી, અથવા મારોજ આત્મા સર્વરૂપ છે, તેથી સર્વે પ્રાણિપદાર્થો મારાજ અવયવરૂપ હોવાથી મારે મારા બીજા અવયવપર ક્રોધ કરવો કોઇ પણ પ્રકારે યોગ્ય નથી એવા વિચારથી, કિંવા મારા દુષ્ટ પ્રારબ્ધકર્મના ઉદયથી મને આ અનિષ્ટની પ્રાપ્તિ થઇ છે તેમાં સામો પ્રાણી કે પદાર્થ તો નિમિત્તમાત્ર છે, તો મારે તેના ઉપર નિરર્થક ક્રોધ શામાટે કરવો જોઇએ ? મારે તો તેના ઉપર દયા કે ક્ષમાજ રાખવી જોઇએ એવા વિચારથી, વા ક્રોધવડે મારા પુણ્યસંસ્કારોનો નાશ થશે, ને ક્ષમાવડે મારા પુણ્યસંસ્કારોમાં વૃદ્ધિ થશે એવા વિચારથી, અથવા જો હું ક્રોધનામની દુષ્ટ વૃત્તિને મારા અંતઃકરણમાં અવકાશ આપીશ તો લોકો મને ધિક્કારશે, મારો વ્યવહાર કદીપણ સુધરશે નહિ, ને મારા પરમાર્થનાં કોઇ પણ સાધનો સિદ્ધ થશે નહિ એવા વિચારથી, ક્રોધનો વિનાશ કરી અંતઃકરણને શાંતિમાં રાખી શકાય છે. પરમકૃપાલુ પ્રભુ સૌ મનુષ્યને આમાંના કોઈ એક શુભ વિચારવડે પોતાના અંતઃકરણમાં પ્રકટતા ક્રોધનો જય કરવાનું બલ આપવા કૃપા કરો.

૮૯. લોભ. પોતાને પ્રાપ્ત થયેલા કે પોતે પ્રાપ્ત કરેલા દ્રવ્યનો કાંઈ પણ ભાગ સુપાત્રને આપવાની કે સારા કામમાં વાપરવાની ઇચ્છા ન થાય પણ તેનો સંગ્રહ કર્યા કરવાની તથા તેમાં કોઇ પણ ઉપાયથી ઉત્તરોત્તર વધારો કર્યા કરવાની પ્રબલ ઇચ્છા રહે તે **લોભ** કહેવાય છે. લોભને બધાં પાપોનું મૂલ કહેવામાં આવે છે, કેમકે લોભને વશ થયેલો મનુષ્ય ધર્મશાસ્ત્રોમાં વર્ણવેલાં મિથ્યાભાષણ, ચોરી ને હિંસા આદિ સર્વે પાપો કરી શકે છે. જેમ કામનો પરાજય કરવો કઠિન છે તેમ લોભનો પરાજય કરવો પણ કઠિન છે. પૈસાના આરાધનમાં તત્પર રહેનારો મનુષ્ય પરમાત્માનું આરાધન કરી શકતો નથી, ને તેથી તે પોતાનું મનુષ્યજીવન વ્યર્થ ગુમાવી નાંખે છે. ઔદાર્યવડે ને સંતોષ-વડે મનુષ્ય લોભનો પરાજય કરી શકે છે. સદાચારનો લોભ રાખવાથી, દૈવી-

સંપત્તિ પ્રાપ્ત કરવાનો તથા વધારવાનો લોભ રાખવાથી, અને પ્રભુભક્તિનાં, યોગનાં કે જ્ઞાનનાં સાધનોમાં લોભ રાખવાથી મનુષ્યનું હિત સધાય છે, તેથી તે લોભ સર્વથા સર્વદા ઇચ્છવાયોગ્ય છે.

૯૦. મદ. રૂપ, યૌવન, વર્ણ, જાતિ, કુલ, આશ્રમ, સત્તા, દ્રવ્ય, બહોળું કુટુંબ, વિદ્યા, કર્મ, ઉપાસના, યોગ ને જ્ઞાનમાં હું અન્યનાથી ચઢિયાતો છું આવી રીતનો પોતાનામાં મોટાઇનો આરોપ કરવો તે **મદ** વા **અભિમાન** કહેવાય છે. આવો મદ વ્યવહારમાં મનુષ્યને ઘણી વાર પરાભવનું ને ઉપહાસનું પાત્ર બનાવે છે. પોતાનાથી નીચે નીચે દૃષ્ટિ કરતાં સૌ અન્ય ઊતરતાથી ચઢિયાતા છે, ને પોતાનાથી ઉપર ઉપર દૃષ્ટિ કરતાં સૌ અન્ય ચઢિયાતાથી ઊતરતા છે. મદના હેતુરૂપ મનાતી સર્વ સામગ્રીનો અવધિ પરમાત્મામાં હોવાથી પરમાત્માજ સર્વથી શ્રેષ્ઠ છે, ને તેઓશ્રીની સમીપ મદની ઉત્પત્તિમાં હેતુભૂત મનાતી અલ્પ સામગ્રીવાળા સૌ કનિષ્ઠ છે એમ સમજી વિવેકીએ પોતાની પાસેની કોઇ પણ અનિત્ય સામગ્રીનો મદ કરવો ઉચિત નથી. વિનયવિના વા નમ્રતાવિના મનુષ્ય શુભ કર્મ, ભક્તિ, યોગ કે જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી, ને તેથી તે કૃતાર્થ થઈ શકતો નથી. વ્યવહારમાં પણ તે તિરસ્કારને પાત્ર થાય છે, અને તેના ઘણા શત્રુઓ થવાથી વ્યાવહારિક સામગ્રી મેળવવા ને સ્થાયી કરવા તે ભાગ્યશાલી થતો નથી. પોતાના વાસ્તવિક સ્વરૂપનો મદ રાખી મનુષ્ય અનાત્મ પદાર્થોની તૃષ્ણાને વશ ન થાય, અર્થાત્ તેવા પદાર્થોમાટે પોતાના અંતઃકરણને લેશ પણ દીન ન થવા દે તે મદ મોક્ષના હેતુરૂપ હોવાથી ઇચ્છવાયોગ્ય છે. જીવભાવવાળા મનુષ્યને પ્રભુતા (મોટાઈ—મદ) ગમે છે, પણ પ્રભુતાના હેતુરૂપ **પ્રભુભજન** તેને ગમતું નથી એજ તેની દયા ઉપજાવનારી સ્થિતિ છે.

૯૧. મત્સર. કોઈ પણ મનુષ્યાદિનો ઉત્કર્ષ સહન નહિ કરી શકનારીને અંતઃકરણમાં પરિતાપ ઉપજાવનારી નિર્બલતા તે **મત્સર**, ઈર્ષ્યા વા અદેખાઇ કહેવાય છે. મનુષ્યાદિ સર્વ પ્રાણીઓની ઉત્તમાધમ મનાતી વર્તમાન સ્થિતિ

તેમનાં પૂર્વજન્મોનાં શુભાશુભ કર્મોને લીધે છે. જેમનો કોઇ પણ પ્રકારનો ઉત્કર્ષ થયેલો હોય છે, વા વર્તમાનમાં જેમનો કોઈ પણ પ્રકારનો ઉત્કર્ષ થતો જોવામાં આવે છે, તે તેમના પૂર્વના કે વર્તમાનકાલના પુણ્યકર્મને લીધે છે એમ સમજી વિવેકી મનુષ્યે ન્યાયપૂર્વક વર્તનારી કર્મફલપ્રદાતા સત્તાનું માહાત્મ્ય સમજી પોતાના અંત.કરણને પ્રસન્ન કરવું જોઇએ, પણ મારી ચઢતી સ્થિતિ કેમ ન થઈ ? ને આ મનુષ્યની ચઢતી સ્થિતિ કેમ થઇ ? આવા મત્સરયુક્ત વિચારવડે પોતાના અંત.કરણમાં દાહ ન ઉપજાવવો જોઇએ. મત્સરને વશ થઈ અન્ય મનુષ્યની નિંદામાં પ્રવૃત્તિ કરવી,અથવા તેને હાનિ પહોંચાડવાનો પ્રયત્ન કરવો એ સર્વથા ધિક્કારવાયોગ્ય છે. મત્સર કરવો તો તે જે મનુષ્યની જે કારણથી ચઢતી થઇ હોય તે કારણરૂપ સામગ્રીની વધારે પ્રાપ્તિ કરવાનો પ્રયત્ન કરવામાં કરવાનો છે, તેની નિંદા કરવામાં ને તેની પડતી થાય એવી સામગ્રી પ્રાપ્ત કરવાના કામમાં કરવાનો નથી. દ્રવ્ય મેળવવામાં, સત્તા મેળવવામાં, કીર્તિ મેળવવામાં, શાસ્ત્રવિહિત કર્મો કરવામાં, પ્રભુભક્તિ કરવામાં, યોગાનુષ્ઠાન કરવામા, ને જ્ઞાનનાં સાધનો સંપાદન કરવામાં તમે સૌથી વધારે પ્રયત્ન કરો, ને તે પ્રયત્નના પરિણામરૂપે તેનુ ઉત્તમ ફલ મેલવો, તેની કોણ ના પાડે છે ? ને તેમ કરવામાં તમને કોણ રોકે છે ? સીધે માર્ગે પ્રયત્ન કરો, ને સુખી થાઓ, પણ અવળે માર્ગે ચાલી નિરર્થક દુઃખી ન થાઓ.

૯૨. દંભ. દ્રવ્યની વા કીર્તિની પ્રાપ્તિ કરાવનારી જે યોગ્ય સામગ્રી પોતાના અંતઃકરણાદિમાં ન હોય તે યોગ્ય સામગ્રી મારામાં છે એવું દ્રવ્ય વા કીર્તિની લાલસાને વશ થઇ લોકોને ભાષણ ને ચેષ્ટા આદિથી જણાવવાનો પ્રયત્ન કરવો તે **દંભ** કિંવા ડોળ કહેવાય છે. દંભી પોતાની મૂર્ખાઇથી પોતે પોતાનેજ ઠગે છે એમ કહેવું જોઇએ. તે અન્યને ઠગવા જતાં પોતે પોતાના અંતઃકરણમાં પાપસંસ્કારોની વૃદ્ધિ કરી પોતાના જીવાત્માની અધોગતિ કરે છે. સાચી સામગ્રીવિનાનો ડોળ કેટલો સમય ટકી શકે ? પાનડાપર પડેલું ઝાકળના પાણીનું ટીપું મોતીના જેવું કેટલો સમય દેખાઈ શકે ? કાચા રંગની

શોભા ક્યાંસુધી નભી શકશે? ભવાયે લીધેલો રાજાનો વેશ ને બહુરૂપીએ ધારણ કરેલો પરમહંસનો વેશ ક્યાંસુધી ટકી શકશે? માણસ પોતે જેવો હોય તેવો અન્યને દેખાય તેમાં તેને સુખ ને શાંતિ છે, પણ પોતાના સામર્થ્યથી વધારે દેખાવ કરનાર મનુષ્યને પરિણામે દુઃખ ને અશાંતિ થાય છે.

૯૩. ભય. કોઈ પણ પ્રકારના અનિષ્ટ પ્રાણીની વા પદાર્થની પ્રાપ્તિના અનુમાનવડે વા પ્રાપ્તિવડે અંતઃકરણમાં ઉત્પન્ન થતો કંપના હેતુભૂત ત્રાસ તે **ભય** કહેવાય છે. નકામો ક્લેશ કરવાના સ્વભાવવાળા મનુષ્યો, અમંતોષી માગણો, અકારણ અન્યનુ અપમાન કરવાના વા પીડા કરવાના સ્વભાવવાળા માણસો, ચોરો, બહારવટીઆ, શરીરને અપકાર કરનારાં પ્રાણીઓ, રોગો ને તનમનને અપકાર કરનારાં અદૃશ્ય સત્ત્વો એ ભય ઉત્પન્ન કરનારાં ગણાય છે. ભય ઉપજાવનારી સામગ્રીના વિચારથી કે તેની પ્રાપ્તિથી કોઇ પણ મનુષ્યે ભયને વશ થઈ કંપવા લાગવું કે શોક કરવા લાગવું તેમાં કોઈ પણ પ્રકારના લેશ પણ લાભ નથી, પણ તનમનને હાનિ પહોંચવાનોજ પ્રબલ સંભવ છે. માટે વિવેકી પુરુષે ને વિવેકી સ્ત્રીએ ભય ઉપજાવનારી સામગ્રીના આગમનના વિચારથી કે તેની પ્રાપ્તિથી લેશ પણ ભય નહિ પામતાં પોતાના મનને શાંત રાખી પરમાત્માનુ સ્મરણધ્યાન કરવું, અને તે સામગ્રીને દૂર કરવાનો જે ઉપાય પોતાને પ્રતીત થતો હોય તે ઉપાય અથવા અન્ય સજ્જન તેની નિવૃત્તિનો જે ઉપાય બતાવે તે ઉપાય કરવો. હે ભયથી કંપતા પુરુષો! ને હે ભયથી કંપતી સ્ત્રીઓ! તમે તમારા મનને નિરંતર પરમનિર્ભય પરમાત્મામાં જોડતા રહો, અને તેથી પ્રાપ્ત થતા શુભવિચારના ને શુભક્રિયાના બલવડે તમે તમારા શત્રુ ભયને તમારા હૃદયમાંથી સદાને માટે વિદાય કરી દેવા ભાગ્યશાલી થાઓ.

૯૪. ખેદ. કોઇ પણ પ્રકારની વ્યાવહારિક પ્રતિકૂલતાની પ્રાપ્તિ થવાથી મનુષ્યના હૃદયમાં જે દાહાત્મકવૃત્તિ ઉપજે તે ખેદ, ચિંતા વા શોક કહેવાય છે. ખેદ રુધિરાદિ શરીરના ધાતુઓને બાળનારો, ઇંદ્રિયોના સાત્ત્વિકસામર્થ્યને

હરનારો, અને અંતઃકરણના સાત્ત્વિકસામર્થ્યનો વિનાશ કરનારો છે. ખેદને વશ થયેલો મનુષ્ય પોતાના વ્યવહારનું તથા પરમાર્થનું કામ સારી રીતે કરી શકતો નથી, તેથી તે પોતાનો વ્યવહાર તથા પરમાર્થ બંને બગાડે છે. એવી રીતે ખેદ સ્થૂલશરીરના તથા સૂક્ષ્મશરીરના સારભૂત દ્રવ્યને હાનિ પહોંચાડનાર છે, તેથી તે ખેદને કોઇ પણ વિવેકી પુરુષે કે સ્ત્રીએ પોતાના અંતઃકરણમાં કદીપણ અવકાશ આપવો ઉચિત નથી. પ્રારબ્ધાનુસાર જે કાલે જે પ્રતિકૂલ બનવાનું હશે તે કાલે તે પ્રતિકૂલ બનશે, વા જે કાલે જે પ્રતિકૂલ બનવાનું હતું તે કાલે તે પ્રતિકૂલ બન્યુ, અને પ્રારબ્ધાનુસાર જે કાલે જે ઇચ્છિત નહિ બનવાનું હોય તે નહિ બને, વા જે ઇચ્છિત બનવાનું નહોતું તે ઇચ્છિત નહિ બન્યું, મારા ચિદાનંદરૂપ આત્માની સાથે તે પ્રતિકૂલતાનો વા અનુકૂલતાનો કોઈ પણ પ્રકારનો વાસ્તવિક સંબંધ નથી એમ સમજી પોતાના અંતઃકરણને સર્વદા સુ-પ્રસન્ન રાખવું એમાંજ વિવેકીને લાભ છે.

૯૫. આશ્ચર્ય. કોઇ દિવસ નહિ સાંભળેલા વા કોઇ દિવસ નહિ જોયેલા પદાર્થના શ્રવણથી વા તેના દર્શનથી કિંવા કોઇ દિવસ નહિ સાંભળેલી વા નહિ જોયેલી ક્રિયાના શ્રવણથી વા તેના દર્શનથી સાંભળનારના વા જોનારના અંતઃકરણપર તથા ઇંદ્રિયોપર જે એક પ્રકારનું સ્તંભન થાય તે **આશ્ચર્ય** વા વિસ્મય કહેવાય છે. મોટા સામર્થ્યવાળી ને અઘટિત રચના કરવામાં સર્વથી ચતુર માયા અસંખ્ય આશ્ચર્યોના હેતુભૂત સામગ્રીને ઉપજાવનારી હોવાથી આ સમગ્ર વિશ્વમાં સામાન્યબુદ્ધિથી ન સમજાય એવા ઘણા પદાર્થો છે, ને એવા ઘણા નવા પદાર્થો ઉપજે છે, અને અમુક કારણમાંથી અમુક કાર્ય કેવી રીતે થયું તે પણ ઘણી વાર સામાન્યબુદ્ધિવાળાથી સ્પષ્ટ સમજી શકાતું નથી, આમ હોવાથી મુમુક્ષુએ કોઇ પણ અપૂર્વ પદાર્થનું કે ક્રિયાનું શ્રવણ કરીને વા દર્શન કરીને પોતાના અંતઃકરણમાં આશ્ચર્યરૂપ વા કુતૂહલરૂપ ક્ષોભ ઉપજવા દેવો ઉચિત નથી. આશ્ચર્યરૂપ ક્ષોભ મનુષ્યના અંતઃકરણનો સમભાવ ચુંથી નાંખી તે જોયેલા કે સાંભળેલા પદાર્થભણી વા ક્રિયાભણી તે અંતઃકરણને ખેંચે છે, તેથી તે અંતઃકરણ

પોતાના વ્યવહારના તથા પરમાર્થના કામમાં શિથિલ થાય છે. અઘટિતઘટના કરવામાં પરમચતુર માયામાં સર્વે સંભવી શકે છે, ને ચેતનને આશરે રહીને તે સર્વે કાર્ય કરી શકે છે, એમ સમજી કોઇ પણ ચમત્કારી પદાર્થના કે ક્રિયાના શ્રવણથી વા દર્શનથી મુમુક્ષુએ પોતાના ચિત્તને આશ્ચર્યવાળું નજ થવા દેવું, પણ તે પદાર્થભણી વા ક્રિયાભણી પોતાના અંતઃકરણને સર્વદા ઉપેક્ષાવાળું રાખવાનું બલ મેળવવું.

૯૬. હાસ્ય. કોઇ પણ વિચિત્ર વા પ્રિય પ્રાણીના, પદાર્થના કે ક્રિયાના દર્શનથી, શ્રવણથી વા પ્રાપ્તિથી જોનારના, સાંભળનારના વા સ્વામીપણાને પામેલાના અંતઃકરણમાં વિકાસરૂપ ક્ષોભ થઇ શરીરપરનાં રૂંવાડાં ઊભાં થાય, તેનું મુખ વિકાસ પામે, તેના હોઠ મોકળા થઇ અન્યને તેના દાંતો ન્યૂનાધિક અંશે દેખાય, ને તેના મુખમાંથી ન્યૂનાધિક ધ્વનિ નીકળવા લાગે તે હાસ્ય કહેવાય છે. આવા ક્ષોભો મંદપ્રમાણમાં, મધ્યમપ્રમાણમાં અને અધિમાત્ર (વધારે) પ્રમાણમાં ઉપજે તેને ક્રમથી મંદહાસ્ય, મધ્યમહાસ્ય ને અટ્ટહાસ્ય કહેવામાં આવે છે. મુમુક્ષુએ અટ્ટહાસ્ય ને મધ્યમહાસ્ય ગાંભીર્યનું વિરોધી હોવાથી ત્યજી દેવાયોગ્ય છે, અને મંદહાસ્ય પણ પરિમિત રાખી વશ વર્તાવવાયોગ્ય છે. હાસ્ય રજોગુણવડે અંતઃકરણના સમભાવને ચુંથી નાંખનારું છે, અને જ્યારે તે હાસ્ય કોઇ પણ પ્રાણીનું અપમાન કરનારું હોય ત્યારે તો તે પાપસંસ્કાર પાડનારું છે, માટે વિવેકીએ કોઇ પણ પ્રકારના હાસ્યમાં હિતકર બુદ્ધિ રાખવી યોગ્ય નથી. હાસ્યથી સ્થૂલશરીરનું આરોગ્ય સુધરે છે એ વાત સાચી છતાં પણ હાસ્યથી અંતઃકરણમાં રહેલો રજોગુણ વૃદ્ધિ પામે છે, ને તે પારમાર્થિક સાધનોમાં હાનિ કરે છે એ ભૂલવું જોઇતું નથી. જેમના હૃદયાકાશમાં રહેલા પરમપ્રકાશરૂપ ને પરમાનંદરૂપ બ્રહ્મનું અંતઃકરણને નિરાવરણ ભાન થવાથી જેમનું મુખ ને નેત્ર અલૌકિક મંદહાસ્યવાળાં પ્રતીત થતાં હોય તે હાસ્ય તો પરમાનંદના સ્ફુરણથી થનારું સ્વાભાવિક હોવાથી આદર આપવાયોગ્ય ગણાય છે.

૯૭. **આલસ્ય.** અંતઃકરણમાં રહેલા તમોગુણના વધારાથી, આહાર તથા નિદ્રાના વિશેષ સેવનથી, અને કોઈ પણ કામમાં ઉદ્યોગી રહેવાનો સ્વભાવ નહિ પાડવાથી, અંતઃકરણમાં તથા શરીરમાં રહેતા ભારેપણાવડે કોઈ પણ વ્યવહારના કે પરમાર્થના કામમાં નિયમપૂર્વક યોગ્ય પ્રવૃત્તિ ન કરી શકાય તે આલસ્ય કહેવાય છે. આ પૃથિવીપર આલસ્ય એ મનુષ્યોના મોટા ભાગને વહાલો લાગતો તેના તનમનમાં રહેલો મોટો શત્રુ છે. જે મનુષ્ય આ લોકમાં ધનધાન્યાદિવડે સુખી થવા ઇચ્છતો હોય, પ્રતિષ્ઠા મેળવવા ઇચ્છતો હોય, અને શરીરે નીરોગ રહી ઇંદ્રિયોના તથા અંતઃકરણના શુભસામર્થ્યને ઇચ્છતો હોય, તેણે અવશ્ય ઉદ્યાગવડે પોતાના તનમનમાં રહેલા આલસ્યનો નાશ કરવો જોઇએ. જે મનુષ્ય સ્વર્ગાદિ લોકને ઇચ્છતો હોય તેણે પણ સર્વદા ઉદ્યાગવડે પોતાના તનમનમાં રહેલા આલસ્યનો નાશ કરવો જોઇએ; અને જે મનુષ્ય ભક્તિવડે, યોગવડે કે બ્રહ્માનુભવવડે મોક્ષને ઇચ્છતો હોય તેણે પણ સતત ઉદ્યોગી રહી પોતાના તનમનમાં રહેલા આલસ્યનો ઉચ્છેદ કરવો જોઇએ. હે સુખને ઇચ્છનારા પુરુષો ! હે સુખને ઇચ્છનારી સ્ત્રીઓ ! તમને આળસુ રહેવાનો સ્વભાવ પડયો હોય, ને તેથી તમને આલસ્ય બહુ વહાલું લાગતું હોય, અને તમને તમારા ગુરુજનો ઉદ્યોગી રહી આલસ્યનો પરિત્યાગ કરવાનું કહેતા હોય તે તમને રુચતું ન હોય, તોપણ તમે તમારા હિતનો વિચાર કરી ઉદ્યાગવડે આલસ્યનો પરિત્યાગ કરવા પ્રયત્નવાળા થજો. ઉદ્યોગી સ્વભાવ રાખવાથી તમે સર્વ પ્રકારે સુખી થશો એ કદીપણ ભૂલશો નહિ. જો કીડીઓના તથા મધમાખીઓના જેવા ક્ષુદ્ર જંતુઓ પણ ઉદ્યોગી રહેવામાં સુખ સમજે છે તો પછી તમે તો માણસ છો, તેથી તમારે શામાટે ઉદ્યાગી રહેવામાં સુખ ન સમજવું જોઇએ ?

૯૮. **દીર્ઘસૂત્રતા.** કોઇ પણ પ્રકારના કામને ધાલી મૂકવાનો સ્વભાવ-એક ઘડીમાં થઇ શકે એવા કામને એક માસે પણ પૂરું ન કરવાનો સ્વભાવ-તે દીર્ઘસત્રતા કહેવાય છે. અંતઃકરણાદિમાં તમોગુણનો વધારો હોવાથી કોઇ પણ પ્રકારના પ્રાપ્ત કામને નિરર્થક લંબાવ્યા કરવાના સ્વભાવરૂપ દીર્ઘસત્રતા-

નામનો દોષ મનુષ્યના અંતઃકરણમાં સ્થિતિ કરીને રહે છે. પ્રાપ્ત કામને વિવેક-પૂર્વક તુરત કરવાનો સ્વભાવ રાખવાથી દીર્ઘસૂત્રતાનો જય કરી શકાય છે. દીર્ઘસૂત્રી મનુષ્ય પોતાનો વ્યવહાર બગાડી વ્યવહારમાં દુઃખી થાય છે, અને પરમાર્થનું કોઈ પણ સાધન તે યથાયોગ્ય સાધી શકતો નથી. દીર્ઘસૂત્રી મનુષ્યની સાથે કોઈ પણ મનુષ્ય પોતાનો વ્યાવહારિક પ્રસંગ પાડવા ઇચ્છતો નથી, ને દીર્ઘસૂત્રી પ્રાયશઃ પોતાનું બોલ્યું પાળી શકતો નથી. તેથી તે વ્યવહારમાં મિથ્યાભાષણ કરનારો ગણાય છે. કોઈ પણ પ્રકારનુ પ્રાપ્તકામ વિવેક-પૂર્વક શીઘ્ર કરવાનો સ્વભાવ પાડી દીર્ઘસૂત્રતાને દેશવટો દેવામાંજ મનુષ્યને લાભ છે.

૭૯. અવ્યવસ્થા. પોતાના પ્રાપ્તવ્યવહારના કામમાં તથા પોતાના અધિકારાનુસાર કરવાયોગ્ય પરમાર્થના સાધનના અનુષ્ઠાનમાં સમયની તથા ક્રમની ગોઠવણ કર્યા વિના વર્તનારી જે અંતઃકરણની વૃત્તિ તે **અવ્યવસ્થા** કહેવાય છે. આ અવ્યવસ્થાનામની વૃત્તિ અંતઃકરણમાં તમોગુણની વૃદ્ધિ હોવાથી ઉપજે છે. અવ્યવસ્થાવાળા મનુષ્યનો વ્યવહાર શોભાવાળો પ્રતીત થતો નથી, અને તેવો મનુષ્ય પરમાર્થના સાધનનું અનુષ્ઠાન પણ જોઇએ તેવી રીતે કરી શકતો નથી. આવો મનુષ્ય પોતાના વ્યવહારના કર્તવ્યનું તથા પરમાર્થના કર્તવ્યનું સ્વરૂપ બહુધા સમજી શકતો નથી, અને ભાગ્યેજ તેવો મનુષ્ય ધારેલે સમયે પોતાનું ધારેલું કામ કરવા ભાગ્યશાલી થાય છે. તેનો અવ્યવસ્થાવાળો વ્યવહાર તેને પોતાને ઘુંચવણમાં નાંખે છે, અને તેના સંબંધમાં આવનાર વ્યવસ્થાથી વર્તનાર મનુષ્યને પણ તે ઘણી વાર ઘુંચવણમાં નાંખે છે. અવ્યવસ્થાવાળું અંતઃકરણ ભૂતવાળા અંધારા ઘરના જેવું છે, જેમાં કાંઈ સૂઝતું નથી, ને સદા ભય ઉત્પન્ન થયા કરે છે. જે પુરુષો ને જે સ્ત્રીઓ આ લોકમાં સુખી થવા ઇચ્છતાં હોય ને પરલોકમાં પરમસુખ મેળવવા ઇચ્છતાં હોય તેમણે પોતાના વ્યવહારના તથા પરમાર્થના કામમાં વ્યવસ્થાથી વર્તવાનો સ્વભાવ પાડી પોતાના અંતઃકરણમાંથી અવ્યવસ્થાને દૂર કરી નાંખવી જોઇએ.

૧૦૦. જડતા. અંતઃકરણમાં તમોગુણના વધારાવડે અંતઃકરણ શુદ્ધ-વ્યવહારના સ્વરૂપને તથા અન્ય સૂક્ષ્મવિષયોના સ્વરૂપને સમજવા સમર્થ ન થઇ શકે તે અંતઃકરણના તમોગુણથી ઉત્પન્ન થતો ધર્મ જડતા છે. આ જડતાને મૂર્ખતા પણ કહેવામાં આવે છે. આવો મનુષ્ય ઘણી વાર પોતાની મૂર્ખાઇથી વિવાહની વરસી કરી નાંખે છે. તે સમયનો વિચાર કર્યા વિના ન બોલવાનું બોલી દેવાથી ને ન કરવાનું કરી દેવાથી ઉપહાસને પાત્ર થાય છે. તે પોતાની મૂર્ખાઇભરેલી પ્રવૃત્તિથી પોતે દુઃખી થાય છે, પોતાના સંબંધિજનોને દુઃખી કરે છે, અને પોતાના સંબંધમાં આવનાર અન્ય મનુષ્યને પણ તે અકારણ દુઃખી કરે છે. આવો મનુષ્ય દૃશ્ય વિષયોની બહુ લાલસાવાળો હોવાથી પ્રાયશઃ સત્યભાષણ કરવામાં ને પ્રામાણિકપણે વર્તવામાં આદર સેવતો નથી, ને તરંગી સ્વભાવવાળો હોવાથી ગમે તેમ વર્ત્યા કરે છે, ને વારંવાર પોતાના ગુરુજનોના ઠપકાનું તથા દુઃખનું પાત્ર થયા કરે છે. જે મનુષ્યો સુખી થવા માગતા હોય તે મનુષ્યોએ પોતાના સદ્‌ગુરુનાં વચનોમાં ને શાસ્ત્રનાં વચનોમાં પરમાદર રાખી, શુભ કર્મ કરવામાં પ્રીતિવાળા રહી, ને જડતાને દૂર કરનારાં તથા અંતઃકરણમાં સત્ત્વગુણની વૃદ્ધિ કરનારાં સાધનોનું ભાવપૂર્વક દૃઢતાથી અનુષ્ઠાન કરતા રહી, પોતાના અંતઃકરણમાં રહેલી જડતાને દૂર કરી નાંખવી જોઇએ.

૧૦૧. મંદશ્રવણ. અહિં શ્રવણશબ્દ વેદાંતના શ્રવણનો વાચક છે. વેદાંતનું શ્રવણ કરવાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે, પોતાના મનને શાંતિ મળે છે, ને પોતાનું મન સુધરે છે, આવી બુદ્ધિથી શ્રોત્રિય ને બ્રહ્મનિષ્ઠ પુરુષની પાસેથી વેદાંતશાસ્ત્રનું શ્રદ્ધાથી શ્રવણ કરવું તે મંદશ્રવણ કહેવાય છે. આવા શ્રોતાના અંતઃકરણમાં જોઇએ તેટલા પ્રમાણમાં અંતઃકરણની શુદ્ધિ હોતી નથી, આ શ્રવણપછી મારે મનન તથા નિદિધ્યાસન કરી બ્રહ્મસાક્ષાત્કાર કરવો છે એવો તેનો દૃઢ ઉદ્દેશ પણ હોતો નથી, અને તેણે વિવેકવૈરાગ્યાદિ શ્રવણનાં સાધનો સંપાદન કરેલાં હોતાં નથી, તેથી તે તાત્પર્યનો નિર્ણય કરાવનારાં ૭ લિંગોસહિત વેદાંતનું શ્રવણ કરતો નથી, ને પછી મનનાદિ પણ કરતો નથી.

આવા શ્રોતાઓ દેખાદેખીથી, વા મનને સમયને માટે સારું લાગવાથી, વા સમયને વ્યતીત કરવાનો આ એક સારો માર્ગ છે એમ લાગવાથી, વેદાંતના શ્રવણમાં પ્રવૃત્ત થયેલા હોય છે. બ્રહ્મરૂપ વસ્તુનું માહાત્મ્ય સમજીને તથા બ્રહ્મસાક્ષાત્કારના ઉદ્દેશને સ્થિર કરીને તેમાં પ્રવૃત્ત થયેલા હોતા નથી, તેથી તેમને વેદાંતશ્રવણથી જે લાભ થવો જોઇએ તે ન થઈ શકે તે સ્વાભાવિકજ છે. મોક્ષેચ્છુ પુરુષે ને મોક્ષેચ્છુ સ્ત્રીએ આવું ગતાનુગતિક વેદાંતશ્રવણ કરવું યોગ્ય નથી. તેણે તો આગળ જણાવાશે તેવી રીતે ઉત્તમપ્રકારે વેદાંતનું શ્રવણ કરવું જોઇએ.

૧૦૨. મધ્યમશ્રવણ. વેદાંતશાસ્ત્રનું કાંઇક માહાત્મ્ય સમજી, મોક્ષ મેળવવાનો ઉદ્દેશ કાંઇક અંશે મનમાં સ્થિર કરી, અંતઃકરણને ઘણે ભાગે પવિત્ર કરી, વિવેકવૈરાગ્યાદિ જ્ઞાનનાં સાધનોને કેટલેક અંશે સંપાદન કરી, શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ ને પરમકારુણિક મહાપુરુષની પાસેથી મધ્યમપ્રકારની શ્રદ્ધા ને પ્રીતિથી બની શકે તેટલા એકાગ્રચિત્તે વેદાંતશાસ્ત્રનું, તાત્પર્યનો નિર્ણય કરાવનારાં છ લિંગોનું કેટલેક અંશે ધ્યાન રાખી, શ્રવણ કરવું તે **મધ્યમશ્રવણ** કહેવાય છે. આવું વેદાંતશ્રવણ તત્ત્વસાક્ષાત્કારનો, નિદિધ્યાસનનો અથવા યથાર્થ વેદાંતમનનનો હેતુ થઇ શકતું નથી. આવું વેદાંતશ્રવણ શ્રોતાના હૃદયમાં બહુધા ઉત્તમ શ્રવણનો અધિકાર ઉત્પન્ન કરે છે. આવા પ્રકારના શ્રવણમાં જોડાયેલા મનુષ્યે પોતાના અંતઃકરણને ઉત્તરોત્તર વધારે શ્રદ્ધાવાળું, વધારે પ્રીતિવાળું, ને વધારે એકાગ્ર કરી વેદાંતનું શ્રવણ કરવું જોઇએ.

૧૦૩. ઉત્તમશ્રવણ. એકજ અદ્વિતીયતત્ત્વનો ઉપદેશ કરી, જીવનો જીવભાવ ત્યજાવી, તેનાં કલ્પિત સર્વ દુઃખોનો ઉચ્છેદ કરાવી, તેને પરમાનંદસ્વરૂપે સ્થાપનાર વેદાંતશાસ્ત્ર છે, આમ વેદાંતશાસ્ત્રનું માહાત્મ્ય સમજી, સર્વ દુઃખોની ઐકાંતિક ને આત્યંતિક નિવૃત્તિનો તથા પરમાનંદની નિત્યપ્રાપ્તિનો પોતાના જીવનનો મુખ્ય ઉદ્દેશ પોતાના મનમાં કોઇ પણ પ્રકારની તૃષ્ણાથી કે દુઃખની પ્રાપ્તિથી ડગે નહિ એવો સુસ્થિર કરી, પોતાના અંતઃકરણને સર્વદા સર્વથા પવિત્ર રાખી, વિવેક, વૈરાગ્ય, શમાદિ છ સંપત્તિ, ને મોક્ષ મેળવવાની તીવ્ર

ઇચ્છાને પોતાના અંતઃકરણમાં સારી રીતે આવિર્ભાવ પમાડી શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ ને પરમકારુણિક સદ્‌ગુરુનું માત્ર મોક્ષની ઇચ્છા રાખીને વિધિપૂર્વક શુદ્ધભાવથી શરણ ગ્રહણ કરી, તેઓશ્રીની પાસેથી ચિત્તની એકાગ્રતાપૂર્વક પરમપ્રીતિથી તાત્પર્યનો નિર્ણય કરાવનારાં છ લિંગોસહિત વેદાંતનું શ્રવણ કરવું તે ઉત્તમશ્રવણ કહેવાય છે. વેદાંતનું આવી રીતે શ્રવણ કરનાર મનુષ્યનું અંતઃકરણ શીઘ્ર વેદાંતશાસ્ત્રના હૃદયને પોતાના હૃદયમાં ગ્રહણધારણ કરી શકવા ભાગ્યશાલી થાય છે. આવા શ્રોતાને વેદાંતનું મનન અલ્પ સમયજ કરવું પડે છે, ને તેને તેનું નિદિધ્યાસન પણ પ્રાયશઃ અલ્પ સમયજ કરવું પડે છે. આવી રીતે આવો શ્રોતા શીઘ્ર કૃતાર્થ થાય છે, તેથી પ્રત્યેક મનુષ્યે વેદાંતશાસ્ત્રના આવા શ્રોતા થવું જોઇએ.

૧૦૪. મંદમનન. જીવમાં જે અણુરૂપ ચેતનભાગ છે તે લગભગ બ્રહ્મજેવો છે, પણ તે ચેતનભાગ સર્વથા સર્વદા બ્રહ્મજેવો નથી, કાંઇક ઊતરતા પ્રકારનો છે. તે બ્રહ્મમાંથી—પરમાત્મામાંથી–ઉપજે છે, ને વિનાશ પામતો નથી. બ્રહ્મની વા પરમાત્માની કૃપાથી તે લગભગ બ્રહ્મજેવો થાય છે. તેનામાં બ્રહ્મનું બીજું ઐશ્વર્ય ઉપાસનાના પરિપાકથી આવે છે, પણ આ જગતની ઉત્પત્તિ કરવાનું, આ જગતનું પરિપાલન કરવાનું, ને આ જગતનો સંહાર કરવાનું ઐશ્વર્ય તેનામાં ઉદય પામતું નથી. એ બ્રહ્મ અનાદિઅનંત છે. બ્રહ્મ વા પરમાત્મા સદ્રૂપ, જ્ઞાનરૂપ, પરમાનંદરૂપ, અસંખ્ય ઐશ્વર્યવાળા, ને અનેક શુભગુણોથી ભૂષિત છે. તેઓશ્રી પોતાના અનન્યભક્તોને પોતાના ધામની પ્રાપ્તિ કરાવી તેમને પરમાનંદનું દાન કરે છે. તેઓશ્રીને આશરે રહી તેઓશ્રીની આજ્ઞાથી માયાનામનું તત્ત્વ આ જડ જગત્ રચે છે. એ માયા પણ અનાદિ ને અનંત છે. જીવો પરસ્પર ભિન્ન ને અસંખ્ય છે. સબલની ભક્તિથી નિર્બલ સબલ થાય છે, માટે મનુષ્યજન્મ પામી પ્રત્યેક મનુષ્યે મહાસામર્થ્યવાળા પરમાત્માની, સંસારની સર્વે તૃષ્ણાઓનો પરિત્યાગ કરી, પરમાદરપૂર્વક અનન્યભક્તિ કરવી જોઇએ. વેદાંતનું શ્રવણ કરવાર્થી તથા એકાંતમાં તેનું મનન કરવાથી ઉપર

જણાવેલા નિશ્ચયોનો હૃદયમાં આવિર્ભાવ થાય તે મંદ વા કનિષ્ઠ મનન જાણવું.

૧૦૫. મધ્યમમનન. વ્યવહારકાલે અણુરૂપવાળો, અલ્પજ્ઞ, અલ્પસામર્થ્યવાળો, કર્માદિને વશ વર્તનારો, ને દુઃખી પ્રતીત થતો જીવ બ્રહ્મનું અનન્યારાધન કરવાથી મોક્ષકાલે પોતાની સર્વ અશુદ્ધિને ત્યજી બ્રહ્મરૂપ થઇ જાય છે. વ્યવહારકાલે જીવ ને બ્રહ્મ ભિન્ન છે, પણ મોક્ષકાલે જીવ બ્રહ્મરૂપ થઇ જાય છે, ને પછી તેમાં કોઇ પણ પ્રકારનો ભેદ રહેતો નથી. વ્યવહારકાલે માયા જીવથી ને બ્રહ્મથી ભિન્ન પ્રતીત થાય છે, તે પરમાત્માની ઇચ્છાથી પ્રેરાઈ જીવોનાં કર્માનુસાર આ જડ જગતને ઉત્પન્ન કરી તેમાં ભોક્તાઓનો ને ભોગ્યોનો ભેદ પ્રતીત કરાવે છે. જીવને જ્યારે મોક્ષનો લાભ થાય છે ત્યારે તે માયા પણ બ્રહ્મમાં લીન થઇ જાય છે, જેમ પ્રકાશમાં અંધકાર લીન થઇ જાય તેમ. વ્યવહારકાલે જીવનો ને માયાનો બ્રહ્મથી ભેદ સત્ય છે, ને મોક્ષકાલે જીવનો ને માયાનો બ્રહ્મથી અભેદ પણ સત્ય છે. વેદાંતનુ શ્રવણ કર્યા પછી એકાંતમાં તેનું મનન કરવાથી હૃદયમાં આવા નિશ્ચયોનો ઉદય થાય તે મધ્યમમનન જાણવું.

૧૦૬. ઉત્તમમનન. સર્વ ઉપનિષદો સાક્ષાત્ કે પરંપરાવડે એક, અદ્વિતીય, અસંગ, વ્યાપક, માયાના ગુણોથી રહિત, નામાદિ વિશેષથી રહિત, સદ્રૂપ, ચિદ્રૂપ ને પરમાનંદરૂપ બ્રહ્મતુંજ નિરૂપણ કરે છે. અહિં આ બ્રહ્મતત્ત્વથી ભિન્ન કાંઇ પણ વાસ્તવિક સત્ય નથી. વ્યવહારકાલે ભિન્ન પ્રતીત થતા અસંખ્ય જીવોનું વાસ્તવિકસ્વરૂપ બ્રહ્મથી ભિન્ન નથી. સચ્ચિદાનંદાદિ સ્વભાવવાળા ચેતનમાં કોઇ પણ પ્રકારનો ભેદ હોવાનો લેશ પણ સંભવ નથી. જીવોમાં વ્યવહારકાલે પરસ્પર જે ભેદ પ્રતીત થાય છે તે ભેદ તો ન્યૂનાધિક સામર્થ્યવાળા અંતઃકરણની ભિન્નતાને લીધે પ્રતીત થતો હોવાથી મિથ્યા છે, તેમના ચેતનસ્વરૂપમાં ભેદ કરવાનું અંતઃકરણોરૂપ ઉપાધિઓમાં સામર્થ્ય નથી. જીવોનો ને ઇશ્વરનો ભેદ પણ અંતઃકરણોરૂપ ને માયારૂપ ઉપાધિઓ તથા તેમના ધર્મોએ પ્રતીત કરાવેલો હોવાથી મિથ્યા છે, વાસ્તવિક નથી. જીવોનું વાસ્તવિક

સ્વરૂપ જે ચેતન ને ઇશ્વિરનું વાસ્તવિક સ્વરૂપ જે ચેતન તે એકજ છે. તેમાં લેશ પણ ભિન્નતા નથી. સર્વ જડ પદાર્થોનુ તથા તે સર્વ જડ પદાર્થોના કારણરૂપ જડ માયાનું અધિષ્ઠાન પણ ચેતનરૂપ બ્રહ્મજ છે. જડ પદાર્થોનું પોતાનાથી અસ્તિત્વ સંભવતું નથી, ચેતનની સત્તાથી જડ પદાર્થો સત્તાવાળા પ્રતીત થાય છે. આવી રીતે ઇશ્વિર, જીવો, માયા ને માયાના કાર્યરૂપ વ્યવહારકાલે પ્રતીત થતા જડ પદાર્થો એ સર્વ વસ્તુતાએ બ્રહ્મજ છે. હું બ્રહ્મ છુ, તું બ્રહ્મ છે, આ બ્રહ્મ છે, તે બ્રહ્મ છે, સર્વ બ્રહ્મ છે, અહિં કાંઇ ભેદ છેજ નહિ, આવી રીતે અભેદરૂપ બ્રહ્મનો દૃઢ નિશ્ચય થાય, ને બ્રહ્મરૂપે સ્થિતિ કરવી એજ મોક્ષ છે એમ નક્કી થાય, અને એક બ્રહ્મનું દૃઢ અપરોક્ષજ્ઞાન થવાથી મોક્ષ થાય છે એમ સમજાય, તે ઉત્તમમનન કહેવાય છે. આવું ઉત્તમમનન નિદિધ્યાસનનો હેતુ થાય છે. વિવેકી જિજ્ઞાસુએ આવા પ્રકારનું મનન પ્રાપ્ત કરવું જોઇએ.

૧૦૭. મૈત્રી આદિ ભાવનાઓ. અંતઃકરણની નિર્મલતાવિના બ્રહ્મજ્ઞાન, પરમાત્માની અનન્યભક્તિ, વા યોગ પ્રાપ્ત થઇ શકતાં નથી. મૈત્રી, કરુણા, મુદિતા ને ઉપેક્ષા આ ચાર ભાવનાઓને હૃદયમાં સ્થિર રાખવાનું બલ પ્રાપ્ત કરવાથી મનુષ્યના હૃદયની પવિત્રતા થાય છે. વ્યવહારપરમાર્થમાં પોતાના જેવી સ્થિતિવાળા તથા વ્યવહારપરમાર્થમાં પોતાના કરતાં ચઢિયાતી સ્થિતિવાળા મનુષ્યાદિમાં મૈત્રીની ભાવના રાખવી, એ સર્વ મારા પરમમિત્રો છે એવો નિશ્ચય અંતઃકરણમાં સુદૃઢ રાખવો, કે જેથી તેમની સુખી સ્થિતિ જોઇને વા સાંભળીને તેમનું સુખ તે મારુંજ સુખ છે એમ સમજવાથી તે સુખોમાં રાગ વા તે મનુષ્યાદિના ઉપર દ્વેષ કે અસૂયા ન પ્રકટે, ને અંતઃકરણ નિર્મલ રહે. આ જગતમાં જે જે સુખી પ્રાણીઓ છે તે સર્વ સુખી પ્રાણીઓ પોતપોતાના પુણ્યકર્મના પરિપાકથી સુખી છે, ને તેઓ મારા પરમમિત્ર હોવાથી તેમને સુખે હું પણ સુખી છું, આવો સ્થાયી વિચાર મનુષ્યના અંતઃકરણને સમભાવવાળું ને પવિત્ર રાખે એ ઊઘાડું છે. દૃષ્ટ ને અદૃષ્ટ સામગ્રીવિના મનુષ્યને ઇચ્છિત સુખની પ્રાપ્તિ થતી નથી, તેથી કોઇ પણ સુખમાં રાગવાળાના અંતઃ-

કરણમાં તે પદાર્થ ન મળવાથી ખેદ થાય છે. આથી તેનું અંતઃકરણ મલિન રહે છે. પ્રતિકૂલ પ્રાણિપદાર્થોના સદ્ભાવથી પણ ઇચ્છિત સુખ ન મળવાથી તેનુ અંતઃકરણ મલિન રહે છે. મૈત્રીની ભાવનાવડે સર્વ સુખો પ્રાપ્ત થયાજેવાં મનાય છે, તેથી અંતઃકરણનો રાગદોષ શમી તે પ્રસન્ન રહે છે. પોતાનાથી ઊતરતી સ્થિતિના તથા દુઃખી મનુષ્યાદિમાં કરુણાની ભાવના કરવાથી દ્વેષદર્પાદિ અંતઃકરણના દોષો શમે છે, ને એવી ભાવના પુણ્યરૂપ હોવાથી એવી ભાવના કરનારનું ચિત્ત નિર્મલ રહે છે. પુણ્યવાન્ મનુષ્યાદિમાં મુદિતાની એટલે પ્રસન્નતાની ભાવના કરવાથી અંતઃકરણમાં અસૂયા, દ્વેષ ને દર્પાદિ દોષો આવિર્ભાવ પામી શકતા નથી, તેથી એવી ભાવના કરનાર મનુષ્યનું ચિત્ત નિર્મલ રહે છે. પુણ્યકર્મ હૃદયને નિર્મલ કરનારું છે, તેથી તેવું પુણ્યકર્મ કરનારાને જોઇ વા સાંભળી પોતાના હૃદયને પ્રફુલ્લિત થવા દેવું એમાંજ સાધકને લાભ છે, ને એમ વર્તવું એજ તેનું કર્તવ્ય છે. કર્મોને વશ વર્તનારા મનુષ્યાદિમાંથી જેમનાં અંતઃકરણોમાં પાપસંસ્કારોનો ઉદય થયેલો હોવાથી જેઓ પાપકર્મોમાં પ્રવૃત્તિ કરનારા છે તેવા મનુષ્યાદિની ઉપેક્ષા કરવાનો સ્વભાવ રાખવો. પાપીઓમાં પ્રીતિ રાખવાથી તેમનાં પાપકર્મોનો કાંઇક ભાગ તેમનામાં પ્રીતિ રાખનારને પ્રાપ્ત થાય છે, ને શિષ્ટો તેની નિંદા કરે છે એ પ્રત્યક્ષ દુઃખની તેને પ્રાપ્તિ થાય છે, તેથી પાપી મનુષ્યોમાં પ્રીતિ રાખનારનું ચિત્ત મલિન થાય છે. પાપી મનુષ્યોનો દ્વેષ કરવાથી પણ ચિત્તની મલિનતા થાય છે. એવી રીતે પાપી મનુષ્યોપર રાગ કરવાથી તથા તેમનો દ્વેષ કરવાથી મનુષ્યનું ચિત્ત મલિન થાય છે, માટે તેમની ઉપેક્ષા કરવાનું કહ્યું છે. આ ચાર ભાવનાઓથી જેમણે પોતાનું ચિત્ત નિર્મલ કર્યું હોય તેવા મનુષ્યોજ પ્રાણાયામ, પ્રત્યાહાર ને ધારણાદિ ઉપાયોવડે પોતાના ચિત્તને એકાગ્ર કરવા ભાગ્યશાલી થાય છે, આ ભાવનાઓવડે જેમણે પોતાના ચિત્તને નિર્મલ રાખ્યું હોય તે મનુષ્યોજ પોતાના પ્રિયતમ પ્રભુનો સર્વત્ર સાક્ષાત્કાર કરવા ભાગ્યશાલી થાય છે; અને આ ભાવનાઓવડે જેમણે પોતાના ચિત્તને પવિત્ર કર્યું હોય એવા મનુષ્યોજ પોતાના અંતરાત્માના અભિન્ન બ્રહ્મનો દૃઢ સાક્ષાત્કાર કરવા ભાગ્યશાલી થાય છે.

૧૦૮. નિદિધ્યાસન. પોતાના શરીરની અંતર ને બહાર સર્વત્ર—દશે દિશામાં—જે પ્રશાંતપ્રકાશરૂપ ચેતન (બ્રહ્મ) વિલસી રહ્યું છે તેનો, દશ્યનો વિચાર રોકી, નિરંતર વિચાર કર્યા કરવો તે નિદિધ્યાસન કહેવાય છે. નિદિધ્યાસનની પહેલી ભૂમિકામાં અંતઃકરણ બ્રહ્મનો વિચાર કરતાં કરતાં દશ્યના વિચારમાં ચાલ્યુ જાય છે, ત્યાંથી તેને પુનઃ બ્રહ્મના વિચારમાં જોડવું પડે છે. આવો વિચાર કરતાં કરતાં અંતઃકરણ દશ્યના વિચારથી શનૈઃ શનૈઃ વિરામ પામી બ્રહ્મના વિચારમાં સ્થિર રહેવા લાગે છે. અંતઃકરણ જ્યારે બ્રહ્મના વિચારની ધારાજ વહેવરાવ્યા કરે, ને દશ્યના વિચારનો પરિત્યાગ કરે, ત્યારે તે નિદિધ્યાસનની બીજી ભૂમિકાને પ્રાપ્ત થયેલું ગણાય છે. આ ભૂમિકામા બ્રહ્મવિચાર કરનારી વૃત્તિના વિષયરૂપ બ્રહ્મની, ને બ્રહ્માકારવૃત્તિની સ્પષ્ટ પ્રતીતિ હોય છે. આ ભૂમિકાનો આદરપૂર્વક અભ્યાસ ચાલુ રહેવાથી ભાવના-ના વિષયરૂપ બ્રહ્મની વિશેષ સ્ફૂર્તિ થવા લાગે છે, અને બ્રહ્મવિચાર કરનારાની ને બ્રહ્માકારવૃત્તિની સ્ફૂર્તિ મંદ પડવા લાગે છે. આવા અભ્યાસને પરિણામે નિદિધ્યાસનની ત્રીજી ભૂમિકામાં પહોંચાય છે. આ ભૂમિકામાં માત્ર બ્રહ્મનીજ સ્ફૂર્તિ હોય છે, ને બ્રહ્મભાવના કરનારાનું અને બ્રહ્માકારવૃત્તિનું સ્ફુરણ બ્રહ્મની સ્ફૂર્તિમાં લીન થઇ ગયાં હોય છે. આવા અભ્યાસનો પરિપાક થતાં બ્રહ્મની સ્ફૂર્તિ વિશેષ સ્થિર થઈ અંતે ભાવનાના વિષયરૂપ બ્રહ્મનો નિરાવરણ સાક્ષાત્કાર થઇ પુરુષ કૃતાર્થ થાય છે. "હું બ્રહ્મ છું" આવા સૂક્ષ્મોચ્ચારણસહિત પોતાના ત્રણ શરીરના અધિષ્ઠાનરૂપ બ્રહ્મનો નિરંતર વિચાર કર્યા કરવાથી, અને "આ સર્વ દશ્ય બ્રહ્મ છે" એવા સૂક્ષ્મોચ્ચારણપૂર્વક પ્રતીત થતા જગતના અધિષ્ઠાનરૂપ બ્રહ્મનો નિરંતર વિચાર કર્યા કરવાથી, અભ્યાસીને પ્રતિબંધકોની નિવૃત્તિ થઇ બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. આવો અભ્યાસ ચલાવતી વેલા દેહાદિ જડમાં આત્માના નિશ્ચયનો ઉદય થવા દેવો નહિ, ને તેવો નિશ્ચય કદાચ ઉદય થાય તો તેને તુરત દૂર કરવા પ્રયત્ન સેવવો, અને જગતમાં સત્યપણાનો નિશ્ચય પણ ઉદય થવા દેવો નહિ, ને તેવો નિશ્ચય કદાચ ઉદય પામી જાય તો તુરત તેને સાવધાનતાથી દૂર કરી નાંખવો.

૧૦૯. બ્રહ્મસાક્ષાત્કાર. નિદિધ્યાસનનો સંપૂર્ણ પરિપાક થવાથી અભ્યાસીના અંતઃકરણને સર્વત્ર-પોતાના શરીરની અંતર અને બહાર—એકરસ અખંડ સચ્ચિદાનંદઘન બ્રહ્મનું નિરાવરણ સ્પષ્ટ ભાન થાય તે બ્રહ્મસાક્ષાત્કાર કહેવાય છે. આ વેળા પોતાનાં સ્થૂલાદિ ત્રણે શરીરો અને સ્વશરીરથી ભિન્ન બહારના સર્વ પદાર્થો કોઇ સુશાંત ને પરમરમણીય અચલ પ્રકાશમાં વિલીન થઇ ગયેલાં અનુભવાય છે. અનુભવ કરનારી અંતઃકરણની વૃત્તિ પણ તે મહાપ્રકાશમાં વિલીન થઈ જાય છે. તે મહાપ્રકાશની સ્ફૂર્તિવિના અન્ય કોઇનું તે વેળા અસ્તિત્વ હોતું નથી. પ્રબલ પ્રારબ્ધના ઉદયથી જ્યારે બ્રહ્મવેત્તાના અંતઃકરણની વૃત્તિ બહિર્મુખ થાય છે ત્યારે પણ તે વૃત્તિમાં ઓતપ્રોત થઇ ગયેલા બ્રહ્મનું શરીરની અંતર ને બહાર ક્યારેક ઝાંખું ને ક્યારેક વધારે સ્પષ્ટ દર્શન તે વૃત્તિને રહે છે. આવા બ્રહ્મવેત્તા પોતાના અંતઃકરણના નિરોધકાલે આનંદના મહાસાગરરૂપ બ્રહ્મમાં અભેદભાવે ભળી ગયેલા હોય છે, ને ફલભોગ આપનારા પ્રારબ્ધના વેગથી જ્યારે તેમનું અંતઃકરણ વ્યુત્થાન પામ્યું હોય ત્યારે પોતાને આનંદના મહાસાગરરૂપ બ્રહ્મના પરપોટારૂપે કે તરંગરૂપે અનુભવે છે. તેવે સમયે તેમના અંતઃકરણની વૃત્તિને શરીર ને જગત્ મિથ્યાપણાના નિશ્ચયપૂર્વક પ્રતીત થાય છે. તેમનું ચિત્ત પરમશાંત, પરમસુખી ને પરમતૃપ્ત હોય છે. તેમને આ લોકમાટે, પરલોકમાટે કે મોક્ષમાટે હવે કાંઈ કર્તવ્ય બાકી રહ્યું હોય એમ જણાતું નથી. તેઓ સર્વદા જ્ઞાનામૃતથી પરિતૃપ્ત રહે છે. તેમને કાંઇ પણ કર્તવ્યનો આભાસ પ્રતીત થતો હોય તો તે માત્ર એટલોજ પ્રતીત થાય છે કે કોઇ પણ પ્રકારના અભિમાન કે સ્વાર્થવિના જે જ્ઞાનામૃતનું પાન કરી પોતે પરિતૃપ્ત થયા છે તે જ્ઞાનામૃતનું પાન કરાવી દુઃખના પોકારો કરતા અજ્ઞાની જીવોને પરમાનંદરૂપ કરવા. અંતઃકરણની નિર્મલતાના, એકાગ્રતાના ને જ્ઞાનના પ્રાસાદપર સર્વદા નિર્ભયપણે પરમાનંદરૂપે વિરાજતા તે મહાત્મા આ જગત્માં સર્વદા ધન્યવાદને પાત્ર છે, પૂજનીય છે, ધ્યેય છે, ને જ્ઞેય છે.

મહામંત્રોના જપનો મહિમા.

ગરબી.

મહામંત્રોના જપનો મહિમા સાંભળો,
એ મહામંત્રો સિદ્ધ કરે સૌ કાજ જો;
ધન ધાન્ય સ્થાન મળે એ મંત્રથી,
દૂર થાય સૌ ભયપ્રદ દુઃખસમાજ જો. મહા૦ ૧

રહે નીરોગ શરીર સદા આ મંત્રથી,
તનમાં પ્રકટે સાત્ત્વિક શુભ્ર પ્રકાશ જો;
સાત્ત્વિકબલથી યુક્ત ઇંદ્રિયો રે' સદા,
થાય તેમના અનુચિત બલનો નાશ જો. મહા૦ ૨

અકામકર્મે મનનો વેગ વધે ઘણો,
તેથી થાયે તે કર્મો શુભ રીત જો;
મનનો મેલ ટળે છે તે કર્મોવડે,
દૂર થાય સૌ વિચાર જે વિપરીત જો. મહા૦ ૩

નિત્યે મનમાં નિર્ભયતા નવલી વધે,
ક્ષોભરહિત મન તેથી નિશ્ચય થાય જો;
વ્યવહારતણી શુદ્ધિ સેવાયે સર્વદા,
જ્ઞાનયોગમાં દૃઢતા વધતી જાય જો. મહા૦ ૪

દાન સુપાત્રે થાયજ સુપ્રીતિવડે,
બંને ઇંદ્રિયગણ સુશાંત જણાય જો,
વિધિવત્ યજ્ઞો વિવિધ થયા કરે,
સ્વાધ્યાયે પણ મનની પ્રીતિ થાય જો. મહા૦ ૫

તપમાં આદર નિત્ય વધતો રહે,
મનવાણીમાં આર્જવ બહુ દર્શાય જો;
પ્રેમ વિશુદ્ધ રહે મનમાં તેથી કરી,
કોઇ પ્રાણીની હિંસા કદી ન થાય જો. મહા૦ ૬

રત રે' વાણી સતભાષણુવિષે,
સહનશીલતા નિત્યે વધતી જાય જો;
ઉત્સાહ રહે વિષયના ત્યાગમાં,
મનમાં શાંતિ નિત્ય નવી દેખાય જો. મહા૦ ૭

ચાડી કદીએ કરવી નિશ્ચય ના ગમે,
મનમાંથી વહે દયાતણું શુભ પૂર જો;
પદાર્થપ્રાણીની લાલચ લેશ રહે નહિ,
દૃશ્યસત્યતા મનથી થાયે દૂર જો. મહા૦ ૮

કોમલતા વધવા માંડે છે મનવિષે,
અકાર્યમાં રહે લોકલાજનુ ભાન જો;
અયોગ્ય ચપલતા તનથી દૂર થયા કરે,
પ્રતાપતણું નિત્ય વધતું જાયે તાન જો. મહા૦ ૯

ક્ષમા શુચિતા વધવા માંડે વેગથી,
થાય પ્રાણીના દ્રોહતણો પણ નાશ જો;
અભિમાનનો અંશ રહે નહિ મનવિષે,
દંભીપણાનો થાયે સઘ વિનાશ જો. મહા૦ ૧૦

વધે પૂર શ્રીસદ્‌ગુરુની ભક્તિતણું,
સન્માર્ગમાં દૃઢતા વધતી જાય જો;
મન ને ઇંદ્રિય સર્વે વશ વર્તે બહુ,
વિવેકવિરાગજ સ્થિર થતા દેખાય જો. મહા૦ ૧૧

જગમાં જે વિષયો નિત્યે નજરે ચઢે,
જે વિષયોનું શ્રવણ થાય નિજ કાન જો;
તે સૌ વિષયો દોષભર્યા ભાસે સદા,
લેશ ન રમ્યપણાનું તેમાં ભાન જો. મહા૦ ૧૨

દૃશ્ય ચરાચરમાં સમભાવ સદા રહે,
વિષયભાવ તો ચિત્તમાં ન મળે લેશ જો,
અનન્યભક્તિ અડગ વળી પ્રભુની વધે,
કરે ન તેથી કોઇ જીવનો દ્વેષ જો. મહા૦ ૧૩

વિષયી જનનો સંગ કદી નવ રુચતો,
નિર્જનદેશે કરવો ગમે નિવાસ જો;
મન પ્રીતિવાળું રે' બ્રહ્મના ધ્યાનમાં,
દૃશ્યથકી તે રહે સદાય ઉદાસ જો. મહા૦ ૧૪

શ્રદ્ધા વૃદ્ધિ પામે ગુરુ ને શાસ્ત્રમાં,
બલ ઉત્સાહનું નવલું પ્રતીત થાય જો;
આદરપૂર્વક યત્ન સદા ચાલુ રહે,
કર્તવ્યાંતજ તેથી તુરત જણાય જો. મહા૦ ૧૫

ત્રણ દેહની અસત્તા નક્કી કરી,
સાક્ષિપદમાં સત્તાને કરી સ્થિર જો;
ત્રણ દેહ ઈશ્વરના વળી મિથ્યા ગણી,
બ્રહ્મરૂપ સત્ ધાર્યું ધરીને ધીર જો. મહા૦ ૧૬

મહામંત્રનો મહિમા જાણ્યો અતિઘણો,
ત્રિવિધતાપ ત્યજી ભાળ્યો બ્રહ્માનંદ જો;
જ્ઞાનવડે નિવૃત્ત કરી અજ્ઞાનને,
કલ્પિત ટાળી ટાળ્યા સઘળા દ્વંદ જો. મહા૦ ૧૭

દોહરો.

માલા મહામંત્રોતણી, જે જપશે દિનરાત,
તેને કદી નહિ પીડશે, જન્મમરણુની ઘાત. ૧

ઇતિ શ્રીમહામંત્રમાલિકા સમાપ્ત.

બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રીનથુરામશર્માકૃત પુસ્તકો.

શ્રીઉપનિષદો. (ઈશોપનિષદ્થી કૈવલ્યોપનિષદ્સુધીની બાર ઉપનિષદો તથા માંડૂક્યોપનિષદ્ઉપરની ભગવાન્ ગૌડપાદની કારિકા મૂલ તથા ગુજરાતી ટીકા અને ૧૦૬ ઉપનિષદોનો ગુજરાતીમાં સાર.) બીજી આવૃત્તિ. રૂ. ૫-૦-૦ વેદાંતદર્શન. પાકાપુંઠાનું. રૂ. ૩-૮-૦ વેદાંતદર્શન. કાચાપુંઠાનું. રૂ. ૩-૦-૦ શ્રીમદ્ભગવદ્ગીતા, પદચ્છેદ, અન્વય, પદાર્થ ને રહસ્યદીપિકાટીકાસહિત. ત્રીજી આવૃત્તિ. રૂ. ૨-૪-૦ પાતંજલયોગદર્શન, પદબોધિનીનામની સંસ્કૃતભાષાની તથા રહસ્યદીપિકાનામની ગુજરાતીભાષાની આધ્યાત્મિકી ટીકાસહિત. ત્રીજી આવૃત્તિ. રૂ. ૨-૪-૦ સાંખ્યદર્શન સટીક. રૂ. ૧-૪-૦

યોગકૌસ્તુભ. ત્રીજી આવૃત્તિ. રૂ. ૧-૪-૦ પરમપદબોધિની. ત્રીજી આવૃત્તિ. રૂ. ૦-૧૨-૦ સંધ્યાનો વેદાંતાનુસાર વિચાર. રૂ. ૦-૦-૬ નાથ સ્વરોદય. ત્રીજી આવૃત્તિ રૂ. ૦-૨-૬ ગેબી વાણીનું સ્પષ્ટીકરણ બીજી આવૃત્તિ. ૦-૧-૦

મનુષ્યમિત્ર. બીજી આવૃત્તિ. રૂ. ૦-૪-૦ સ્વાભાવિકધર્મ ત્રીજી આવૃત્તિ રૂ. ૦-૨-૬ સુબોધકલ્પલતા બીજી આવૃત્તિ. રૂ. ૦-૮-૦ સદુપદેશદિવાકર પ્રથમ કિરણ. બીજી આવૃત્તિ રૂ. ૦-૧૨-૦ સદુપદેશદિવાકર દ્વિતીય કિરણ. ૦-૧૨-૦ સદુપદેશદિવાકર તૃતીય કિરણ. રૂ ૦-૧૨-૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૧ થી ૧૦. રૂ. ૦-૪-૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૧૧ થી ૨૫. બીજી આવૃત્તિ. રૂ ૦-૮-૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૨૬ થી ૩૫. રૂ ૦-૮-૦ અંતર્યામીના આદેશો. સોનેરી નામવાળા કપડાનાં પૂંઠાના. રૂ ૦-૧૦-૦ અંતર્યામીના આદેશો. રેશમી પૂંઠાના. રૂ. ૦-૮-૦ યોગપ્રભાકર. બીજી આવૃત્તિ. રૂ. ૦-૨-૬ શ્રીમદ્ભગવદ્ગીતા સરલટીકાસહિત. બીજી આવૃત્તિ. રૂ. ૦-૩-૬ પ્રશ્નોત્તરરૂપ વિવિધ ઉપદેશ બીજી આવૃત્તિ રૂ. ૦-૩-૬ ગીતાદિ પંચરત્ન સટીક. ભિન્ન ભિન્ન જાતનાં પૂંઠાંવાળાં. રૂ. ૦-૭-૦, ૦-૭-૦, ૦-૬-૦ રાસપંચાધ્યાયી ભક્તિપક્ષની તથા જ્ઞાનપક્ષની વિસ્તૃત ટીકાસહિત. રૂ. ૦-૭-૦, ૦-૫-૬ પ્રણવપદ. ત્રીજી આવૃત્તિ. રૂ. ૦-૨-૦ પ્રણવવિસ્તારપદ. બીજી આવૃત્તિ. રૂ. ૦-૨-૦ નાથકાવ્ય. રૂ. ૦-૫-૦ સદુપદેશમાળા પ્રથમ ભાગ. રૂ. ૦-૩-૬. પત્રકલ્પમંજરી. રૂ. ૦-૩-૦ વિનોદમાળા. રૂ. ૦-૫-૦ દુરાચારશિક્ષણ રૂ. ૦-૨-૬

ઉપર લખેલાં સર્વ પુસ્તકો નીચે લખેલે સ્થળેથી રોકડા દ્રવ્યથી વા વેલ્યુપેએબલ બુકપોસ્ટથી મળી શકશે:—

વ્યવસ્થાપક, આનંદાશ્રમ. બીલખા. કાઠિયાવાડ.